(1.) As it had been decreed by Providence that Shâhpûr, son of Artakhshîr, should go to that city, one day he went out to hunt, and in pursuit of game proceeded with nine horsemen to the town in which that maiden lived. (2) It so happened that the maiden was sitting on the top of a well, drawing water from it and giving it to quadrupeds. (3) The peasant had gone out on some business. (4) When the maiden saw Shâhpûr and the horsemen, she rose and saluted them and said: "you have honoured this place in health, good spirits and safety! Be pleased to take a seat, this place is charming, the shade of trees is pleasant, and the day is hot: I will draw water so that you and your horses may drink." (5) Shâhpûr lost his temper owing to fatigue, hunger and thirst, and said: "Away with you, unclean strumpet! we cannot use the water you draw." (6) The damsel went away aggrieved and sat aside. (7) Shâhpûr ordered his followers to throw the bucket into the well and draw water so that they might drink after repeating the Vâj (grace) and give it to their horses. (8) The horsemen did so, and threw the bucket into the well: but the bucket being large and full of water, could not be drawn up by them. (9) The maiden was observing the scene from a distance. (10) When Shâhpûr saw that the horsemen could not draw up the bucket from the well, he grew angry and went himself to the top of the well, and reviling the horsemen, said: "shame and disgrace be upon you, since you have proved weaker and less skilful than a woman"! (11) He took the rope from the hands of the horsemen, and applying his force to it, drew up the bucket from the well. (12) The damsel was astonished at the strength, skill and vigour of Shâhpûr. (13) No sooner did she see this than to display her own vigour and skill and her qualification in feats of strength she drew up her bucket from the well; and running towards Shâhpûr she made obeisance, invoked blessings on him, and said, "may you be immortal, O Shâhpûr, son of Artakhshîr, the noblest of men!" (14) Shâhpûr smiled, and asked the maiden how she knew that he was Shâhpûr. (15) The maiden said: "I have heard from many persons that in Persia there is not a single cavalier who can equal Shâhpûr, the son of Artakhshîr, in strength, vigour, stature, growth, beauty and activity." (16) Shâhpûr said to the maiden, "speak the truth: whose offspring are you?" (17) The maiden replied, "I am the daughter of the peasant who lives in this town." (18) Shâhpûr said: "you do not tell the truth, because daughters of peasants have not the accomplishments, strength, beauty, and grace which you have: now speak nothing but the truth or I will not believe you". (19) The maiden said: "If you promise to spare my life I will tell you the truth." (20) Shâhpûr said: "*I promise you* protection; do not be afraid." (21) The maiden replied, "I am the daughter of Mehrak, son of Nûshzâd, and have been brought to this place on account of the fear of Artakhshîr. Of the seven children of Mehrak none but myself has survived." (22) Shâhpûr summoned the peasant before him, wedded the maiden and passed the night with her.

CHAPTER XVIII.

THE DAUGHTER OF MEHRAK, SON OF NÛSHZÂD, GIVES BIRTH TO HORMAZD, SON OF SHÂHPÛR.]

According to the decree of Fate[1] that very night the lady became pregnant with Hormazd, son of Shâhpûr. (2) Shâhpûr treated her with love and respect and she gave birth to Hormazd, son of Shâhpûr. (3) Shâhpûr kept Hormazd concealed from his father until he was seven years old.

1. This event was predicted by Kaed-i Hindi, the king of Kanûj. Vide Chap. 16 § 5.

(4.) One day Hormazd went to the play-ground with the sons of the courtiers of Artakhshîr and began to play at Chûgân. (5) Artakhshîr happened to be there with the High Priest, the Commander-in-Chief of the army, and many nobles and grandees and was observing the game. (6) Hormazd excelled those youths in horsemanship, and feats of strength. (7) It so happened that one of them struck the ball with his 'Chûgân,' and the ball fell by the side of Artakhshîr. (8) Artakhshîr was not aware of the occurrence: the boys stood embarrassed, and owing to the awe of Artakhshîr none ventured to go near him. (9) But Hormazd audaciously went towards him, took up the ball, struck it back boldly, and uttered a cry of delight. (10) Artakhshîr made inquiries of his courtiers as regards the parentage of the boy. (11) They replied, "may your Majesty be immortal, we do not know this boy." (12) Artakhshîr sent some one and called the boy near him, and asked him whose son he was. (13) Hormazd said that he was the son of Shâhpûr. (14) He at once despatched a person and summoned Shâhpûr and asked him whose son that boy was. (15) Shâhpûr solicited protection. (16) Artakhshîr smiled and promised him protection. (17) Shâhpûr replied, "may your Majesty be immortal! He is my son, I had kept him for so many years concealed from you." (18) Artakhshîr said: "You have acted improperly. Why did you conceal such a beautiful child from me for seven years?" (19) He caressed Hormazd, presented him with many rich gifts and garments, and offered thanks to God. (20) He said: "This event has happened exactly as Kaid of India had predicted."

(21.) Subsequently when Hormazd ascended the throne, he succeeded in bringing the whole of Persia under his absolute control, and subdued the chiefs of the different provinces. (22) He exacted tribute and revenue from Rûm and India and made the kingdom of Persia very rich, famous and illustrious. The Kaisar of Rûm, the Kings of the Hindus

of Tâb[2] and Kâbul, the Khâkân of the Turks, and the rulers of other countries repaired to his court with offerings and felicitations.

COLOPHON.

(1) Completed with congratulations and pleasure and joy. (2) May the blessings of God be on the souls of the Emperor Artakhshîr, son of Pâpak, the Emperor Shâhpûr, son of Artakhshîr, and the Emperor Hormazd, son of Shâhpûr. (3) So be it! So mote it be!

(4) May the blessings of God be on the soul of Rustam son of Mehr-Avân, who has written this copy! So may it be!

(6) In the year of Yazdgard one thousand and fifty four (this book was written). May it be lucky. Amen! *

---

2. [Pahlavi] (Tâb) is the name of a city near Balkh or Bactria, which is known in history as 'Tâb' or 'Tabi' (Tabæ). Or perhaps it is the ancient city in Khurâsân which was known as زاوه (Zâva). Again the above word [Pahlavi] is written [Pahlavi] in one MS. and [Pahlavi] in another. If we read [Pahlavi] as 'Kahî' we find in Pers. کهی, کهیج, or کیج (Kahî, Kahîj or Kîj) the name of a fort near Makrân in Sistân. If we take 'Kahî' as the right reading the sentence may be thus translated:—"The Indian Kings of Kahî or Kahîj and Kâbul......"

* This last § 6 is found only in EK, EN. 1054 A. Y. is the year in which these were copied from MK or a copy of MK.

APPENDIX A.

(1.) * Then he ascended the throne of Ardavân and administered justice to all; He summoned in his presence the high and low officers of the army and the High priest, and addressed them thus: "In this illustrious kingdom which God has conferred on me I wish to be virtuous and just in all my acts, to restore the pure, holy Mazdayasnian religion, to protect the inhabitants of the world as if they were my children and to offer thanksgivings unto the Almighty Creator and Preserver, who has created all things, and made me king over the seven regions of the world and bestowed on me his gifts according to my deserts. (2) "And if you are pleased, be loyal and faithful to me, and I will be solicitous for your happiness and give justice even-handed. I will levy from you a tax equal to one-tenth† of your income, and from the revenue that is so raised organize an army for the protection of all my subjects. And I will levy a duty of six per cent on all sorts of oil. And all this I will do with an eye to justice and I will not buy or sell like traders, and will offer thanks unto God that he has conferred this kingdom upon me; and I will perform good actions and abstain from all evil thoughts, words and deeds so that I may rejoice in happiness and be virtuous, victorious and successful."

May the soul of the emperor Artakhshîr who has addressed these words of wisdom be blessed! Finis.

---

* An account, similar to the one in this Appendix is given in the Shâhnâma under the following heading:—"Dâstân-i Khiradmandî-i Ardashîr va Kârnâma-i û dar bâr-i bandûbast-i ryâsat."

† The levy of tithes has been a custom of very ancient date. The Muhammadans have continued the same custom after the overthrow of the Zoroastrian monarchy. Cf. Sa'di:—

چو دشمن خر روستائی برد   ملک باج و ده یک چرا میخورد

દીબાચો.

પ્રકરણ ૧લું.

"કારનામા"ની બાબતમાં.

પુરાતન ઇરાન દેશના સાસાની તબક્કાનો યાને બીજી મોટી પાર્સી પાદશાહાતનો પાયો નાખનાર મહાન પાદશાહ અર્દશીર બાબકાનનો જેટલો હેવાલ પેહલવી અને બીજાં પુરાણાં પુસ્તકોમાંથી મળે છે તેટલો બીજા કોઇ પાદશાહનો મળતો નથી. ઇસ્વી સનની ત્રીજી સદીની શરૂઆતમાં ઇરાનનું મોટું રાજ્ય સ્થાપનાર એ નામચીન પાદશાહે પાનશોથી છશો વરસોની લાંબી મુદત પછી પાર્સી નામ અને કોમને એક વાર ફરીને જીવતું અને જાગતું કીધું હતું તથા પવિત્ર જરતોસ્તી મજહબને સદાના અંધકારમાં ગૂમ થઇ જતો બચાવી લેવાની અને નેકી તથા નીતિની તેજસ્વી રોશનીમાં પાછો પ્રકાશિત કરવાની બનતી કોશેશ કીધી હતી. જેમ હખામની તબક્કાની પહેલી પાર્સી શહેનશાહાતનો પાયો નાખી પાર્સી કીર્તિને સુધારનાર અને ઇસ્વી સનની પૂર્વે છઠી સદીના તે જમાનામાં આખા એશિયાખંડમાં તેમજ યુરોપ અને આફ્રિકાના થોડા થોડા ભાગો ખાતે પોતાનાં રાજ્યની ધજા ઉડતી કરનાર મહાત્મા કાઇરસ અથવા કુરશ પાદશાહ પ્રખ્યાત થયો છે, તેમ તેની પછી આઠશો વરસે તેવીજ જાહોજલાલી ભરેલી પાર્સી પાદશાહાતને રોનક આપનાર અને તે જમાનાની દુનિયામાં પાર્સી બળ અને અમલનો ધાક પાંથરનાર અર્દશીર બાબકાન હતો. એ નામદાર પાદશાહે પોતાની કોમને અને પોતાના પાક મજહબને અર્ધા જુદદીન બની ગયલા અને અર્ધા તુરાની ગણાતા પાર્થ્યન અથવા અસ્કાન્યન લોકોના અમલના જુલમાતમાંથી છોડવીને તેમને સ્વતંત્ર કીધાં હતાં, અને તે એકજ કામ એટલું બધું મહાભારત હતું, દેશની સેવા બજાવનાર એક ખરા પેહલવાનને છાજતું તે એક એવું પરાક્રમ હતું, કે જેને થકી આજ નજદીક બે હજાર

વરસો થયાં તોપણ અર્દશીર બાબકાનનું નામ પાર્સી કોમમાં સદા તાજુ અને યાદગાર રહી ગયું છે. તેનાં એ કામને થકી—તેણે દેશ અને દીનની બજાવેલી એ મોટી સેવાને થકી—આજનાં આપણાં ભણતરમાં તેનું નામ દરેક જરતોસ્તી મકાનમાં, આફ્રીનગાનની દરેક ક્રિયાવેળા, માન અને ચાહસાથ યાદ કરવામાં આવે છે અને તેનાં અશો ફરોહરની મદદ ચાહાવામાં આવે છે.[૧]

એવા નામચીન પાદશાહની કારકિર્દી મહાભારત હતી, અને તેથી એક તરફથી જગપ્રસિધ્ધ શાયર ફિર્દૌસી તુસીનાં શાહનામામાં અર્દશીરનાં લડાયક કામો અને ફતેહો અને પરાક્રમોનાં બયાનો કરેલાં છે, ત્યારે બીજી તરફથી પેહલવી પુસ્તકોમાં તમની સહેજ નોંધ લીધેલી છે. પણ આ પેહલવી પુસ્તકોમાંનું એક જોકે કદે નાનું છે તોપણ તે તમામ અર્દશીરની કારકિર્દીની થોડી થોડી તફસીલથીજ ભરેલું છે. તે "**કારનામ એ અર્તક્ષીરે પાપકાન**" એ નામે ઓળખય છે, અને તેજ પેહલવી પુસ્તક ઉપરથી આ અમારાં હાલનાં પુસ્તકે જન્મ લીધો છે. પણ એ બાબતના સંબંધમાં એક વાત જાણવાજોગ છે અને તે એ કે જે કારનામું અથવા "કારકીર્દીનું બયાન" આ પુસ્તકમાં અમે ઉતારી લીધું છે તેમાં એ નામવર શેહનશાહનાં સર્વ કામોનું જેમ વર્ણન કરેલું નથી તેમ તે કંઇ તેનાં વૃત્તાંતનું અસલ પુસ્તક પણ નથી. હાલ "કારનામા"નાં નામથી જે પેહલવી પુસ્તક આપણીકને મોજુદ છે તે લડાઇના બનાવો વગેરે કેટલીક બાબતોમાં નાકેસ અને અશુધ્ધ છે; અધુરૂં અને ખાંમી ભરેલું છે, એમ કબૂલ કરવાની અમારી ફરજ છે. પણ તે તેવું છે તેનો ખાસ સબબ એ છે કે આ પુસ્તક અસલ કારનામું પોતે નથી, પણ અસલ પુસ્તક ઉપરથી ઉપજાવી કહાડેલો તેમાંની મુખ્ય બાબતોનો માત્ર સારાંશ છે. આમ કાંઈ અમે પોતેજ કહેતા નથી; અમારી આગમજ ડૉ૦ હાઉગ જેવા વિદ્વાનોબી એમજ કહી ગયા છે; અને એમ કહેવાનો મજબૂત આધાર પણ છે તે એ કે આ હાલ હૈયાત રહેલાં "કારનામા"માં શરૂઆતમાંજ એક વાક્ય લખેલો છે, જે ઉપરથી ખુલ્લું સાબેત થાય છે કે અસલમાં અર્દશીર બાબકાનની કારકિર્દીનું નામુ તો કોઈ બીજુંજ હતું, અને તે ઉપરથી આ પુસ્તક ઉતારો કરેલું—અથવા બરાબર બોલિયે તો સંક્ષિપ્ત કરેલું--છે. હાલનાં મોજુદ પેહલવી કારનામાની શરૂઆતમાં તેનો લખનાર આ મુજબનો વાક્ય લખે છે:—"અર્તક્ષીરે પાપકાનનાં કારનામકમાં આ પ્રમાણે લખેલું છે." અને આમ જણાવીને તે પોતાનું બયાન શરૂ કરે છે. એ ઉપરથી શું સિધ્ધ થાય છે? એટલુંજ કે "અર્તક્ષીરે પાપકાનનું કારનામક" તે આ નહિ પણ કોઈ બીજુંજ હતું, અને તેમાંથી લખનારે "આ પ્રમાણે" નો ઉતારો કીધો હતો.[૧] વળી આ મોજુદ પેહલવી પુસ્તકની ભાષા બીજાં પેહલવી પુસ્તકો જેવી મુશ્કેલ નહિ પણ સહેલ છે; એમાં અર્દશીરનાં કામો બહુ ટુંકમાં ઉતારી લીધાં છે; એમાં મુખ્ય નેમ નેકીની ફતેહ અને બદીની શિકસ્ત દેખાડવાની રાખી છે; એમાં જેમ ભાષાની રંગીનતા ઉપર તેમજ લડાઈઓની લંબાણ વિગતો ઉપર બહુજ થોડું ધ્યાન આપ્યું છે:—આ અને એવાંજ બીજાં કારણો ઉપરથી અમને એમ લાગે છે કે અર્દશીર પછીના પાછલા જમાનાઓમાં બાળકોને તાલીમ આપવા માટે આવું એક સંક્ષિપ્ત પુસ્તક બનાવવાની જરૂર જણાઇ હોય, અને તેથી આ નાનું કારનામુ લખાયું હોય.

આ નાનાં પુસ્તકમાં સઘળા મળીને ૫૬૦૦ પેહલવી શબ્દો છે, અને એટલા શબ્દોમાં અર્દશીર, તેના બેટા શાહપુર અને નબીરા હોરમજદ (જેઓ પાછલથી પાદશાહી તખ્ત ઉપર બિરાજ્યા હતા)ની નસલ, શાહજાદા સાસાનની ગરીબ હાલત, પાર્સનો પાદશાહ બાબક, તેનો ઈરાનના પાદશાહ અર્દવાન સાથનો સંબંધ. અર્દશીર ઉપર અર્દવાનના મેહેલમાં ગુજરેલી આફત, શાહજાદી ગુલનાર સાથની તેની નાસભાગ, તેને મળેલી ગેબી મદદ, અર્દવાન અને તેના બેટાઓનો પરાજય, અર્દશીરનું ઇરાનનો શેહેનશાહ થવું, નાના હાકમો સાથની તેની લડાઈઓ, બુતપરસ્તી સામેની તેની લડત, તેની રાણી (અર્દવાનની બેટી) એ તેને આપેલાં જેહેરની કહાણી અને તેનું પરિણામ, શાહજાદા શાપુર તેમજ શાહજાદા હોરમજદ સાથ પાદશાહનો અજાયબ સંજોગે થયલી ભેટો, એ સઘળું આ નાનકડાં પુસ્તકમાં ટુકમાં સમાવ્યું છે, જે પછી તેનું શેવટ આવે છે.

---

૧ [illegible] (આફ્રીંગાન તથા ધૂપ નારંગ.)
[illegible] (આફ્રીને રપીથ્વન.)

૧ "અંજુમન આરાએ"માં જણાવે છે કે અર્દશીરે "કારસ્તાન" નામની એક કેતાબ બનાવી હતી, કે જેને "કારનામું" કરીને પણ કહેતા હતા. શું એજ પુસ્તક અસલનું આજે ગૂમ થયલું મોટું કારનામું હશે? "નામે ખુસ્રવાન"માં પણ લખે છે કે તેણે "કારનામુ" બનાવ્યું હતું, અને તે કરતાં વધારે મોટી કેતાબ "કારસ્તાન" નામની હતી.

હવે શાહનામાના વાંચનારાઓને અર્દશીર બાબકાનની આટલી વિગતો અલબત ઘણી અધુરી લાગશે, કેમકે એ નામચીન અનોશેહ રવાન પાદશાહનાં બીજાં ઘણાં કામોની નોંધ ઉપલા ગ્રંથમાં દાખલ થવા પામી નથી એ ખરૂં છે. હવે ફિર્દુસીએ પોતાનો હેવાલ વિગતવાર લખ્યો છે તે માટે તેને કાંઈ આધાર હોવો જોઇયે. ખરી વાત છે કે તેણે "બાસ્તાન નામુ"[૧] એ નામના ગ્રંથની મોટી મદદ લીધી હતી, કે જેમાં ઇરાન સરજમીનના પાદશાહોનું બયાન ભેગું કરેલું હતું એવી હકીકત આજ સુધી જાહેર છે. પણ એ પુસ્તક ઉપરાંત અગર જો ફિર્દુસીના જોવામાં અર્દશીર બાબકાનનાં મોટાઈ ભરેલાં કામોનું વિગતવાર બયાન કરનાર અસલ "કારનામુ" આવ્યું હોય તો તે બનવા જોગ છે. તે વગર પોતે લખ્યું છે તેવું સહી બયાન ફિર્દુસી લખવાને કદી શક્તિવાન થઈ શકે નહિ. તેનું બયાન એટલામાટે સહી દીસેછે કે અર્દશીર બાબે જે હકીકતો રૂમી અને અર્માની ગ્રંથકારો આપી ગયાછે તે સાથ ફિર્દુસીએ આપેલો હેવાલ ઘણી રીતે મળતો આવે છે. આ બિના સિધ્ધ કરી આપે છે કે અસલ કારનામું મોજુદ નાના ગ્રંથ કરતાં ઘણું મોટું હોવુંજ જોઇએ, અને તે ઉપરથીજ ટુકમાં સાર ખેંચીને એ કારનામું પાછલા વખ્તમાં બનાવવામાં આવેલું હતું. જે વિદ્યાર્થીઓ અને ફાર્સી ભણેલા સાહેબોને અર્દશીરની કારકિર્દીનું વિગતવાર બયાન વાંચવાનો શોક હોય તેમને થકી આ પુસ્તકની શેવટે અમે ફિર્દુસીએ અર્દશીર બાબે આપેલું તમામ બયાન ઉતારી લીધું છે, કે જેમાં આવેલા બનાવો સાથ અસલ પેહલવી લખાણમાંની વાતોની સરખામણી કરી શકાશે.

આ નાનું કારનામુ પેહલવી ભાષામાં ક્યારે લખાયું તે નકી કરવું મુશ્કેલ છે. પણ એટલું તો નકી ઠરે છે કે અસલ મોટાં કારનામા ઉપરથીજ જ્યારે એને ઉપજાવી કહાડેલું છે ત્યારે તે પછી કેટલીએક મુદ્દતે તે રચાવું જોઈયે. હવે કારનામામાં પાદશાહ અર્દશીરના નબીરા હોરમજદ સુધીનું બયાન આવેલું છે ત્યારે અસલ પુસ્તક જલદીમાં જલદી અર્દશીરના જમાના પછી બનેલું હોવું જોઈયે, માટે નાનું કારનામુ તે પછી ઘણે વરસે લખાયલું હોવું જોઈયે. તોપણ આ નાનું પુસ્તક પેહલવી ભાષા

---

૧ તવારીખ સંબંધી આપણા દેહકાનોના પુરાણાં લખાણોને, 'બાસ્તાન નામેં' ઉપરાંત 'નામએ ખુસ્રવાન' તથા 'ખુદાઇનામે' કરીનેબી કેહવામાં આવેલાં છે.

લખવા પઢવાનો ઇરાનમાં રેવાજ હતો તેજ મુદ્દતમાં બનેલું હોવું જોઈયે. અને જ્યારે તેના ઉપરથી યુનાની અને અર્માની લખનારાઓ અર્દશીરની કેટલીક બાબતો ઇસ્વી સનની આઠમી સદીમાં લખી ગયલા કહેવાય છે, ત્યારે એ મુદ્દતની આગમજ આ કારનામુ બનવું જોઈયે, એટલુંજ નહિ પણ યજદેજર્દ શહેરિયારના જમાનાની આગમજ તે હસ્તીમાં આવી ચુકેલું હોવું જોઇયે. ખરેખરા મહાન પાદશાહ નોશેરવાનનો જમાનો ઇરાનમાં "સોનેરી જમાનો" હતો કે જે વખ્તે આ આદેલ પાદશાહની દરબાર દેશ પ્રદેશના ઓલમાઓ અને પંડિતોથી ભરાઇ જતી હતી, જેમની જોડે તે પોતે અને તેના વજીરો અને દાના દસ્તુરો ફિલસુફીની અને એલમની તકરારમાં મશગુલ થતા હતા; કે જે જમાનામાં સંખ્યાબંધ પેહલવી પુસ્તકોના યુનાની અને સંસ્કૃત અને બીજી ભાષાઓમાં તરજુમા થયા હતા, તેમજ યુનાની અને સંસ્કૃત વગેરે પુસ્તકોના તરજુમાઓ પેહલવી ભાષામાં થયા હતા. એટલા માટે અમને લાગેછે કે તે અદલ ઇનસાફી બુજર્ગવાર શેહનશાહ નોશીરવાનના અમલને દરમ્યાન આ નાનાં કારનામાની ઉત્પત્તિ મોટાં ઉપરથી થઇ હશે, અને તે વેળા દેશમાં પાદશાહે ઠેકાણે ઠેકાણે નિશાળો સ્થાપી હતી અને બાળકોને તાલીમ આપવાની તાકીદ ફરમાવી હતી, માટે તેવી તાલીમને થકી આ નાનું કારનામુ જન્મ લેવા પામ્યું હશે.

હવે આ પુસ્તકના સંબંધમાં અમને એક બાબત જણાવવાની રહી છે, અને તે તેની જે પુરાણી નકલ ઉપરથી અમે ઉતારો કીધો છે તે વિષે છે. કારનામાની કેટલીક નકલો થયલી છે, પણ તે સઘલી એકસરખી નથી. કેટલીક અધુરી અને ખામી ભરેલી છે, એટલા માટે તે નાકેસ અને ઓછા વજનને લાયકની છે. તેવી નકલો ઉપર અમે આધાર બાંધવાનું વાજબીની રાહે દરૂસ્ત ધાર્યું નથી. અમે એ બાબતમાં ઘણી સંભાળ લીધી છે, અને વિદ્યાર્થિઓના હાથમાં એક ખરેખરો સહી લેખ (Text) મૂકવાની નેમથી અમે પુરાણીમાં પુરાણી નકલની શોધ ચલાવી છે, અને તે મેળવવામાં ફતેહ પામ્યા છિયે. આ ઠેકાણે વગર હરકતે કહી શકાશે કે જે પુરાણી નકલ ઉપરથી અમે અમારો લેખ લીધો છે તેવી નકલ એકથી વધારે છેજ નહિ, અને તે ઉપરથી આજ સુધી કોઇપણ પુસ્તકમાં ઉતારો થયોજ નથી. અમારી પોતાની કનેની નકલ ઉપર અમને વિશ્વાસ નહિ આવ્યાથી બીજી થોડીક નકલોની અમે મદદ લીધી, પણ તેઓમાં ફેરફાર જણાયાથી દસ્તુરજી સાહેબ ડાકટર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ-

આસાના કનેની નકલ અમે અમારી મદદમાં લીધી. જે બહુ પુરાણી નકલ વિષે અમે ઉપર ઇશારો કીધો છે તે એજ દસ્તુર જામાસ્પજી વાળી નકલ છે, કે જેને અમે અમારા આ પુસ્તકમાં સરખામણી કરતી વેળા એમ. કે. (MK) ને નામે ઓળખી છે. એ જુની નકલ ઉતારનારે પોતે લખેલાં બીજાં પુસ્તકોની સેવટે જે Colophon આપયા છે તેમાં પોતાનું નામ નિશાન અને નકલ કરવાનું ઠામ ઠેકાણું તથા વરસ આપ્યાં છે, તેમાં આ નકલ કરનારનો સને યજદજરદી ૬૯૧ જોવામાં આવે છે.[૧]

આ ઉપરથી જણાશે કે **દસ્તુર જામાસ્પજીવાલી નકલ છેક ૬૯૧ યજદેજર્દી** એટલે આજે **બરાબર ૫૭૬ વરસની જુની છે,** કે જેવી જુની બીજી એક પણ નકલ ગણાતી નથી. પોણીછશો વરસોની વાત ઉપર આ નકલ કરનાર મહેર–આબાન કેખુસરો નકલ લેનાર દાખલ જાણીતો છે. તેણે ઈજશ્ને તથા વંદીદાદની સૌથી જુની નકલોના પણ એજ મિસાલે ઉતારા કરેલા છે અને તેની કરેલી એ નકલો હાલ યુરોપમાં મોજુદ છે.

હવે દસ્તુર જામાસ્પજીવાળી ઉપલી પુરાણી નકલ આજ નજદીક છશો વરસની હોવાથી તે કેટલેક ઠેકાણેથી ખવાઈ ગઈ છે, અને તેથી ચોકસ ભાગો ઉકલાવી શકાતા નથી ત્યારે થોડાક શબ્દો તો સદંતર ખવાઇ ગયા છે. પણ આ ખામી સુધારવાને પણ અમે શકિતવાન થયા છિયે. દસ્તુરજી સાહેબની ઉપલી જુની નકલ ઉપરથી આજે ૧૩૦ વરસોની વાત ઉપર એક નવી નકલ ઉતારી લેવામાં આવેલી છે, જેમાં ઉપલા ખવાઈ ગયલા શબ્દો જળવાઇ રહેલા છે, અને તેથી એ નવી નકલ અમને મદદમાં લેવી પડી છે, કે જેને અસલ સાથ સરખાવી જોતાં તે દરેક રીતે જુની નકલને મળતી આવે છે. આ જુની નકલમાં અર્દશીર બાબ–કાનના કારનામા ઉપરાંત "યાદગારે જરીરાન", "ઈરાનનાં શેહેરો", "સીસ્તાન શેહેરની અજાયબી", "ખુસરોએ કવાતાન", "મજદયસ્નાનોને શિખામણ", "અંદર્જે ખુસરૂ કવાતાન", "આદર ફરોબગ ફરોખજાદ અને બખ્ત આફરીદનું કહેલું લખાણ" દાખલ કરેલું છે.

આવી એક સર્વથી જુની ગણાતી નકલ ઉપરથી અમે આ પુસ્તકમાં અમારો લેખ લીધો છે, અને તેથી તે વિદ્યાર્થીઓને માટે બીજાઓ કરતાં વધારે સહી અને ખાતરી ભરેલો ગણાવો જોઈયે.

૧. એ ધણીનાં લખાંણોમાંથી મલતા કોલોફોનો વીશે આ દીબાચાની સેવટે જુવો.

પ્રકરણ ૨જું

અર્દશીર બાબકાનની કારકિર્દીની ટુક નોધ.

શેહેનશાહ અર્દશીરની તવારીખ ઘણીજ રસીલી અને તેના મહાકર્મો માટે જાણવા જોગ છે. તેણે ઈરાન સરજમીન ઉપર પાર્સનાં એક નાનકડાં રાજ્ય ઉપરથી એક મોટી શહેનશાહત સ્થાપીને ઇસ્વી સને ૨૨૬થી ૨૪૦ સુધી જાહોજલાલી ભરેલો અમલ ચલાવ્યો હતો. તે બાબે અર્દશીરનાં પેહલવી કારનામામાં પુરતી વિગતો નથી, માટે આ ઠેકાણે તે વિગતોનો ટુક સાર નોધીશું.

અર્દશીર સાસાની વંશનો સ્થાપનાર હતો, અને એ ખાનદાની નામ તેના બાપ સાસાનનાં નામ ઉપરથી પડયું છે. આ સાસાનને માટે ઉગમણ તરફના લખનારાઓ એક આવાજે કહી ગયા છે કે તે એક કેયાની શાહજાદો હતો. ફિર્દુસી અને બીજા મહમદિયાન લખનારાઓ મુજબ તે નામીચા કેયાની પાદશાહ ગુસ્તાસ્પથી ઉતરેલો હતો. પણ અહીં ફિર્દુસી એકવાર ભૂલ્યો છે. ખુદ કારનામામાં જણાવ્યા મુજબ સાસાન દારાએ દારાનાં તોખમથી ઉતરેલો હતો. આ દારાએ દારા તે કોણ? તે કોઈજ નહિ પણ યુનાની સેકંદર (Alexander the Great) ના હાથ ઉપર શિકસ્ત પામી પોતાના વજીરોના હાથ ઉપર માર્યો ગયલો હખામની તબક્કાની પહેલી પાર્સી પાદશાહતનો છેલો કમનસીબ પાદશાહ હતો. એ બનાવ ઈ. પુ. ૩૩૦ માં બન્યો હતો. એ પાદશાહને તેમજ તેની આગમજ છેક અર્દશીર દરાજદસ્ત (Artaxerxes Longimanus) સુધીના એજ વંશના તમામ પાદશાહોને આજ પોણાશો વરસોની આગમજ થઇ ગયલા સઘળા તવારીખનવેશો કેયાની વંશનાજ ગણી ગયા છે, અને ફિર્દુસીએ પહેલવહેલી કરેલી એ ભૂલ ઉપરથી સઘલા તેની પછીના લખનારાઓ ભૂલાવો ખાઈ ગયા છે. પણ આજે ખિલ્લારોકી તખ્તીઓનાં ઉકળાણ પછી ખુલ્લું થયું છે કે હખામની વંશની પાદશાહત કેયાની વંશની પાદશાહતથી તદન અળગી હતી, અને બંને વંશો વચ્ચે સેંકડો વરસો વીતી ગયાં હતાં.

ઘણીખરી પેહલવી કેતાબોમાં અર્દશીરને સાસાનને બદલે ખુદ બાબકના પોતાના બેટા તરીકે ઓળખાવ્યો છે. એનું કારણ એમ હોવું જોઇયે કે બાબકને પેટે બેટાનું ફર્જંદ નહિ હોવાથી તેણે પોતાના આ નબીરાને

પોતાના તખ્તનો વારેસ પસંદ કીધો હતો. બાબકે પડાવેલા સિક્કાઓમાં પણ અર્દશીરને તેનો બેટોજ લખ્યો છે તેનું કારણ પણ એજ હોવું જોઇયે. અગરજો એમ નહિ હોય તો કારનામા અને શાહનામામાં સાસાનની બિના લખી છે તે ગલત ઠરે. બાબકની જે બેટી સાથ સાસાનની શાદી થઈ હતી તેણીનું નામ "સારેસ્તાને ચેહારચમન" મુજબ ચેહેરઆફરીદ હતું. ઈસ્તખર તે વેળા બાબકનાં રાજ્યનું પાયતખ્ત હતું અને ત્યાંજ અર્દશીરનો જન્મ થયો હતો.

હવે અર્દશીરના બાપ સાસાનને હખામની તબક્કાના સૌથી છેલા પાદશાહ દારાએ દારાનાં વંશથી ઉતરેલો ગણિયે તોબી તેની જે વંશાવળી મહમદ્દિયાન ગ્રંથકારો આપણને આપી જાય છે તે બહુજ અધુરી છે. ફિર્દુસી, અલબિરૂની, મસઉદી વગેરે મુજબ શાહજાદો સાસાન ગુસ્તાસ્પની દશમી પહેડીએ જન્મ્યો હતો. પણ ગુસ્તાસ્પનો જમાનો તે અશો પેગામ્બર સાહેબ હજરત જરતોસ્તનો જમાનો હતો, અને એ બેઉ પવિત્ર પાદશાહ અને પેગામ્બર ઇસ્વી પૂર્વે ઘણી સદીઓ આગમજ હૈયાતી ભોગવી ગયા હતા, (ડા૦ હાઉગ મુજબ ઇ. પૂ. ૨૪૫૮ વરસો ઉપર) અને સાસાનનો જમાનો ઇસ્વી સન પછી ત્રીજી સદીની શરૂઆતનો હતો; માટે આ સેંકડો બલકે હજારો વરસોની મુદત માત્ર દશ પેહેડીનીજ હૈયાતીની મુદત માની શકાય નહિ.

બીજા હાથ ઉપર બુન્દેહેશ્ન નામની પેહલવી કેતાબમાં આપેલી અર્દશીરની વંશાવળી પણ એવીજ બિનભરૂસેદાર છે. તેમાંબી અર્દશીરને ગુસ્તાસ્પના વંશથી નવમી પેહેડીએ ઉતરેલો જણાવ્યો છે. એજ રીતે વળી કારનામામાં અર્દશીરના બાપ સાસાનને દારા ઈબ્ન દારાબથી ઉતરેલો જણાવ્યો છે ત્યાંથી ગણતાં પણ અર્દશીર સુધી દશબાર પેહેડી જેટલીજ મુદત વીતેલી લાગતી નથી, કેમકે એ બંને વચે સાડી પાનશો વરસોની લાંબી મુદતનો ગાળો પડે છે, અને તેટલી મુદતમાં માત્ર દશબાર પેહેડીજ થઈ જાય એ કેવળ અસંભવિત છે. અમને લાગે છે કે દારાથી અર્દશીર સુધી ગણતાં ઓછાંમાં ઓછી ૧૭ સતર પેહેડી થવી જોઇયે.

ગમે તેમ હોય પણ અર્દશીર અસલ જે વડવાથી ઉતરેલો હતો તેનું નામ પણ સાસાન હતું, અને તેથી તેના વંશને "સાસાની" કહે છે. તેનો બાપ નાચાર હાલતમાં પાર્સમાં ત્યાંના અમીર અથવા નાના ખંડિયા રાજા બાબકની નોકરીમાં રહેલો હતો. ઇરાનમાં તે વેળા અર્દવાન નામે

પાદશાહનો અમલ હતો, કે જે અસ્કાની અથવા પાર્થ્યન વંશનો છેલો પાદશાહ હતો. તે ચોથા અર્દવાન (Artabanus IV.)ને નામે તવારીખમાં ઓળખાઇ ગયો છે. તેનો અમલ પ્રથમ ઇરાનના પૂર્વ ભાગમાં ચાલતો હતો, કેમકે તેના બાપનાં મરણ પછી તેના ભાઈ વલખશ (Vologeses) સાથ તેને વાંધો પડયાથી બંને ભાઈઓએ બાપિકો મુલક જેટલો જેના હાથમાં આવ્યો તેટલો પચાવી બેઠા હતા. તેઓના કબજા માંહેલાં પ્રાંતો ખાતે ખંડિયા રાજાઓ હાકમી ચલાવતા હતા, અને તેઓમાંનો એક પાર્સનો રાજા બાબક હતો, કે જે અર્દવાનને ખંડણી આપતો હતો.

હવે કારનામા ઉપરથી એવું જણાય છે કે અર્દશીર બાબકની બેટીનો બેટો હતો. સઘળા ફાર્સી ગ્રંથકારો પણ એમજ જણાવી ગયા છે. પણ કોઈબી ફાર્સી કે ખુદ પેહલવી પુસ્તકમાં એવું જણાવેલું અમારા જોવામાં આવતું નથી કે અર્દશીરે પોતાના મમાવા બાબકની હૈયાતીમાં તેની જોડેજ પાર્સમાં હકુમત ચલાવી હોય. શાહજાદો સાસાન પોતાના સસરાની હૈયાતીમાંજ મરણ પામેલો જણાય છે, અને બાબકને પેટે બેટાનું ફર્જંદ નહિ હોવાથી તેણે અર્દશીરને પોતાનો બેટો અથવા તખ્તનો વારેસ ઠરાવ્યો હતો એ વાત ખરી; પણ પોતાના મમાવા સાથે તેણે રાજ્યનો અમલ પણ ચલાવેલો કોઈ પણ તવારીખ કે લખાણમાં જણાવેલું નથી. તોપણ એ બિના ખરી દીસે છે. જે કંઈ ઇતિહાસમાં લખેલું નથી તે સિક્કાઓમાં કોતરેલું મળે છે. નામીચા જર્મન વિદ્વાન ડાકટર મોર્ડટમાને સાસાની ટોળાને લગતા પેહલવી સિક્કાઓ સંબંધી એક કીમતી પુસ્તક થોડાંક વરસો ઉપર પ્રગટ કીધું છે તેમાં તેણે ૪૩ સિક્કાઓ અર્દશીરનાં રાજ્યની આખેરી સુધીના જણાવ્યા છે. આ ૪૩ માંના ૪૧ અર્દશીરે ઈરાનની શેહનશાહત સ્થાપીને પોતે તેનો એકલો માલેક થયા પછીના પડાવેલા છે; પણ તેમની આગમજ બાકીના બે સિક્કા પાડેલા જણાય છે, જેઓમાંનો એક પાદશાહ બાબકનો પોતાનો છે, જેમાં એક બાજુએ બાબકની તસ્વીર અને આ પેહલવી લેખ છેઃ– "બગી પાપકી મલ્કા" યાને "સાહેબ બાબક, પાદશાહ." બીજી બાજુએ અર્દશીરની તસ્વીર અને આ લેખ છેઃ—"બરી બગી પાપકી મલ્કા," યાને "સાહેબ પાપક પાદશાહનો બેટો." આ સિક્કા ઉપરથી એવું અનુમાન થાય છે કે અર્દશીરને પોતાનાં તખ્તનો વારેસ ઠરાવ્યા પછી તેને પોતાનો બેટો ગણીને બાબકે આ રીતે તેનું નામ અને તસ્વીર પોતાના સિક્કાની બીજી બાજુએ આમેજ કીધું હશે. પણ ત્યાર પછીનો એક બીજો

સિક્કો ડા૦ મોર્ડટમાન આ મુજબનો આપે છે, અને તે વધારે ધ્યાન ખેંચનારો છે. તેમાં એક બાજુએ બાબકની મુખમુદ્રા અને લેખ ઉપર મુજબનાં છે, પણ બીજી બાજુએ અર્દશીરને પોતાના બેટા લેખે નહિ ઓળખાવતાં (કેમકે હવે તે શાહજાદા દાખલ પુરતો ઓળખાઈ ચુકયો હતો) પાદશાહ તરીકે ઓળખાવ્યો છે, કેમકે તે ઉપર અર્દશીરની તસ્વીર જોડે તેણે આ લેખ કોતરાવ્યો હતો:— "બગી અર્તક્ષત્ર મલ્કા" યાને "સાહેબ અર્તક્ષત્ર પાદશાહ."

આનો અર્થ શો ? એટલોજ કે જેવો બાબક પાદશાહ હતો તેવોજ અર્દશીર પણ હતો; અને બંનેનાં નામો અને તસ્વીરો એકજ સિક્કા ઉપર હતાં માટે બંને એકજ ભૂમિના ભેગા પાદશાહ હતા. ફિર્દુસી તેમજ અર્માની લખનારાઓ મુજબ અર્દશીરે ૧૪ નહિ પણ ૪૦ વરસો સુધી પાદશાહી ચલાવી હતી; પણ અર્દવાન સાથ તેને હોરમજનાં મેદાનમાં જે મોટી લડાઈ થઈ હતી તેની તારીખ ઈસ્વી ૨૨૬ની મળે છે, અને અર્દશીર ઇસ્વી ૨૪૦માં તો મરણ પામ્યો હતો, માટે તેની પાદશાહીની મુદત માત્ર ૧૪ વરસની સાબેત થાય છે. પણ ઉપલા સિક્કા ઉપરથી આપણને ખોલાસો મળે છે, અને તે ઉપરથી ફિર્દુસીએ જણાવેલી ૪૦ વરસની પાદશાહીની મુદતને ટેકો મળે છે, કે હોરમજની લડાઇની આગમજ ૨૬ વરસો સુધી અર્દશીરે પાર્સમાં હાકમી કીધેલી હોવી જોઇયે. એ રીતે ગણતાં અર્દશીરનો અમલ ઇસ્વી ૨૦૦ થી શરૂ થાય છે.

અર્દશીરને અર્દવાને તેના મમાવા તરફથી બોલાવી લીધા પછી રએ શેહેરની પાદશાહી દરબારમાં બનેલા બનાવોનું વર્ણન કારનામામાં આવ્યું છે, જેમાં જણાવ્યા મુજબ તબેલામાંથી બે ઘોડા તૈયાર કરી જે નાજ઼નીન સાથે અર્દશીર પાર્સ તરફ નાસી ગયો તે અર્દવાનની બેટી[1] હતી. ફિર્દુસીએ તેણીને એક લોંડી જેવી જણાવી છે તે ભૂલ છે. રૂમી તવારીખનવેશો પણ તેણીને અર્દદુખ્ત (Artaducta) યાને 'અર્દવાનની બેટી' ને નામેજ ઓળખાવી ગયા છે. એ શાહજાદી (ફિર્દુસી મુજબ તેણીનું નામ

---

[1] કારનામામાં આને માટે "કનીજક" શબ્દ છે, જેનો અર્થ જેમ "બેટી"નો તેમજ 'દાસી,' 'લોંડી,' 'છોકરી' જેવો પણ થાય છે. પણ બાબકે સાસાનને પોતાની બેટી સાથ પરણાવવાની વાત આવે છે ત્યાં "બેટી"ના અર્થ માટે જે શબ્દ વાપરયો છે તે "કનીજક" છે; વળી આગળ ચાલતાં મેહરક નોશાજાદની "બેટી" વિષે ઈશારો આવે છે ત્યાં પણ "કનીજક" શબ્દ વાપરેલો છે.

ગુલનાર હતું) સાથ અર્દશીર તબેલામાંથી નાઠો અને આ વેળા બાબક મરણ પામવાથી તેનું રાજ્ય અર્દશીરને નહિ આપતાં અર્દવાને પોતાના બેટા બહમનને તે સ્વાધીન કર્યું હતું તે તેની કનેથી શાહજાદા અર્દશીરે પહેલીજ લડાઇમાં જીતી લીધું. આ કામમાં તેને બનાક નામે સરદારે મોટી મદદ આપી હતી, કે જેને ફિર્દુસી તબાકને નામે ઓળખાવી ગયો છે.

પાર્સ હાથ કરતી વેળા બાબકના ખાનદાનવાળાઓ અને સાસાની ટોળાના ઘણા ઈરાનીઓ અર્દશીરને આવી મળયા હતા. હવે તેણે મોટું લશ્કર ભેગું કીધું, અને અર્દવાને પણ તેને પકડવા માટે મોટું લશ્કર મોકલાવ્યું હતું, માટે બંને વચે ચાર મહિના (ફિર્દુસી મુજબ ચાલીશ દિવસો) સુધી લડાઇઓ અને મારામારીઓ ચાલુ રહી. રૂમી લખનારાઓ મુજબ ત્રણ લડાઇ મોટી થઇ, જેમાંની છેલીમાં અર્દવાન પોતે કતલ થયો, અને તેના બે બેટાઓ કેદ પકડાયા તથા બીજા બે નાસી ગયા. અર્દશીર હવે ઇરાનનો પાદશાહ થયો, પણ હજી તે શાહાનશાહ થયો ન હતો. હજી સઘળા તાબાના હાકમોએ તેને પાદશાહ દાખલ કબૂલ રાખ્યો ન હતો. આ હાકમોમાંનો એક આર્મીન્યા પ્રાંતનો ખુસરો નામે હતો, જે ઘણો બલવાન અને સરકશ હતો. તે અસલ માજદયસ્ની હોવા છતાં પાછલથી ખ્રિસ્ટી થઈ ગયલો હતો. તેને વળી રૂમીઓની કુમક હતી. અર્દવાનનો તે ખેશી હતો. એટલામાટે તે અર્દશીર સામે લડવા આવ્યો, અને તેના હાથ ઉપર નવા પાદશાહને ઘણી નિષ્ફળતા મળી. પાછલથી ખુસરો તેના એક સરદારના હાથ ઉપર માર્યો ગયાથી અર્દશીરે ઇસ્વી ૨૩૨માં આર્મીન્યા ઉપર ચહડાઇ લઈ જઇને એ મુલક હાથ કર્યો.

જોકે અર્દવાનને માર્યા પછી અર્દશીરને પેહેલી લડાઈ ઉપલા અર્માની રાજા સાથે થઇ હતી, તોપણ કારનામા મુજબ તેને પ્રથમ કુર્દ લોકો સાથ લડવું પડયું હતું. કુર્દીસ્તાનમાં તેને આ લોકોથી બહુ ખમવું પડયું, કેમકે પ્રથમ તેનું પોતાનુંજ લશ્કર શત્રુઓને મળી ગયું હતું. ફિર્દુસી મુજબ તેણે એક હજાર પેદળ અને એક હજાર ઘોડેસ્વાર ખાધા છતાં પાછલથી તેણે એક હજાર પેદળ ફોજ ભેગી કરીને કુર્દ લોકોની છાવણી ઉપર શબે ખુન ચલાવ્યું અને તેમનો નાશ કીધો. ફિર્દુસીમાં અર્દશીરની અર્માનીઓ સાથની લડાઈ વિષે કશું નથી, પણ તેને બદલે જેમ શાહનામામાં તેમજ કારનામામાં એક જુદુંજ દાસ્તાન નજર આવે છે અને તે ઈરાનના દક્ષિણ કાંઠા ઉપર અને સિંધની સરહદે આ વેળા બોહોળી હદ સુધી ફેલાયલી મૂર્તિપુજાને

લગતું છે, જેને એક કેરમ અથવા કિડાની મિસલ આપી છે અને તેને નાનાં કદ ઉપરથી બહુ મોટો વધી ગયલો જણાવ્યો છે. કારનામા મુજબ આ ખુલ્લી મૂર્તીપુજાજ હતી, અને તે કેરમાનના મુલકમાં ચાલતી હતી, જ્યાં હફતાન બોખ્ત (ફિર્દુસી મુજબ હફતવાદ) નામનો ધણી જે સાત બેટા ધરાવતો હતો તે રાજ્ય કરતો હતો. આ કેરમની મૂર્તીપુજાનો અર્દશીરે લશ્કર લઇ જઇને નાશ કીધો તેનું જે બયાન કારનામામાં આપ્યું છે તે નામદાર અસ્પંદિયારે તુરાની અર્જાસ્પ પાદશાહના રૂઇનદેજના કિલ્લાને જે તદબીરથી જીત્યો હતો તેને આબાદ મળતું આવે છે.

અર્દશીર આ મૂર્તીપુજા તોડવાનાં કામમાં રોકાયલો હતો એટલાંમાં તેનાં પાયતખ્ત ઇસ્તખર ઉપર મેહરક નોશઝાદ નામે ધણીએ હુમલો કરી લૂટ ચલાવી. આ ધણી શાહાનશાહ અર્દશીરના નામચીન બેટા શાપુરનો સસરો થવાનું માન ધરાવે છે. તે પાર્સની પડોશમાં આવેલાં જેહરમ શેહેરનો રહેવાસી હતો; ફિર્દુસી મુજબ તે ત્યાંનો હાકમ હતો. તેની આ લૂટફાટ જોઈને અર્દશીરે તેની સામે ચહડી જઇને તેને હરાવ્યો અને તેનો નાશ કીધો.

આ સઘળી લડાઇઓમાં અર્દશીરની પ્રથમ શિકસ્ત થઈ હતી અને પછવાડેથી તેને ઘણીએક મુસીબતો પછી મોટી ફત્તેહ મળતી હતી. પણ અર્દશીરની સર્વથી મોટી લડાઈ જે તેને એક વધારે મોટા શત્રુ સાથ થઈ હતી, અને તેબી ઇરાનમાં નહિ પણ તેની બહારના દુશ્મન સાથ લડવી પડી હતી તે બાબે શાહનામામાં તો કશું નથી, પણ કારનામામાં પણ કંઈ બયાન આવેલું નથી. એ લડાઇ રૂમીઓ સાથની સાસાનીઓએ પેહેલીજ અજમાવી હતી. તેમની આગમજ ઇરાનમાં હકુમત ચલાવી ગયલા અશ્કાનીઓ તો રૂમીઓ સાથ ઘણી મરતબે જંગમાં ઉતર્યા હતા, અને ઘણી મરતબે તેમને તેઓએ હરાવ્યા હતા .પણ આ વખ્તે ઇરાનમાં મોટો રાજદ્વારી ફેરફાર થયલો જોઈને તથા ઇરાનમાં માંહોમાંહેના બલવા જેવી લડાઇઓ અર્દશીર બાબકાનની સામે બરપા થયલી જાણીને રૂમના શેહેનશાહે ઈરાન ઉપર ચડાઈ લઈ જવાની તક લીધી. પણ તે આ ચડાઇ લાવે તે આગમજ અર્દશીર પોતેજ ઇરાનની પશ્ચિમ સરહદે લાગી રહેલા રૂમી મુલક ઉપર સવારી લઈ ગયો. તે નામદારને રૂમીઓ ઉપર મોટો ક્રોધ હતો, કારણ કે આર્મીન્યાના રાજા ખુસરોએ પહેલી લડાઇમાં પોતાને શિકસ્ત આપી તે રૂમીઓની મદદથીજ આપી હતી એમ અર્દશીર ખાત-

રીથી માનતો હતો, અને તેથી પોતાના દેશમાં જાગેલી લડાઇઓનું સમાધાન થતાંજ રૂમીઓને પોતાનો દસ્ત દેખાડવાની તેની ધારણા હતી. તે ધારણા પાર પાડવા માટે તેણે કુર્દ લોકો ઉપર મોટી ફતેહ મેળવ્યાપછી ત્યાંથી રૂમીઓના મેસોપોટેમ્યાના પ્રાંતનો કબજો મેળવવા માંગ્યો.

આ વેળા રોમનાં તખ્ત ઉપર એલેકઝાંડર સેવિરસ નામે માત્ર ૧૭ વરસની વયનો એક છોકરવન શેહેનશાહ તરતનોજ આવી બેઠેલો હતો, જેની નાદાની અને બિનમાહિતગારીને લીધે રાજ્યનો સઘળો કારોબાર તેની મા અને મમાઈ ચલાવતાં હતાં. અર્દશીરે આ જવાન ઉપર એક નામુ લખી એવી માંગણી કીધી કે છેક ઇજીયન સમુદ્ર સુધીનો મુલક જે હાલ રૂમીઓના હાથમાં હતો તે “ મારા ન્યાગાન કુરૂશ પાદશાહે જીતેલો હતો, માટે તે મારે સ્વાધીન કરી દેવો, કેમકે તે ઉપર મારો હક પહોંચે છે. ” આ મુજબનો દાવો ઉઠાવીને બેસી નહિ રહેતાં અર્દશીરે પશ્ચિમ તરફ કુચ કરીને ટાઇગ્રીસ નદી પસાર કીધી અને ઉપર કહેલો મેસોપોટેમ્યાનો પ્રાંત પોતાને કબજે લીધો. આ સઘળી દોડધામ છતાં જવાન શેહનશાહે અર્દશીરને વધારે આગળ વધતો અટકાવવા માટે તેની સામે લશ્કર મોકલવાને બદલે એક નામુ લખીનેજ સંતોષ માની લીધો. તેણે લખ્યું કે અર્દશીરે ઇરાનમાં જે કંઈ મળ્યું છે તેટલાં ઉપરજ સબુરી પકડવી; પણ ઈરાનના નવા પાદશાહે પાછો જવાબ આપ્યો કે રૂમીઓએ એકદમ સીર્યા ખાતેથી પોતાનું લશ્કર બોલાવી લેવું કે જ્યાં હવેથી ઇરાની સલતનતનો ઝુંડો ઉડતો થશે. આ હુકમ લખેલાં નામા સાથે અર્દશીરે ઉંચા કદના અને ઘણાજ ખુબસુરત ૪૦૦ ઈરાની જવાનોને કીમતી પોશાક પેહેરાવીને શેહેનશાહની દરબારમાં મોકલ્યા, જેણે તેઓનાં કપડાં ઉતારી લઇને તેમને લડાઈના બંધવા દાખલ કેદ કીધા. એ પછી તે એક મોટું લશ્કર લઈ અર્દશીર સામે લડવા આવ્યો, અને યુફ્રેટિસ નદી પસાર કરીને અર્દશીરની ગેરહાજરીમાં મેસોપોટેમ્યાનો પોતાનો મુલક પાછો હાથ કીધો. વળી રૂમી શેહનશાહે પોતાનાં લશ્કરને ત્રણ ભાગમાં વેહેંચી નાખીને ત્રણ તરફથી ઈરાન ઉપર હુમલો કીધો. આ વખ્તે ઇરાનનો પાદશાહ પોતાનાં રાજ્યમાં ઉઠેલી નવી લડાઈમાં રોકાયલો હતો તે તકનો રૂમીઓએ લાભ લીધો હતો; તોપણ અર્દશીરે અછી કુનેહ વાપરીને આ સઘળા હુમલા જે મિડયા અને પાર્સ અને મેસોપોટેમ્યા ખાતેથી લાવવામાં આવ્યા હતા તે પાછા હટાવ્યા. પહેલાં તો પાર્સ ઉપર ચહડી આવેલાં લશ્કરને

અર્દશીરે એવી જબરી શિકસ્ત આપી કે તેથી ફાળ ખાઇને રૂમી શેહન-શાહ નાઠો, મિડયા ખાતેનાં લશ્કરને બોલાવી લીધું, અને એ રીતે મોટી નામોસી સાથ એલેકઝાંડર સેવિરસ નાસી ગયો. અને તોપણ તેણે રોમખાતે જઇને ડીંગ મારી કે તે ઈરાનમાં મોટી ફતેહ કરી આવ્યો હતો! નામીચો તવારીખનવેશ ગિબન લખે છે કે પોતાની ખરેખરી નામોસી ઢાંકવા માટે શેહનશાહે આ રીતે રૂમી રાજસભાને ઠગી હતી. (જુઓ "રૂમી શેહનશાહાતનું પડી ભાગવું," પ્ર૦ ૮ મું.)

અર્દશીરની આ મોટી ફતેહ પછી તેના અમલમાં રૂમીઓ સાથ ફરીથી લડાઈ થયલી જણાતી નથી. આ અને ઉપર વર્ણવેલી અનેક લડાઈઓ, જે બાબે કારનામામાં ઇશારા આવેલા છે. (જુઓ ચેપતર ૫, ૧-૨. ૭, ૪-૫. ૮, ૧-૨. ૯, ૧-૨. ૧૦, ૨-૪, ૧૦ થી ૧૯. ૧૧, ૧-૯. ૧૨, ૧-૨. ૧૩, ૧-૧૯. ઇત્યાદી.) તે સઘળાં ઉપરથી જણાય છે કે શેહેનશાહ થયા પછીનો તેનો આખો અમલ અનેક લડાઈઓમાં ગુજર્યો હતો. અને તોપણ આ ચોતરફની લડાઈઓ છતાં અર્દશીરે પોતાના રાજ્યને રાજદ્વારી તેમજ ધર્મ સંબંધી સુધારાઓથી આરાસ્તા કીધું હતું, અને જેમ એક બાહદુર પાદશાહ દાખલ લડાઇઓ કરીને તેણે નામ મેળવ્યું છે તેમજ એક દીનદાર જરતોસ્તી દાખલ અને એક સુલેહપસંદ ઈનસાન દાખલ તેણે જરતોસ્તી ધર્મને પાછો પ્રકાશિત કરવાનાં, અને રાજસુધારા દાખલ કરીને ઇરાન સરજમીનને પહેલી પંકિતના એક મુલક દાખલ સુધરેલી દુન્યામાં આશકારા કરવાનાં કામોથી પોતાની કીર્તિમાં મોટો વધારો કરી મુકયો છે. તેણે જેમ પોતાનું મોટું રાજ્ય સ્થાપ્યું છે તેમજ અસલ પવિત્ર ધર્મને પાછો સજીવન કરવાનું માહભારત કામ પણ બજાવ્યું છે, જેમ નવા રાજ્યો સ્થાપનારા હમેશાં કરતા નથી. કારનામામાં લખ્યું છે કે તેણે અનેક ઠેકાણે આતશ બેહરામનાં મકાનો સ્થાપ્યાં હતાં (ચેપતર ૬, ૭.), તળાવો અને નેહેરો ખોદાવી, પાહાડો ખોદાવ્યા, ફળદ્રુપ કરનારી નદીઓ ચલાવી, (ચેપતર ૭, ૮-૯.) અને અનેક શેહેરો વસાવ્યાં હતાં (ચેપતર ૬, ૪. ૭, ૮-૯. ૧૩, ૧૮. ૧૫, ૨૧. ઇત્યાદી) પણ એ ઉપરાંત તેણે બીજા અનેક સુધારાઓ દાખલ કીધા હતા તેમનું ફિર્દુસી વર્ણન આપી ગયો છે, જેનો સંક્ષિપ્ત સાર એ છે કે

"દરેક પ્રાંતમાં અકેકો ઉસ્તાદ મોકલીને અરદેશર બાળકોને લડાઈની કવાયદ અને બીજી કેળવણી આપતો, તથા તેઓમાં જે સરવેથી સરસ નીકળે તેનું નામ નોંધી મંગાવતો.—લશ્કરમાં અકેક હજાર માણ-

સોની ટુકડી બનાવીને દરેક ટુકડી ઉપર અકેક મુબદને તપાસનાર તરીકે નેમતો.—દીવાનનાં કામમાં કેળવાયલા અમલદારોનેજ રાખતો.—હાકમોને જુદા જુદા પ્રાંતોમાં મોકળતી વખતે પાદશાહ આ મુજબની શીખામણ દેતો કે, ખજાનો ભરપુર કરવા માટે રઇયતોને વેચતા ના; સઘળું કામ રાસ્તી અને દાનાઈથી કરજો; તમારા લાગતા વળગતાને તમારાં કામમાં લેશો નહી, ઇતયાદી.—તવંગરીમાંથી ગરીબ થઈ ગયલાની છુપી ખબર કહડાવીને પાદશાહ તેને મદદ અપાવતો.—દરેક ઠેકાણે નીશાળો અને આતશકદેહો બંધાવતો અને બંદગીનાં મકાનો સમરાવી આપતો.—મુલુકોમાં અનુભવી અમલદારોને મોકળી ખેતીનાં કામમાં સુધારો કરાવતો; તથા ખેડુતો મુફલેસ હોય, જમીન ખરાબાની હોય, પાણી સુકાઇ ગયાં હોય, તો નવી નેહેરો ખોદાવી આપતો, જમીનને માતબર કરાવતો, અને ખેતીનાં હથયારો તથા ઢોરો ખેડુતોને અપાવતો." (જુઓ તવારીખે સાસાની-આન-સફે ૧૫૭-૧૫૮).

અર્દશીરની આ શીખામણ કેવી વાજબી અને નકલ કરવા જોગ હતી કે "પાદશાહોથી બનતું હોય ત્યાં સુધી તેઓએ તલવારને બદલે નેતરથી કામ લેવું જોઈએ. લશ્કર વગર હાકમી નહિ હોય, પૈસા વગર લશ્કર નહિ હોય, ખેતી વગર પૈસા નહિ હોય, અને ઇનસાફ વગર ખેતી નહિ હોય." તેનાં જીગરની ઉમેદો આ હતી કે મારી વફાદાર પ્રજાને વાજબી ઈનસાફ મળે; તેમના જાન માલનું રક્ષણ થાય, અને મારે માટે કોઇ નાહક બુરું નહિ બોલે યા ખોટી ફરિયાદ નહિ ઉઠાવે. રાજનો અમલ આપખુદીથી નહિ ચલાવતાં તે અમીર ઉમરાઓની દરબારો ભરીને તેઓ મારફતે ચલાવતો. લશ્કરોના સરદારો નેમી આપી તેણે સર્વેની સરદારી પોતાના હાથમાં રાખી હતી. પ્રાંતે પ્રાંત હાકમો નેમ્યા હતા, જ્યાંની તમામ ખબરો તેના કાન ઉપર આવતી. લશ્કરને પગાર નેમી આપી તે તેમની વારેઘડિયે કવાયદ લેતો. તેના આ સઘળા રાજસુધારાઓ તેની પોતાની યોજનાનાં પરિણામ જેવા હતા, એમ તેણે પોતાના બેટા શાપુરને મરતી વેળા કરેલી નસીહતના સખુનો ઉપરથી માલુમ પડે છે.

પણ મહાત્મા અર્દશીરની મોટી ખુબી ગણાય છે તે તો તેના ધર્મ સુધારાને લગતી છે. તે નામવર એક ખરા જરતોસ્તી વંશમાં જન્મેલો હતો. બાબક પોતે જરતોસ્તી હતો અને તેના પાર્સ વતનનાં પાયતખ્ત ઇસ્તખરમાં એક આતશબેહરામનું મકાન હતું. પણ ઈરાનના બીજા ભાગોમાં

દેશના અસલ મજહબનું કશું ઠેકાણું ન હતું. અસ્કાનીઓ જરતોસ્તી મજહબ પાલતા હતા ખરા, પણ તેમને એ મજહબ ઉપર ખરાં દિલની આસ્થા ન હતી. તેઓ ધર્મ સંબંધી વિચારો અને એતેકાદો બાબે બેદરકાર હતા. યુનાનીઓનો દોર તોડીને તેઓએ પોતાની શેહેનશાહત સ્થાપી હતી તેથી યુનાનીઓના વગવસીલો દેશમાં ચાલુ હતો અને તેઓના દેવ દેવીઓની પુજા વગેરે સદંતર નાશ પામ્યું ન હતું. તેઓમાં ચાલતા કેટલાક સંસારી રેવાજો પણ ચાલુજ હતા. પાછલથી વળી ખ્રિસ્તી મજહબનો લાગવગ પણ ઈરાનમાં ફેલાવા માંડયો હતો. તે આગમજ યાહુદીઓ પોતાના મજહબના ફેલાવા માટે ઓછી ખંત બતાવતા ન હતા.

આ સઘળી ધર્મસંબંધી ભેળસેળ ચાલી રહી હતી તે વખ્તે અર્દશીરે ઇરાનમાં પોતાનાં વંશની પાદશાહી સ્થાપી હતી, અને તે કામ પાર ઉતાર્યા પછી જે બાબતે તેનું સર્વેથી પહેલું ધ્યાન ખેચ્યું તે અસલ પવિત્ર જરતોસ્તી મજહબને તેની આસપાસ વિટળાયલાં બુતપરસ્તીનાં વળાંમાંથી મુકત અને મોકળો કરવાને લગતી હતી. ફાર્સી અર્દાવીરાફ નામામાં જણાવ્યા મુજબ અર્દશીરે પ્રથમ ૪૦૦૦૦ મજદયસ્ની ધર્મગુરૂઓને બોલાવ્યા, અને તેઓમાંથી ૪૦૦૦ ને પસંદ કીધા, તે પછી તેઓમાંથી ૪૦૦ ને ચુંટી કહાડી શેવટે ૪૦ ને ચુંટી કહાડયા, અને એ સંખ્યા પણ મોટી જણાયાથી તેણે ફકત સાત કાબેલ ગુરૂઓને ધર્મને સુધારવા અને સમારવા યાને વેરાઇ પડેલાં સઘળાં માજદયસ્ની જરતોસ્તી ધર્મ પુસ્તકોને ભેગાં કરવાનું કામ સોંપ્યું, જેઓમાં મુખ્ય અર્દાવીરાફ નામનો દસ્તુર હતો.

પણ "દીનકર્દ" નામની પેહેલવી કેતાબ, જે ઘણી ભરૂસેદાર અને દીનની બાબતના ખોલાસાઓથી ભરેલી છે, તેમાં અનેક ઠેકાણે જણાવ્યું છે કે "કેઆની" અર્દશીરને ધર્મ સજીવણ કરવાની બાબતમાં જે દસ્તુરે મદદ આપી હતી તે તો તોસર નામનો હતો. ઉપલી કેતાબનાં ત્રીજાં દફતરમાં ઇશારો કર્યા મુજબ "દીનકર્દ" પોતે અર્દશીરના વખ્તમાંજ લખાઈ હતી અને દસ્તુર તોસરે તેની સહી નકલ ઉતારીને શપીગાનના પાદશાહી ખજાના ખાતે મુકી હતી. એ આગમજ, અને અર્દશીરે તમામ મુલકો જીતી લઇ પોતાની શેહેનશાહાત સ્થાપ્યા પછી, જરતોસ્તી મજહબને લગતાં પરાગંદેહ થયલાં સઘળાં અવસ્તાઈ અને પેહલવી લખાણો ભેગાં કર્યાં હતાં અને એ વેરવાર થયલાં લખાણો એકઠાં કરવાનાં કામમાં તેને મદદ આપનાર દસ્તુર તોસર હતો એમ "દીનકર્દ"નાં ૮)માં દફતરમાં જણાવેલું છે, કે જ્યાં અર્દશીર સંબંધી થયલી ભવિષવાણીની હકીકત જણાવી છે, અને તે કેવો નામવર પાદશાહ થશે તે બાબેનું ટુક વર્ણન આપ્યું છે, એજ રીતે "દીનકર્દ"નાં ચોથાં દફતરમાં પણ તોસરનીજ મદદથી અર્દશીરે ધર્મ સુધારવાનો ઈશારો કરેલો છે. તેમાંતો સાફ લખ્યું છે કે જ્યારે સઘળા વડા દસ્તુરોએ અવસ્તાવાણીનાં તેમજ પેહેલવીનાં પવિત્ર લખાણો ભેગાં કરવાનું કામ મુશ્કેલ જણાયાથી પડતું નાખ્યું ત્યારે તોસર એકલોજ એ કામમાં ફતેહમંદ ઉતર્યો હતો. ખુદ અર્દશીર વિષે "દીનકર્દ" માં અનેક ઇશારાઓ છે, જ્યાં તેની બહુ વખાણ કીધી છે; પણ તેણે ધર્મ સમારવાની બાબતમાં તો ઉપલી શાહદતોથી વધારે કશું મલતું નથી. અર્દશીરની નામદારી અને નેક દિલી તથા સરફરાજી અને જાહોજલાલી બાબેના ઇશારા "જંદે વોહુમન યસ્ત" અને "માદીગાને ચતરંગ" વગેરે પેહલવી પુસ્તકોમાં આવેલા છે.

મહાત્મા અર્દશીરની કારકિર્દીની આ ટુક નોધમાં હવે એકજ બાબતનો ટુક ઇશારો કરવાનો રહેલો છે, અને તે પાદશાહના સિક્કાઓ, લેખો, અને ચિતારો બાબેનો છે. આપણે ઉપર જોયું તેમ જર્મન વિદ્વાન મોર્ડટમાનને અર્દશીરના સંખ્યાબંધ સિક્કાઓ હાથ લાગ્યા છે, જે ઉપરથી આપણે એવાં અનુમાન ઉપર આવી શકયા છિયે કે અર્દશીરે ૪૦ વરસો સુધી રાજ કરવાની જે બિના ફિર્દુસી, અલબિરૂની અને બીજાઓ જણાવી ગયા છે તે ખરી દીસે છે, કેમકે રૂમી લખનારાઓ મુજબ અગર જો એ પાદશાહે માત્ર ૧૪ વરસ પાદશાહી કીધી હોત તો તેટલી મુદતમાં તે ૪૦ થી વધારે સિક્કાઓ પડાવી જાય તેનો સબબ જણાતો નથી. ગમે તેમ હોય પણ અર્દશીરના આ સિક્કાઓ તથા પર્વતો ઉપરથી મલી આવેલા તેના ચિતારો અને પહેલવી લેખો ઉપરથી તેની તવારીખના સંબંધમાં, તેના માજદયસ્ની મજહબના સંબંધમાં, કેટલુંક નવું અજવાલું પડે છે. અર્દશીરના સિક્કા પાંચ કિસમના છે. તે જેમ સોનાના તેમજ રૂપાંના છે. સોનાના સિક્કાનો વજન ૩૬ ગ્રેનનો છે. શેહેનશાહ થયા પછીના સિક્કા ઉપર પાદશાહની મુખમુદ્રા જોડે આ લેખ છેઃ—"મજદીસ્ન બગી અર્તશત્ર મલ્કા (અથવા કેઠે "મલ્કાન મલ્કા") અઇરાન;" યાને "ખોદાને માનનાર પવિત્ર અર્દશીર ઇરાનનો (અથવા ઇરાનના પાદશાહોનો) પાદશાહ." સિક્કાની બીજી બાજુએ આતશનું પાત્રું છે જેની આસપાસ એવો લેખ છે કે— "અર્તશત્ર નવાજી." આનો અર્થ કોઇ એવો કરે છે કે "અર્દશીરનું

આતશનું પાત્રું" અને બીજાઓ એવો કરે છે કે "ગાયન કરનાર અર્દેશીર." એક કિસમના સિક્કા ઉપર અર્દેશીરને માથે તાજ નથી પણ બેઠી ટોપી છે, જેની ઉપરથી બલૂનના જેવો દડો ઉઠાવેલો જણાય છે. તાજના આવા દેખાવ સાથના અર્દેશીર, શાપુર વગેરે અનેક પહેલા સાસાની પાદશાહોના ચિતાર પર્વતો ઉપર પણ જણાય છે. આ સિક્કા ઉપરના લેખમાં ઉપલા લેખ જોડે એવો વધારો કીધેલો જણાય છે કે— "મિનુચિત્રી મિન યજદાન" યાને "આકાશથી ઉતરી આવેલો અને મીનોઓની જાતનો." આની બીજી બાજુએ ઉપર મુજબનું આતશનું આફ્રગાન્યું છે. એક બીજા સિક્કામાં પાદશાહે ભપકાદાર તાજ પહેરેલું જણાય છે. અર્દેશીરના સર્વથી છેલ્લા સિક્કા તેની જઈફીના વખતના હોવા જોઈયે, કે જેમાં પાદશાહ તાજ સાથ જણાય છે, અને તેની સામે એક નવ જવાન શાહજાદાની તસ્વીર છે. આ તસ્વીર તેના વહાલા બેટા શાપુરની ધારવામાં આવે છે, કે જેને અર્દેશીરે પોતાની હૈયાતીમાંજ તખ્તનશીન કીધો હતો એમ રૂમી લખનારાઓ જણાવી ગયા છે, એટલુંજ નહિ પણ અર્દેશીરના પર્વતો ઉપરના ચિતારો ઉપરથી પણ એમજ જણાય છે.

આ ચિતારો તખ્તે બોસ્તાન, નક્ષે રૂસ્તમ, ફીરૂજાબાદ, વગેરે ઠેકાણે કોરેલા છે. આ ચિતારોમાં કેઠે અર્દેશીર અને શાપુર ઘોડેસ્વાર થયલા, અને કેઠે પાઉં પ્યાદા ઉભેલા જણાય છે. કેઠે પાદશાહ એકલોજ ઉભેલો છે, અને કેઠે તેના હજુરિયાઓ સાથે છે. એક ચિતાર ઉપલા છેલા સિક્કાને ટેકો આપનારો છે, જેમાં પાદશાહ ગોયા પોતાના બેટા શાપુરને પોતાનું તાજ બક્ષતો હોય એમ જણાય છે. જેમ અહીં અર્દેશીર પોતાના બેટાને તાજ એનાયત કરે છે, તેમ એક બીજા ચિતારમાં એક જણ અર્દેશીરને પોતાને તાજ બક્ષતો દેખાડયો છે. આ તાજ બક્ષનાર તે કોઇજ નહિ પણ ખોદા અથવા હોરમજદનો ચિતાર ધારવામાં આવે છે, જેના એક હાથમાં તાજ અને બીજા હાથમાં રાજદંડ પકડેલો છે.

પાયકુલીખાતેથી અર્દેશીરનો એક મોટો પેહલવી લેખ મળી આવ્યો છે, પણ તે તદન બિસ્માર હાલતમાં છે, અને પર્વતના ટુકડા થઇ ગયલા હોવાથી તે બરાબર ઉકલાવી શકાતો નથી, તેમજ ઘણે ભાગે તે ખવાઇ ગયો છે. તેમાં બીજી બાબતો જોડે અશો જરતોસ્તનું, તીરદાદનું, સેકંદરનું, શાપુરનું, વગેરે નામો મળે છે; પણ એ લેખ શી બાબતનો છે તે ચોકસ કહી શકાતું નથી.

અર્દેશીર પાદશાહ ફિર્દુસી મુજબ ૭૮ વરસની લાંબી ઉમરે મરણ પામ્યો હતો. મરતી વેળા તેણે પોતાના બેટાને ઘણી જાણવા જોગ નસીહત કરી હતી, જેનો સાર શાહનામા ઉપરથી નીચે ઉતારી લઇ એ નામચીન પાદશાહની હકીકત સમાપ્ત કરીશું.

"બેટા, અદલ ઈનસાફની તલવારથી મેં દુનયાને સીધે મારગે ચલાવી છે અને ખાનદાનવાળાઓની હોરમત જાળવી છે. મેં રંજ ખેંચીને મેળવેલો ગંજ હું તારે હવાલે કરૂંછું. દુનયામાં દુખનો ભય ખાધા વીના કોઈ પણ ખુશીથી રહેલો નથી. તારા દીવસ નેકી ભરેલા ગુજારવા ચાહાતો હોય તો અકલનાં બળથી તારાં તનને જાળવી રાખ.—જારે પાદશાહ દીન ઉપર એતેકાદ રાખે તારેજ પાદશાહી અને દીન એકસરખાં ચાલે છે. પાદશાહી વીના દીન કાયમ રેહેતી નથી; તેમજ દીન વીના પાદશાહી ચાલી શકતી નથી. બે રેશમી કપડાંને એકબીજા જોડે સીવી લીધાં હોય તેવી રીતે દીન અને પાદશાહીને રાખવી જોઇયે. દીનને પાદશાહીની ગરજ છે તેમજ દીન વગર પાદશાહની વખાણ થતી નથી. દીનદાર પાદશાહ હોય તેજ દુનયાની રખેવાળી કરી શકેછે. દીન સાથે દુશ્મની રાખનાર પાદશાહને દીનદાર નહી જાણવો. વલી દીનદાર પાદશાહને નહી માને તેનેબી દીનદાર સમજવો નહી. ત્રણ ચીજોથી પાદશાહી જતી રેહેશેઃ— (૧) પાદશાહની બેદાદી; (૨) હલકાં માણસોને સારાં માણસો ઉપર મોટાઇ આપવી; (૩) ખજાનો એકઠો કરવાનોજ લોભ રાખવો. જો તું દીન અને દાનાઈ ધરાવતો હોય તો બક્ષેશ કરજે, કે જેથી તારાપર જુઠાણું ફાવી શકે નહી.—જુઠાણું માણસને દલગીર રાખવાથી તેનો ચેહેરો રોશન રેહેતો નથી.—ખજાનો એકઠો કરવાના લોભથી રંજ ખેંચવી પડે છે ગરીબોને રંજ પોંહોંચાડીને ગંજની આશા રાખવી નહી. ખેડુતોની મેહનત અને રંજ તેજ પાદશાહનો ગંજ છે, માટે તેમની નેકીબાની રાખવાનો સંભાળ લેવો.—ગુસ્સા ભરેલી આંખને મરદાનગીથી ઢાંકી રાખજે. ગુસ્સામાં કામ કીધાથી આખર પશેમાન થઈને તેનો ઇલાજ શોધવો પડે છે. ગોસ્સેમંદ પાદશાહ વીશે અકલમંદો હલકું મત ધરાવેછે.—બેટા, સરવે ઉપર એકસરખી બક્ષેશ કરતો ના; પણ નેક અને બદ ઉપર નજર રાખીને વધતી ઓછી બક્ષેશ કરજે.—વરસાદના દીગામમાં શેકારે જવું નહીં. શેકાર અને શરાબની રમતો એકઠી રમવી નહી. શરાબથી તન ભારી થાયછે, માટે બોજોરગોએ તેની સંભાળ

રખાવેલી છે. દુશ્મનના હુમલા વખતે એ રમત છોડી દેવી.—આજનું કામ કાલ ઉપર રાખવું નહી. શેહેરનાં હલકાં લોકોની ખબર રાસ્ત હોતી નથી; તેઓથી બદ ખબર મળેતો ડરવું નહી.—દેલનો ભેદ જાણનાર હોય તેની આગળ પણ ભેદ ખોલીને વાત કહેતો ના, કાંએકે તેનો બીજો ભેદુ હશે તો વાત આગળ વધશે. કોઈની ગીબત કરતો ના. વધારે સખુન બોલતો ના. દુનયાને દેખાડવાની પરહેજગારી કરતો ના. કોઇ માફી માગે તો જુનો કીનો યાદ કરવાને બદલે એકદમ માફી બખશજે. દુશ્મન સુલેહ કરવા આવે તો તુરત કબુલ કરજે, ને તે થાકેલો હોય ત્યારેજ તેની ઉપર હુમલો કરજે." (જુઓ તવારીખે સાસાનીઆન-સફે ૧૫૮-૫૯)

પ્રકરણ ૩ જું

શાપુર અને હોરમજ.

મહાન અર્દશીર પછી ઇરાનમાં જે પાદશાહે રાજ્ય ચલાવ્યું તે તેનો બેટો શાપુર હતો. તેણે ઇસ્વી ૨૪૦ થી ૨૭૦ સુધી ૩૦ વરસ જાહોજલાલી ભરેલો અમલ ભોગવ્યો હતો. કારનામામાં એ પાદશાહના અમલનું કશું બયાન આપ્યું નથી; ફક્ત તેના જન્મની કહાણીજ જણાવી છે. એ કહાણીની ફિર્દુસીએ તદન જુદીજ વિગતો આપી છે, પણ તે વિગતો કારનામામાં શાપુરના બેટા હોરમજ વિષે જણાવેલી હકીકત સાથ મલતી આવે છે. માટે એ બાબતમાં શાહનામાના નામીચા શાયરે ભૂલાવો ખાધેલો જણાય છે.

શાપુરના જન્મની કહાણી કારનામામાં છે માટે તે આ ઠેકાણે પાછી બયાન કરવાની જરૂર નથી. કારનામા મુજબ અર્દવાનને શિકસ્ત આપ્યા પછી અર્દશીરે તેની બેટી સાથ શાદી કીધી હતી, અને તેમ કરીને અશકાની ઉમરાઓ અને લોકોને રાજી કીધા હતા. હવે શેહેનશાહ થયા પછી અર્દશીરે માત્ર ૧૪ વરસ રાજ્ય કીધેલું જાહેર છે, માટે શાપુરની ઉમર ઘણામાં ઘણી ૧૩ થી ૧૪ વરસની હોવી જોઇયે. એટલી નાની ઉમરમાં અર્દશીર જેવો પાદશાહ પોતાના બાળક શાહજાદાને પોતાની હૈયાતીમાંજ તખ્તનશીન કરે અને તેને માથે તાજ મૂકે એ બિના માનવાની રોલિન્સન ના પાડે છે. પણ અમને લાગે છે કે આ વેળાએ

શાપુરની ઉમર માત્ર ૧૪ વરસનીજ હોવી નહી જોઈયે. એ બાબતમાં ફિર્દુસી આપણની મદદે આવે છે. તેના જણાવ્યા મુજબ અર્દશીર ૭૮ વરસની વયે બેહશતનશીન થયો હતો. અને ૫૧ વરસનો હતો તે વેળા તેણે પોતાને પેટે એકબી બેટાનું ફરજંદ નહિ થવા બાબે અફસોસ કીધો હતો, અને તેજ વખતે મોબદાન મોબદે (વડા વજીરે) શાપુરને તેની આગળ રજુ કીધો હતો. એ વખ્તે શાપુરની ઉમર સાત વરસની હતી, અને એ બનાવ પછી અર્દશીર બીજાં ૨૭ વરસ જીવ્યો હતો માટે તેના મરણ વખ્તે શાપુરની ઉમર ૩૪ વરસની હોવી જોઈયે. આ અનુમાન-ની વીરૂધમાં એકજ વાત જાય છે અને તે એકે અર્દશીરના સૌથી છેલ્લા જે સિક્કામાં તેણે શાપુરની તસ્વીર પોતાની તસ્વીરની જોડમાં પડાવી છે તેમાં શાહજાદાની મુખમુદ્રા તેને બહુ કુમળી વયનો દેખાડે છે.

ગમે તેમ હોય પણ શાપુરે ૨૪૦માં તખ્તે બેસીને ૩૦ વરસ રાજ્ય ચલાવ્યું હતું તેમાં તો કશો શક નથી. તેના ૩૧ સિકા મલી આવ્યા છે તે પરથીબી તેના અમલની આ મુદત ખરી જાહેર થાય છે. આ પાદશાહનો અમલ રોમ સાથની બે લડાઇઓથી યાદગાર થઇ ગયો છે. અર્દશીરે કેટલાક રાજાઓને પોતાનાં ભારી બળથી તાબેદાર બનાવ્યા હતા તેઓમાંના કેટલાકોએ તેનાં મરણ પછી તેના દીકરાથી સ્વતંત્ર થવા ચાહ્યું. આવા સરકશ રાજાઓમાંનો એક આર્મીન્યાનો રાજા હતો. અર્દશીરે એ મુલકના માજી પાદશાહ ખુસરોનું રાજ્ય જીતી લીધા પછી આર્મીન્યા ઇરાનને તાબે હતું, અને તે ઘણા વરસો સુધી ઈરાનનાજ એક પ્રાંત દાખલ સાસાની પાદશાહોના કબજામાં રહ્યું હતું, પણ એ દરમયાન શાપુરને તખ્તે બેઠા પછી આર્મીન્યન લોકોએ સ્વતંત્ર થવા માંગ્યું. આ ઉપરથી શાપુર તેઓ સામે ચહડાઇ લઈ ગયો અને તેમનો બલવો દાબી દઇને તેમને શરણ થવાની અને જીવતદાન માંગવાની ફરજ પાડી.

એ પછી શાપુર આથમણ તરફ હાત્રા અથવા અલ-હાદ્રના રાજા સાતીરૂન અથવા માનીજનની સામે લશ્કર લઈ ગયો, કેમકે તે પણ સ્વતંત્ર થવા માંગતો હતો. વળી તેણે યુફ્રેટીસ અને ટાઇગ્રીસ નદીઓની વચેનો મુલક પણ જીતી લીધો હતો. શાપુર હાત્રાનો કિલ્લો જીતવામાં ફતેહ પામ્યો નહિ, કેમકે તે બહુ મજબુત હતો. હાત્રામાં આરબોની વસ્તી મોટી હતી અને તેઓ એટલા બધા બાહદુર હતા કે એ વેળા

તેઓએ રૂમી શેહેનશાહ ત્રેજનને મારી કહાડયો હતો. આવા બાહદુર લોકોને પોતાનાં બળથી તાબે કરી શકાયા નહી જ્યારે શાપુરને દગો રમવો પડયો. રાજાની બેટીએ તેની રાણી થવાની ઉમેદમાં પોતાના બાપને શાપુરના કબજામાં આપ્યો અને તેથી ઇરાનીઓ તે કિલ્લાના ધણી થયા. શાપુર કબૂલાત મુજબ રાજાની બેટી સાથ પરણ્યો, પણ તેણીએ પોતાના બાપને દીધેલા દગાની તકસીર માટે તરત તેણીનો જીવ લીધો.

હાત્રા તાબે થયું કે ત્યાંથી ટાઇગ્રીસ અને યુફ્રેટિસ નદીઓ વચેના રૂમી પ્રાંત મેસોપોટેમ્યામાં ઉતરી પડવાની શાપુરે ધીલ કીધી નહિ. અર્દ-શીર કનેથી એ પ્રાંત રૂમીઓએ પાછલથી પાછો જીતી લીધેલો જણાય છે, અને તેથી શાપુરે તે પાછો હાથ કરવા માંગ્યો. તેની સાંમે રોમનો બાળક શેહેનશાહ ગોર્ડિયન—જેની વય માંત્ર ૧૬ વરસની હતી તે—લશ્કર લઈ લડવા આવ્યો. તેની જોડે તેનો બાહદુર સસરો મિસિથ્યુસ લશ્કરનો વડો હતો, જેણે શાપુરે જીતી લીધેલાં શેહેરો પાછાં પોતાના સ્વાધીનમાં લઇ ત્યાં રૂમી ઝુંડો ઉડતો કીધો. તેની સાંમે ટકી નહિ શકાયાથી શાપુર પોતાની સરહદમાં પાછો ફર્યો, પણ રૂમીઓ ફતેહની ખુમારીમાં દોડતા દોડતા છેક મદાઈન પાયતખ્ત શેહેર સુધી ધસી આવ્યા. એટલાંમાં મિસિથ્યુસ મરી ગયો અને તેના બાળક જમાઈ શેહનશાહ ગોર્ડિયનનું પણ ખૂન થયું, એટલે રૂમીઓ નાસભાગમાં પડયા. નવો શેહેનશાહ ગોર્ડીયનનું ખૂન કરનાર લશ્કરનો સરદાર ફિલિપ થયો જેણે શાપુરને પાછો ચહડી આવેલો જોઇ તેની જોડે તે રાજી થાય તેવા કોલકરાર કીધા અને આર્મીન્યાનો પ્રાંત ઈરાનીઓને આપી દીધો, અને પછી રૂમીઓ પાછા હટી ગયા.

આ બનાવ પછી ૧૪ વરસો સુધી શું બન્યું તેની તવારીખ મળતી નથી. એટલી મુદતમાં રોમનાં તખ્ત ઉપર છ પાદશાહો આવી ગયા હતા. છેલો શેહેનશાહ વેલેર્યન ૬૦ વરસની જૈફીએ પહોંચેલો હતો. તે નાના ઓધાઓ ઉપરથી ચહડીને મોટો શેહનશાહ થવા પામ્યો હતો, અને તમામ રૂમી લશ્કરોએ તેને એક આવાજે કબૂલ રાખ્યો હતો. તે નેકોને માન આપનારો અને જુલમગારોને સજા કરનારો હતો. તે ડાહ્યો, અજમાયશી, કેળવાયલો અને ભલો હતો. તેના ઉપર તમામ પ્રજા પ્રથમ ફિદા હતી, પણ તેણે પોતાની જોડે પોતાના બેટાને પણ જોડિયો શેહેનશાહ નેમવાથી લોકો ગભરાટમાં પડયાં, કેમકે બેવડા પાદશાહોનો અમલ તેમને પસંદ ન હતો.

એક તરફથી રૂમી પ્રજામાં આ કચવાટ હતો ત્યારે બીજી તરફથી રૂમી મુલુકો ઉપર ગૉથ અને વેન્ડૉલ જેવા લૂટારા પિંડારાઓએ લાખોની સંખ્યામાં ઉતરી પડીને ખરાબી કરવા માંડી. રૂમી શેહેનશાહાતનો આવો મામલો જોઇને ઇરાનના પાદશાહ શાપુરે મેસોપોટેમ્યાના મુલક ઉપર પાછો ચહડાવો કીધો, કેટલાંક રૂમી શેહેરો જીતી લીધાં, અને યુફ્રેટિસ નદી પસાર કરીને અન્ટીઓક નામનું સીર્યા દેશનું પાયતખ્ત હાથ કીધું. આથી જૈફ શેહનશાહ વેલેર્યન ગભરાયો અને લશ્કર લઇ સીર્યામાં દાખલ થયો તેણે પોતાનું ઉપલું રાજધાની શેહેર તો પાછું મેળવ્યું, કેમકે શાપુર તેને માત્ર ખરાબ કરીનેજ ચાલી ગયો હતો. પણ એટલામાં રૂમી લશ્કર ઘેરાઈ ગયું. તેણે નિકળી જવા માંગ્યું પણ તેમ બન્યું નહિ. વળી તેમાં દુકાળ અને મરકીએ દેખાવ દીધો. વેલેર્યને હવે સુલેહ કર્યા વિના બીજો કસો ચારો જોયો નહિ. તેણે પોતાના છુટકારા માટે શાપુરને પુષ્કળ ખજાનો આપવા માંગયો. એમ રૂમી તવારીખનવેશો લખી જાય છે. પણ તેઓ ઉપર આપણે ભૂલાવો ખાવો જોઇતો નથી. તેઓએ પોતાના સરદારોની કસુરો છુપાવવા અને લશ્કરોની શિકસ્તોને ફતેહમાં બદલી નાખવા માટે અનેક જુઠાણાં પોતાનાં લખાણોમાં દાખલ કીધેલાં છે. તેવુંજ એક જુઠાણું આ છે. તેઓ લખે છે કે કુદ્રતી કોપને લીધે વેલેર્યનને સુલેહ કરવાની ફરજ પડી હતી. પણ શાહનામાનો નામચીન શાયર ફિર્દુસી—જેનાં તમામ દાસ્તાનોમાં સાસાની પાદશાહોનું જે બયાન તેણે આપેલું છે તે સર્વેથી સહી અને ઇરાની લખાણોના આધાર ઉપરથી ઘણુંખરું રચેલું છે માટે તે વધારે માનવાજોગ છે, તે વેલેર્યનની શિકસ્તનું જુદુંજ બયાન આપે છે. આપણો શાયર તેને બજાનુસને નામે ઓળખાવી જાય છે, જેણે શાપુર ઉપર લખેલાં નામાઓમાંથી ફકરાઓ નોંધીને દેખાડી આપ્યું છે કે ઇરાની પાદશાહે રૂમીઓ ઉપર લડાઇમાં ફતેહ મેળવ્યાથીજ રૂમી શેહેનશાહને સુલેહ કરવાની અને ખજાનો આપવાની ફરજ પડી હતી. એક નામામાં તેણે લખ્યું હતું કે— "દુનિયાને વાસ્તે તું આટલી બધી ખૂનરેજી કરે છે તો કેયામતને દહાડે ખોદા તને પુછશે ત્યારે શો જવાબ દેશે તથા માફી શી રીતે મેળવશે ? હું તારી જકાત આપવાને રાજી છું અને તારાં ફરમાનને તાબે છું. મારા ખેશાવંદો સા-
નમાં આપું છું." આમ નામુ લખીને શેહનશાહે શાપુર ઉપર ૧૦
ગાયનાં ચામડાંના થેલા ભરીને સોનું તથા રૂમી સિકકાઓ, ૧૦૦૦ રૂમી

ગુલામો અને લોંડીઓ, અને બીજી કીમતી જીનસો જોડે ભારી કીમતનું બેશુમાર રેશમી કાપડ મોકલ્યું હતું. પણ આ રીતે સુલેહ વેચાતી આપવાની ના પાડીને શાપુરે લડાઇ ચાલુ રાખી, જે દરમ્યાન વેલેર્યન નાસી જતાં પકડાયો, અને તેનું લશ્કર હથિયાર છોડી દઇને પાદશાહને તાબે થયું.

રૂમીઓ ઉપર સાસાની પાદશાહોએ મેળવેલી હવે પછીની મોટી ફતેહોમાંની આ પહેલીજ હતી, અને તે સર્વથી મહાભારત હતી, કેમકે આ ફતેહ એક મોટા હરીફ શેહેનશાહને જીવતો પકડવાની હતી. એ ફતેહ ખુદ શાપુરને પોતાને એટલી બધી મહાભારત લાગી હતી કે તેણે પર્વતો ઉપર એ બાબતમાં નકશ અથવા ચિતાર કોત્રાવેલા છે. વેલેર્યન કેદ પકડાયા પછી તેના બેટાને પોતાનો શેહનશાહ કબૂલ નહિ રાખતાં મેક્રિનસ નામે સરદાર પોતેજ વડો થઈ નિકળ્યો, પણ શાપુરે એ બેમાંથી એકને પણ મંજુર રાખ્યો નહિ. તેણે તો રૂમીઓને પોતાના તાબા તળે આવેલા જોઇને તેમનો શેહેનશાહ પણ પોતેજ નેમી આપવાનો હક ભોગવવા માંગ્યો. તે નામદારે તો એન્ટીયોક શેહેર જીતતી વેળા પોતાને મદદગાર થઈ પડેલા ત્યાંના એક સરદાર સિરિયેડિસને નવો શેહેનશાહ મુકરર કીધો, અને તેને પોતે રૂમી શેહનશાહાતનું તાજ બક્ષે છે તેના ચિતાર પણ શાપુરે પોતાના નકશોમાં ચિતરાવ્યા છે. વેલેર્યન ઉપરની ફતેહ પછી શાપુર ઉપલાં શેહેર સુધી ફરી વળ્યો અને તેને પોતે ત્રીજી મરતબે ફતેહ કીધું. એન્ટીઓકથી ઈરાની લશ્કર એશિયા મૈનરમાં ફરી વળ્યું અને સિલિશ્યામાં થઇને કેપેડોશ્યામાં દાખલ થયું, મોટું વેપારી શેહેર ટાર્સસ હાથ કીધું, અને ટૅારસ પર્વતને લગતા સઘળા માર્ગો શાપુરે કબજ કીધા. આ પછી તે કેપેડેશ્યાનો ધણી થયો, જેનાં પાયતખ્ત કયસરિયાની વસ્તી એ વેળાએ ચાર લાખ માણસોની હતી. આ રીતે પાદશાહ શાપુરના હાથમાં ઇજ્યન સમુદ્ર સુધીનો તમામ મુલક આવી ગયો, કે જે મુલક પોતાનાં બાપદાદાનો છે એમ કહીને તેના બાપ અર્દશીરે પોતાનાં રાજ્યની શરૂઆતમાં દાવો ઉઠાવ્યો હતો.

આ સઘળી ફતેહોથી શાપુર છકી ગયો. સિર્યામાં પાલ્મીરા નામે એક નાનું રાજ્ય હતું ત્યાંના તે વખ્તના રાજા ઓડિનેથસે શાપુરની નામદારી જોઇને તેની સાથ દોસ્તી રાખવા માટે કીમતી હદિયો ભેટ મોકળ્યો હતો. આ પાદશાહ રૂમીઓથી સ્વતંત્ર હતો અને તેમ તે ઇરાનીઓથી પણ સ્વતંત્ર રહેવાને ખાહેશમંદ હતો. પણ શાપુરે તેની મોકલાવેલી

ભેટ નદીમાં નખાવી દીધી અને તેની સાથ દોસ્તી રાખવાની ના પાડી. ઓડિનાથસને આથી માઠું લાગ્યું, તોપણ તેણે શાપુરને સીર્યામાં આગળ વધવા દઈ જ્યારે તે પુષ્કળ લૂટ અને ખજાના સાથ પાછો ફરતો હતો ત્યારે તેની પુઠ પકડીને તેનો ઘણોએક ખજાનો લૂટી લીધો અને તેને બહુ હેરાન કીધો.

પોતાની ઉપલી ફતેહોને દરમયાન શાપુરે બહુ ઘાતકીપણું ચલાવેલુ કહેવાય છે. પણ રૅાલિન્સન જેવો તવારીખનવેશ કહે છે કે ઇરાની પાદશાહ ઉપરનાં આ તોહમતોમાં ઘણી શહરાઘાત છે. રૂમી શેહનશાહ વેલેર્યન ઉપર શાપુરે જુલમાત ચલાવવાની ઘણીએક વાતો રૂમી લખનારાઓ જણાવી જાય છે. કોઇ કહે છે કે શાપુર તેને પોતાનો ગુલામ ગણતો હતો; બીજાઓ કહે છે કે પાદશાહ ઘોડા ઉપર સ્વાર થતો ત્યારે વેલેર્યનની પીઠ ઉપર પગ મુકીને થતો હતો, અને તે બાપડો જ્યારે ગુજરી ગયો ત્યારે તેનું ચામડું ઉખેડી કહાડી, તેમાં ખુશબો ભરીને તેને એક ખ્રિસ્ટી દેવળમાં લટકાવ્યું હતું! પણ આ અને એવીજ બીજી બરખેલાફ વાતો ફિર્દુસીના આપેલા હેવાલ ઉપરથી ખોટી પડે છે. તે હેવાલ મુજબ વેલેર્યન (બજાનુસ) ઉપર શાપુરનો કશો જુલમ હતો નહિ. આપણો શાયર લખે છે કે પાદશાહ જ્યાં જતો ત્યાં બજાનુસને પોતાની જોડેજ લઇ જતો અને હરેક મુશ્કેલ કામમાં તેની સલાહ લેતો હતો. વળી શુસ્તર શેહેરની કારૂન નદી ઉપર એક પુલ બાંધવાનું કામ શાપુરે બજાનુસને સોંપ્યું, અને તેણે પોતાને વતન પાછો ફરવાની માંગણી કીધી ત્યારે પાદશાહે તેને આ પુલનું કામ પુરૂં કરીને સુખે જવા ફરમાવ્યું. ફિર્દુસી લખે છે તે જો ખરૂંજ હોય તો ત્રણ વરસની મુદતમાં પુલ બંધાઇ રહ્યા પછી આ રૂમી શેહેનશાહ પોતાને વતન પાછો ફર્યો હતો.

ફિર્દુસીનો આ હેવાલ એક ચોકસ બાબતમાં મોટા કુરૂશ પાદશાહે પોતાના હાથમાં કેદ પકડાયલા લીડયા દેશના રાજા ક્રીસસ (કારૂન) સાથ ચલાવેલી વર્તણુંક સાથ બરાબર મળતો આવે છે. તેમાં આપણ વાંચિયે છિયે કે તે મહાન પાદશાહ પણ ક્રીસસને પોતાની સાથેજ રાખીને ઘણીક રાજદ્વારી બાબતોમાં તેની સલાહ લેતો હતો, અને તેણે તેને પોતાના એક મિત્ર જેવો રાખ્યો હતો. આ ઉપરથી ઠરે છે કે શાપુર સામે ઘણાં એક તોહમતો રૂમીઓએ જોડી કહાડયાં હતાં. અને આ તોહમતને સચાઇનું રૂપ આપવા માટે કેટલાક બનાવટી દસ્તાવેજો ઉભા કરીને રૂમી

દફતરખાનામાં રાખ્યા હતા. તેમનું ખોટારૂં તો નામીચા ઈંગ્રેજ તવારીખનવેશ ગિબને પકડી આપ્યું છે. તે લખે છે કે આર્મીન્યાના આર્તવસદીસ અને બીજા રાજાઓએ વેલેર્યન ઉપર ગુજરતાં ઘાતકીપણા સામે શાપુર ઉપર કેટલાંક ફરીયાદનાં કાગળો લખ્યાં હતાં, જેમની નકલ રૂમી-દફતરોમાં જાળવી રાખેલી કહેવાય છે. પણ ગિબન પુછે છે કે આ વેળાએ આર્મીન્યા તો શાપુરના પોતાના હાથમાં હતું, ત્યાંતો ઈરાનની હકુમત ચાલતી હતી, ત્યારે ત્યાં વળી સ્વતંત્ર રાજા ક્યાંથી આવ્યો અને તેણે શાપુર જેવા પાદશાહ ઉપર વેલેર્યનની તરફથી ફરિયાદો ક્યાંથી લખી? આ કાગળોવાળી ફરિયાદની વાત ગિબન જોડી કહાડેલી માને છે. બીજા હાથ ઉપર મી૦ એડવર્ડ ટામ્સ સાસાની સિક્કાઓ અને લેખો બાબેનાં પોતાનાં પુસ્તકમાં લખે છે કે શાપુરના ઉપલા જુલમાતને લગતો એકપણ દાખલો એ પાદશાહના સંખ્યાબંધ લેખો અને ચિતારો ઉપરથી મુદલ મળતો નથી. મી૦ ટામસ તો અહીં સુધી લખે છે કે પાદશાહ પોતાના રૂમી હરીફને એટલું બધું માન આપતો હતો કે પોતાના એક લેખમાં શાપુરે વેલેર્યનને "આચાર્યોનો આચાર્ય" ને નામે ઓળખાવ્યો છે, કે જે નામથી રૂમી શેહેનશાહો ઓળખાતા હતા. એ રીતે ત્યારે વેલેર્યન ઉપર જુલમાત ગુજારવાનું તોહમત સરતાપા ખોટું પડે છે.

શાપુરે ઘણાંએક શેહેરો વસાવ્યાં હતાં, અને પુલો તથા મકાનો બંધાવ્યાં હતાં. કારૂન નદી ઉપરનો ઉપલો પુલ આજેબી "બંદે કએસર" ને નામે (એટલે રૂમી શેહેનશાહનાં નામથીજ) ઓળખાય છે. અહવાઝમાં 'શાપુર' નામનું, ખુજીસ્તાનમાં રૂમી કેદીઓને રાખવા માટે 'કંદે શાપુર' નામનું અને ખોરાસાનની સરહદ ઉપર 'નીશાપુર' નામનું શેહેર પોતાનાં નામ ઉપરથી તેણે વસાવ્યાં હતાં.

હાજીયાબાદ અને નકશે રજબ તથા નકશે રૂસ્તમખાતે તેના કેટલાક લેખો પણ છે, જેઓમાં તેની ફતેહોની થોડી ઘણી નોંધો જળવાઈ રહી છે. પુરાતન પર્સીપોલિસની પડોશમાં હાજીયાબાદનું ગામ છે, ત્યાંનો એક લેખ જે આજ સુધી હૈયાત રહેલો મળી આવ્યો છે, તે બીજા કેટલાક સાસાની લેખોની માફક ત્રણ ભાષાઓમાં કોત્રેલો છે. એઓમાંની બે ભાષા પેહલવી (સાસાની તથા ખાલ્દી) અને એક ગ્રીક છે. આ લેખમાં શાપુર પોતાને "ઇરાન અને અનઈરાનના પાદશાહોનો પાદશાહ" દાખલ ઓળખાવીને પોતાની બુન્યાદ આપતાં જણાવે છે કે તે પોતે ઈ-

રાનના પાદશાહોના પાદશાહ મજદયસ્ની પવિત્ર અર્દશીરનો બેટો અને પાદશાહ પવિત્ર બાબકનો નબીરો છે. આ લેખ ઉપરથી બે અગત્યની બાબતો સિધ્ધ થાય છે. એક એકે અર્દશીર પાદશાહ ગમે એવો બળવાન હોવા છતાં તે માત્ર ઇરાન સરજમીનનાજ પાદશાહોનો પાદશાહ હતો, પણ શાપુર તો જેમ ઇરાનના તેમજ અન-ઇરાનના યાને ઇરાનની સરહદની બહારના (થોડાક) પાદશાહોનો પાદશાહ હતો. બીજી વાત એ સાબેત થાય છે કે અર્દશીર બાબકની બેટીનો બેટો ન હતો, પણ તેનો પોતાનોજ બેટો હતો, અને તેથી શાપુર પોતાને તેનો નબીરો લેખાવે છે. હવે બાબકના સિક્કાઓ વિષે બોલતાં આપણુ જોઇ ગયા છિયે કે તેમાં પણ તેને તે પાદશાહનો બેટો લખેલો છે. આ રીતે સિકકા અને લેખોમાં અર્દશીર બાબકનો નબીરો નહિ પણ બેટો લેખાયો છે, તેનો સબબ શો? અગર જો તે તેનો બેટો નહિ હોય તો તેને આમ લેખવાનું કારણ શું? પણ ત્યારે મુસ્કેલી એ છે કે કારનામામાં અને ત્યાર પછી રચાયલાં શાહનામા તથા બીજાં ફાર્સી પુસ્તકોમાં અર્દશીરને બાબકનો નબીરો લખ્યો છે તેનું કેમ? આનું કારણ યુરોપિયન વિદ્વાનો એમ સમજાવે છે કે ઈરાનીઓ પોતાના નામચીન પાદશાહોને મોટાં પ્રખ્યાત ખાનદાનથી ઉતરેલા દેખાડવાને ઘણા ખાહેશમંદ હતા, અને તેથી કારનામામાં અને જ્યાંબી અર્દશીરને કેયાની વંશથી ઉતરેલો જણાવ્યો છે ત્યાં તેને બાબક જેવા એક ખુણે પડેલા પાર્સી હાકમના બેટા દાખલ ઓળખાવવાનું ઠીક નહિ લાગ્યાથી તેઓએ તેને કેયાની વંશ સાથ જોડી આપવાની તજવીજ કીધી છે. આ તજવીજ કેવી ભુલ ભરેલી છે તે આપણુ અર્દશીરનાં બયાનમાં આગળ જોઇ ગયા છિયે.

હવે ઉપલી તકરારને કેટલાંક વધારે મોતેબર પેહલવી પુસ્તકો ઉપરથી પણ ટેકો મળે છે. દાખલા તરીકે "દીનકર્દ" કેતાબ, જેને માટે ઉપર આપણુ જોઈ ગયા કે ખુદ અર્દશીરના પોતાના જમાનામાં દસ્તુર તોસરે તેની નકલ ઉતારીને પાદશાહી દફતરખાનામાં મુકી હતી, તેમાં અર્દશીરને બાબકનો નબીરો (દીકરીનો દીકરો) નહિ પણ બેટો કહ્યો છે. ઉપલી કેતાબનાં ૪ થાં અને ૭ માં દફતરોમાં આમ ખુલ્લા ઈશારા કરેલા મળી આવે છે, અને તેથી સિક્કાઓ અને લેખોમાં આવેલી અર્દશીરની બુન્યાદને મજબૂત ટેકો મળે છે દીનકર્દ" ની માફક "બુન્દેહેસ્ન" નામની પેહેલવી કેતાબ પણ એક ઠેકાણે (પ્રકરણ ૩૪, ફકરો ૯) ખુલ્લું લખે છે કે "અર્દશીર પાપકનો બેટો" હતો.

શાપુરના નકશ અથવા ચિતારો અનેક છે અને તેઓમાં મુખ્ય રૂમી શેહનશાહ ઉપરની પોતાની ફતેહની યાદગારીના છે, જેમાં વેલેર્યનના પગમાં હલકી બેડી જેવું અકેકું કડું પેહેરાવેલું જણાય છે, અને તેનો જમણો હાથ પોતે પકડીને પાદશાહ નવા શેહનશાહ દાખલ સિરિયેડિસને રૂમી શેહેનશાહાતનું તાજ આપે છે. શાપુરના સિક્કાઓમાં નવાઇ જેવું કંઇ નથી, પણ તેઓમાં તે પોતાને "મજદયસ્ની" દાખલ ઓલખાવે છે. તે ઉપરથી જણાય છે કે પોતાના બાપના જેવોજ શાપુર પણ મજ્દયસ્ની ધર્મ ઉપર જાનફેશાન હતો. દીનકર્દ અને બીજાં પેહેલવી પુસ્તકોમાં જણાવ્યા મુજબ શાપુરે પણ જરતોસ્તી ધર્મનાં દફતરો ભેગાં કરવા અને એ મજહબનો દેશમાં વધારે ને વધારે ફેલાવો કરવા માટે બનતી તજવીજ કીધી હતી. દીનકર્દનાં ચોથાં દફતરમાં લખ્યું છે કે શાપુરે પુરાણા ઇરાની, હિંદી, યુનાંની, અને રૂમી પુસ્તકોમાંથી પેહલવી ભાષામાં ભૂગોળ, ખગોળ, જ્યોતિષ, ફિલસુફી, તનદરોસ્તી વગેરે બાબતોની વિદ્યાના ફેલાવા માટેના ગ્રંથો બનાવવા ફરમાવ્યું હતું, અને તેઓમાંની દરેક ધર્મ સંબંધી તથા એલમને લગતી કેતાબની એકેક નકલ પાદશાહી કેતાબખાના માટે તૈયાર કરાવી હતી. એટલુંજ નહિ પણ અકબર પાદશાહની માફક આ પાર્સી પાદશાહે પણ પોતાની દરબારમાં અનેક જુદા જુદા મજહબવાળાઓને નોત્રીને ધર્મસંબધી વાદવિવાદ ચલાવી હતી, અને તે તકરારનું શેવટ મજદયસ્ની ધર્મના સર્વોપરીપણામાં આવ્યું હતું.

પાદશાહ શાપુરના વખ્તમાં માની નામે એક ચિતારાએ અનેક ધર્મોનો અભ્યાસ કરીને એક નવો પંથ ઉભો કીધો હતો. પ્રથમ તે ખ્રિસ્ટી થયો, અને "અર્જંગ" નામે પોતાનું એક નવું ધર્મ પુસ્તક લખીને ખ્રિસ્ટી ધર્મને સુધારી સ્વચ્છ કરવા માંગ્યો. આથી ખ્રિસ્ટી પાદરીઓએ તેને પોતાના પંથમાંથી હાંકી કહાડયો, જે ઉપરથી તેણે પાદશાહ શાપુરની મદદથી પોતાનો નવો ધર્મ કાયમ કરવા માંગ્યો, પણ તેના મજહબનું ભોપાળું જણાઇ આવ્યાથી પાદશાહે તેને દેશનિકાળ કહાડયો, અને તેણે પાછળથી જરતોસ્તી મજહબની વિરૂધમાં વધારે પગલાં ભરવાથી પાદશાહ બેહરામ ૧ લાએ તેનો જીવ લીધો હતો.

હોરમજ ૧ લો.

શાપુર પાદશાહ ઇસ્વી ૨૭૧ માં ૩૧ વરસ રાજ્ય ભોગવીને મરણ પામ્યો, જેની પછી તેનો બેટો હોરમજદ તખ્તનશીન થયો. કારનામામાં લખ્યું છે કે આ પાદશાહ આખાં ઈરાન દેશને એક પાદશાહાતમાં લાવી શકયો હતો, તેમજ આસપાસના નાના પાદશાહોને તેણે પોતાના તાબેદાર બનાવ્યા હતા, તથા યુનાન અને હિંદુસ્તાન કનેથી ખંડણી લેતી કીધી હતી, અને રૂમનો કયસર તથા ખતા, કાબૂલ અને તુરકસ્તાન વગેરેના હાકમો અને ખાકાનો તેના તાબેદાર થયા હતા. પણ આ સઘળી બિનામાં કારનામાના લખનારે અથવા બરાબર બોલિયે તો પહેલી નકલ ઉતારનારે પાદશાહનું નામ આપવામાં ભૂલ કરેલી છે. અર્દશીરનું બયાન પુરૂં કીધા બાદ છેલા ફકરામાં ઉપલી મતલબની વિગતો જણાવી છે, અને એ સઘળી ફતેહો કરનાર દાખલ હોરમજદને લેખ્યો છે. પણ અર્દશીર પછી તો આપણે ઉપર જોયું તેમ શાપુરે અમલ ચલાવ્યો હતો, અને તે ઘણો જાહોજલાલી ભરેલો અમલ હતો. માટે અમને લાગે છે કે કારનામામાં શાપુરનું નામ લખતાં નકલ ઉતારનારથી હોરમજદનું નામ લખાઈ ગયું છે. વળી એમ ગણવાના ટેકામાં બીજી દલીલ એ છે કે પાદશાહ હોરમજદે માત્ર એકજ વરસ રાજ્ય ભોગવ્યું હતું, અને પોતાના બાપ પછી બીજેજ વરસે તે ગુજરી ગયો હતો. તેના અમલમાં ઈરાનને કોઇપણ રાજ્યસાથ લડાઈમાં ઉતરવું પડયું ન હતું, અને તે અમલ તદન સુલેહ ભરેલો હતો. માટે કારનામાવાળાએ નામની દેખીતી ચૂક કરેલી સાબેત થાય છે, અને તે બિના આ ઠેકાણે દેખાડી આપવાની અમારી ફરજ સમજીયે છિયે.

પ્રકરણ ૪ થું.

મોજુદ કારનામાના હસ્તલેખ.

આ પુસ્તક તૈયાર કરવામાં ૪ જુદી જુદી હાથની લખેલી નકલોની હમોએ મદદ લીધી છે.

એઓમાં પેહલી અને સઘળેથી પુરાણી નકલ જે હાલમાં હસ્તી ભોગવતાં બીજાં એ પુસ્તકોનું મૂલ હોવું જોઈએ તે છે. એ ઘણી પુરાણી

કેતાબ જેમાં જુદાં જુદાં ૩૫ લખાણો સમાએલાં છે તેમાં આ કારનામું આવેલું છે અને તે ડાકટર દસ્તુર જામાસ્પજી મીનોચેરજી જામાસ્પ આસાનાના કેતાબખાનામાંની છે અને જેને માટે સફે ૫-૬માં હમો ઇશારો કરી ગયા છઈએ.

હાલ સુધીમાં જણાએલી સઘલી કારનામાની નકલોનું મૂલ એજ પુરાણી કેતાબ છે—એવું બીજી નકલોને એ જુણી નકલ સાથે સરખાવતાં જણાઇ આવે છે. આપણને જાણીતો વિદ્વાન ડાકટર વેસ્ત, જેણે ગયાં ૨૫ વરસનાં અરસામાં પેહલવી સાહિત્યના સંબંધમાં અઠાગ મેહનત લીધી છે અને ઘણા પેહલવી પુસ્તકોના તરજુમા* કીધા છે તેનુ પણ એજ મત છે. એ વિદ્વાન પોતાના "પેહલવી લીતરેચર" નામના ચોપાન્યામાં નીચે મુજબ એ પુસ્તક વિશે પોતાના વિચાર આપે છે:—

Like the Yâtkâr, this Kârnâmak in J has descended from a copy made by Rûstakhm-i Mitrō-āpān, and it is the original from which *all known copies have been derived*.

ઉપલા વાકયનો તરજુમો :—

અઇબાતકારની માફક, જે (એટલે દસ્તુર જામાસ્પજીના પુસ્તક)માં આવેલું આ કારનામું રૂસ્તમ મેહરઆવાને કીધેલી નકલ ઉપરથી લખવામાં આવેલું છે અને તે એક મૂલ છે કે જે ઉપરથી સઘલી જાણીતી નકલો કરવામાં આવેલી છે.

એ જુની કેતાબની નકલ કરનાર મેહર-આવાન કએખુસરૂ નામે એક ઇરાની મોબેદ હતો. એ મરહુમ મોબેદે ઇરાનથી હિંદુસ્તાનમાં આવીને

* એ વિદ્વાને હાલસુધીમાં પેહલવી નીચલાં પુસ્તકોના તરજુમા કીધા છે-;—૧. સને ૧૮૭૨ માં મીનોખેરદ પાજંદ સંસ્કૃત રોમન અક્ષરે, તેના અંગ્રેજી તરજુમા સાથે; ૨. સને ૧૮૮૦ માં બુંદહેશ્ન, બહમન યશ્ત અને શાયશ્ત-લા-શાયશ્તનો અંગ્રેજી તરજુમો (S. B. E. Vol. V.); ૩. સને ૧૮૮૨ માં દાદસ્તાને દીની, દસ્તુર માનુશચેહરે સોરકાનના જરથોશ્તીઓ ઉપર, પોતાના ભાઈ જાદસ્પરમ ઉપર તથા બીજા માજદયસ્નાનો ઉપર લખેલાં ૩ નામાઓ વગેરેનો અંગ્રેજી તરજુમો (S. B. E. Vol. XVIII.); ૪. સને ૧૮૮૫માં મીનોખેરદ, શેકંદ-ગુમાની-વજાર તથા સદદરનો અંગ્રેજી તરજુમો (S. B. E. Vol. XXIV); ૫. સને ૧૮૯૨ માં દીનકર્દ દફતર ૮ મા તથા ૯ માનો અંગ્રેજી તરજુમો (S. B. E. Vol. XXXVII); ૬. સને ૧૮૯૭ માં જરથોશ્તના મોજેજા (S. B. E. Vol. XLVII).

ધર્મસંબંધી કેટલીએક અગત્યની કેતાબોની નકલો કીધેલી છે. સારાં નસીબે એ મરહુમનાં હાથની લખેલી કેતાબો હાલ સુધી યુરોપમાં સચવાઈ રહેલી છે.

એ અઈબાતકારે જરીરાન—જેમાં જુદાં જુદાં ૩૫ લખાણોનો સંગ્રહ છે અને તેની સાથેજ આ "કારનામે અરદશીર બાબકાન" લખેલું મલે છે. એ આખી કેતાબ એ મેહરઆવાન કએખુસરોએ, રોજ ખુરશેદ માહ શેહરેવર કદીમ સને ૬૯૧*માં થાના (?) ટાપુ મધે લખેલી છે. અને તે સને ૩૨૪*માં રોજ દએ-પ-આદર માહ બહમનને દીને ભરૂચના આતશકદેમાં, દીનપનાહે અએતરપાદે દીનપનાહ નામના શખસે, શાહજાદે શાદફરોખ હોરમજદને માટે લખેલાં એક પુસ્તક ઉપરથી લખેલી લાગે છે.

એ પુરાણું અને કીંમતી ૧૩૬ પાણાનું પુસ્તક, તેની જોઈતી સંભાલ નહી લેવાવાને સબબે, હાલ ઘણી ખરાબ હાલતમાં આવી ગએલું છે. ઘણો લાંબો વખત સુધી જલદ વગરની છુટી હાલતમાં પડેલું રહેવાથી તેમધેનાં શુમારે ૧૭ પાણાં ગુમ થએલાં છે અને તે સાથે, સારી હાલતમાં બાંધીને સારી અને શુક્કી જગોએ નહી પણ કોઈ ભીનાસવાલી જગોમાં લાંબો વખત પાડી રાખ્વાથી તેનો મોટો ભાગ તેમાં ખાસ કરીને એ પુસ્તકનો પાછલો ભાગ ઉધઈથી ખવાઈ ગએલો છે. પણ હજી સારા નસીબે આજથી ૧૩૧ વરસની વાત ઉપર એટલે સને ૧૧૩૬ યજદજરદીમાં, જ્યારે એ પુરાણું પુસ્તક હાલ કરતાં વધારે સારી હાલતમાં હશે તે વખતે, મરહુમ દસ્તુર જમશેદ બિન જામાસ્પ બિન આસા વલદે ફરેદુને, એ આખાં પુસ્તકની ઘટતી સંભાલથી એક નકલ કરી રાખેલી છે. તે નકલની મદદથી એ પુરાણાં પુસ્તકમાંથી ગુમ થએલાં પાણાંનો તથા ઉધઈથી ખવાઈ ગએલા અથવા ખરાબ થએલા ભાગનો મોટે ભાગે ખાતરીપૂર્વક ઉતારો કરવાને બની આવે છે. આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવેલું અર્દશીર બાબકાનનું આખું કારનામું તદન સારી હાલતમાં રહેલું છે. આ છાપેલાં પુસ્તકમાં બીજી કેતાબો સાથે એનો મુકાએલો કરતાં એ ચોપડીને હમોએ M K (એટલે મેહરઆવાન કએખુસરો) નામ આપેલું છે.

* આ ૬૯૧ તથા ૩૨૪ કયો સને, યજદજરદી કે પારસી તે આ બંધે કોલોફનમાં જણાવેલું નથી. ૩૨૪ ને બદલે દાકટર ઈ. દબલ્યુ વેસ્ત ૬૨૪ સને લીએ છે કારણ અસલ જુણી અઇબાતકારની નકલમાં એ જગોએ પાનું ઉધઈથી ખવાઈ ગએલું છે પણ એજ આખી કુતાબની નકલ યજદજરદી સને ૧૧૩૬ માં મરહુમ દસ્તુર જમશેદ બિન જામાસ્પ બિન આસા વલદે ફરેદુને કરેલી છે તે મધે બરોબર ૩૨૪ છે તે હમોએ અત્રે લેવો દુરસ્ત ધાર્યું છે.

એ ઉપલાં પુસ્તક સિવાય બીજાં કેટલાંએક આપણાં ધર્મને લગતાં કીમતી પુસ્તકોની એ મરહુમ મેહર-આવાન કએખુસરોએ નકલો કીધેલી છે તેઓ મધેથી જે પુસ્તકો હાલસુધીમાં સચવાઈ રહેલાં જણાયાં છે તેની નોધ હમો નીચે આપીએ છઇએ.—

૧. યજશ્ને તેના પેહલવી તરજુમા સાથે. એ કેતાબ એ મેહર-આવાન કએખુસરોએ ખંબાતમાં રોજ બહમન માહ ફરવરદીન સને ૬૯૨ યજદરદી (તા. ૨૬ મી જાનેવારી સને ૧૩૨૩ ઈસવી) માં, ખંબાતના એક રહીશ ચેહલ સંગનને માટે લખેલી હતી. ખંબાતથી કોઈ સંજોગે એ કેતાબ ભરૂચ આવી અને ભરૂચથી મરહુમ દસ્તુર જામાસ્પ આસાના હાથમાં ગઈ. સેવટે એ કેતાબ દસ્તુર જામાસ્પ આસાના ખાંનદાનમાં ઉતરતી ઉતરતી દસ્તુર ડાકટર જામાસ્પજીના હાથમાં આવી. તે પછી એ પુરાણી અને કીમતી કેતાબ દસ્તુર જામાસ્પજીએ સને ૧૮૯૨ ઈસવીમાં ઓક્ષફર્ડની યુનીવરસીટીને ભેટ કીધી અને તેની ફોટોગ્રાફની મદદથી કરેલી હુબહુ નકલ (collotyped facsimile) કરાવીને ઓક્ષફર્ડમાં રેવરંડ ડાકટર એલ. એચ. મીલસે સને ૧૮૯૩ ઈસવીમાં પ્રગટ કીધી છે. એની અસલ નકલ ઓક્ષફર્ડ યુનીવરસીટીના બોદલીઅન કેતાબખાનામાં મુકવામાં આવી છે.

૨. વંદીદાદ તેના પેહલવી તરજુમા સાથે. એ કેતાબ એજ મેહર આવાન કએખુશરોએ રોજ દીન માહ તીર સને ૬૯૩ યજદજરદી (તા. ૧૮ મી મે સને ૧૩૨૪ ઈસવી) માં ખંબાતમાં લખેલી છે. એ કેતાબ મેહર-આવાન કએખુસરોએ, યજદજરદી ૫૫૪ માં રોજ સરોશ માહ તીર (તા૦ ૧૦ મી મે ૧૨૦૫ ઈસવી)માં અર્દશીર બહમન રોજ-વેહ શાહપુર્જીન શાહમર્દ નામના ધનીએ કીધેલી એક નકલ ઉપરથી એ મેહર-આવાનના વડવા રૂસ્તમ મેહર-આવાન મર્જબાને નકલ કીધી હતી તેના ઉપરથી, એ નકલ કીધેલી છે, અને હાલમાં એ કેતાબ કોપનહેગનની યુનીવરશીટીમાં સચવાઈ રહેલી છે.*

૩. વંદીદાદ તેના પેહલવી તરજુમાં સાથે. એ કેતાબ એજ ધણીએ રોજ ખુરદાદ માહ આવાન સને ૬૯૨ યજદજરદી સંવત ૧૩૭૮ (તા. ૨૮મી આગસ્ત ૧૩૨૩ ઈસવી) માં નોશારી મધે લખેલી છે અને હાલમાં એ કેતાબ લંડનની ઇન્ડીઆ ઓફીસમાં સચવાઇ રહેલી છે.*

* જુવો ગેલડનેરનો અવસ્તા તેહ્કત દીબાચો પેજ ૬ ઠો તથા ૯ મો.

૪. યજશને તેના પેહલવી તરજુમા સાથે. એ કેતાબ પણ ઉપલાજ મરહુમ મોબેદે ખંબાત મધે એર્વદ રૂસ્તમ મેહર-આવાને લખેલી એક નકલ ઉપરથી ખંબાતના રહીશ ચાહેલ્લ સંગન નામના એક ગ્રહસ્થને માટે રોજ આસમાન માહ દએ સને ૬૯૨ યંજદજરદી, સંવત ૧૩૭૯ (તા. ૧૭ મી નવેમબર સને ૧૩૨૩ ઈસવી) માં લખી હતી અને તે હાલમાં કોપનહેગનની યુનીવરસીટીની લાઈબ્રેરીમાં સચવાઇ રહેલી છે.

૫. એક પેહલવી આખું દફતર જેમાં કેટલાંએક પેહલવી લખાણો સાથે કેટલોક ભાગ અવસ્તાનો લખવામાં આવેલો છે. એ દફતરમાં સઘલાં મલીને જુદાં જુદાં ૨૦ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવેલો છે જેમાં બુન્દહેશ્ન કેતાબબી છે જે ઉપરથી મરહુમ વેસ્તરગાર્ડે તેની એક ફેકસીમીલી છપાવેલી છે. એ આખું દફતર પણ એજ મેહર-આવાન કએખુસરોએ, પારસી સને ૬૧૮માં રૂસતમ મેહર-આવાન મરજબાન નામના એના વડીલના હાથની લખેલી નકલ ઉપરથી, નકલ કીધેલું ધારવામાં આવે છે.* એ દફતરમાં જુદા જુદા ત્રણ કોલોફનો, જુદા જુદા સનેના, ઉપલા મેહર-આવાનના લખેલા મલે છે. યઝદજરદી સને ૬૯૦, ૭૨૦, અને ૭૦૦. એ પુસ્તક પણ કોપનહેગ-નની યુનીવરસીટીની લાઇબ્રેરીમાં સચવાઇ રહેલું છે.

બીજી ચોપડી જે આ છાપેલી ચોપડી સાથે સરખાવી છે, તે રોજ હોરમજદ માહ ફરવરદીન સને ૧૧૩૬ યજદેજરદી (તા. ૧૭ મી સપતેંમબર સને ૧૭૬૭ ઈસવી)ને દીને મરહુમ દસ્તુર જમશેદ બિન જામાસ્પ બિન આસા વલદે ફરેદુને, મજકુર મેહર–આવાન કએખુસરોએ લખેલી ઉપલી પુરાણી કેતાબ ઉપરથી ઉતારેલી નકલ છે. એ મરહુમ દસ્તુરે એ કેતાબની શરૂઆતમાં પાજંદ બુંદહેશ્નની કોઈ બીજી કેતાબ ઉપરથી નકલ કીધી છે તે પછી ઉપલી મરહુમ મેહર–આવાન કએખુસ-રોએ લખેલી પુરાણી આખી કેતાબની નકલ કીધી છે. જ્યારે દસ્તુર જમશેદે એ ઉપલી કેતાબની નકલ કીધી તે વખતે એટલે આજથી ૧૩૧ વરસ ઉપર, એ જુણી કેતાબ છુટેલી હાલતમાં હતી અને તેના પાછલા ભાગના કેટલાંએક પાના કોઈએ વગર સહમજવે હેરફેર કરી નાખેલાં હતાં તે મજકુર દસ્તુરે તેની નકલ કરતી વખતે જેમનાં તેમ નકલ કરી

* જુવો ડાકટર દસ્તુર હોશંગજી તથા ડાકટર હાઉગે ઇસવી સને ૧૮૭૨ માં પ્રગટ કરેલું વીરાફ નામું, ઈન્ટ્રોદકશન પેજ ૫ મે; તથા પેજ ૨૪૫ મે આવેલો કોલોફન તથા ગેલડનરના અવસ્તાનો દીબાચો પેજ ૮ મો.

નાખેલાં છે. એજ પુરાણી ચોપડીની એક નકલ સને ૧૮૭૫ માં ડાકટર વેસ્તે કીધી છે. તે નકલ કરતી વખતે એ વિદ્વાને તે હેરફેર થએલાં પાનાઓ અથવા વરકો પાછાં બરોબર તેઓની ઘટતી જગો મુજબ ગોઠવેલાં છે. મુકાબેલો કરતાં એ ચોપડીને JJ નામ હમોએ આપેલું છે. એ કેતાબ હાલમાં મરહુમ માનેકજી લીમજી હાતરીઆનાં કેતાબખાનાના તરસ્તીઓના સ્વાધીનમાં છે.

ત્રીજી કેતાબ જે આ પુસ્તક સાથે હમોએ સરખાવી છે તે નોશારીવાલા દસ્તુર એદલજી નવરોજજી મેહરજીરાણાનાની છે. એ કેતાબ બીજી કેટલીએક કેતાબોની સાથે રોજ ૨૪ મો માહા ૧૨ મો સને ૧૨૪૭ યજદજરદીમાં મજકુર દસ્તુર એદલજીએ પોતેજ લખેલી છે. આ ચોપડીની સરખામણી કરતાં એ ચોપડીને EN નામ હમોએ આપેલું છે.

ચોથી કેતાબ જે આ ચોપડી સાથે હમોએ સરખાવી છે તે હમારી પોતાની છે અને તે હમોએ બીજી કેતાબોની સાથે યજદજરદી સને ૧૨૪૪માં જુદી જુદી કેતાબો ઉપરથી લખેલી છે. એ હમારી ચોપડીમાં લખવામાં આવેલું આ કારનામે અર્દશીર બાબકાન ઉપલી EN (એટલે દસ્તુર એદલજી નવરોજજીની કેતાબ)માં આવેલાં કારનામાને, નકલ નવેસોથી જે ભુલ થઈ હોએ તે સીવાય, લગભગ મલતુંજ છે. એ હમારી ચોપડીમાં આવેલો હેરફેર દેખાડતાં નીચે નોટમાં હમોએ એને EK નામ આપેલું છે.

ઉપલી બંધે ચોપડીઓ EN અને EK માં આ છાપેલી ચોપડીને સફે ૨૩ માં નોટ નંબર ૮ મીમાં જણાવ્યા મુજબ કેટલીક લીટીઓ વધારે લખાએલી મલી આવે છે જે હમોએ આ કેતાબની સેવટે એપેન્દીક્ષ A માં આપેલી છે. એ વધારાનું લખાણ મેહર-આવાન કએખુસરોએ લખેલી પુરાણી કેતાબમાં જોવામાં આવતું નથી, તેથી એ લખાણ એ પાછલી બે ચોપડીઓમાં કયાંથી કેમ અને કયારે દાખલ થયું તે કહી શકાતું નથી. પણ શાહનામા સાથે સરખાવતાં એ લખાણ અસલ એ કારનામાને લગતુંજ હોએ એમ લાગે છે. આ છાપેલી ચોપડીમાં દરેક બાબતની શરૂઆતમાં પેહલવીમાં જે મથાલાં આપવામાં આવ્યાં છે તે, ફીરદોસી તુસીના શાહનામા મધે એ અર્દશીર બાબકાનને લગતી બાબતોનાં મથાલાં કરવામાં આવેલાં છે તે ઉપરથી, લીધાં છે. એ મથાલાઓના અનુક્રમ ઉપરથી જણાશે કે શાહનામામાં આવેલી એ તવારીખની બાબતોનો અનુક્રમ આ અર્દશીર બાબકાનના કારનામાના અનુક્રમને તદન મલતો

છે. ફકટ નીચલી (૧) હફ્તવાદનું દાસ્તાન તથા કિર્મની હકીકત અને (૨) અર્દશીર બાબકાનની પાદશાહી તથા બગદાદમાં તેનું તખ્ત ઉપર બેશવું,—એ બે મથાલાવાલી બાબતો શાહનામામાં વચમાં, અને નીચલી (૧) અર્દશીરની અકલમંદીનું દાસ્તાન તથા તેનું કારનામું, (૨) ખેરરાદ નામે એક ઇરાની પેહલવાને અર્દશીરની તારીફ કરવી, (૩) આ જમાનાની બેવફાઈ અને (૪) અર્દશીરે પોતાના બેટા શાપુરને નસીહત કરવી, તથા અર્દશીરનું મરણ,—એ ૪ મથાલાંવાલી બાબતો શાહનામામાં સેવટે વધારે છે. એ રીતે શાહનામાની બાબતોનો અનુક્રમ આ કારનામામાં આવેલી બાબતોના અનુક્રમ સાથે સરખાવતાં, છેલ્લી બે નકલો EN તથા EK માં આવેલો વધારો જે આ ચોપડીની સેવટે એપેન્દીક્ષ A તરીકે આપેલો છે અને જેમાં અર્દશીરનાં અર્દવાનના તખ્ત ઉપર બેસવાની બાબત આવેલી છે તે શાહનામાના અનુક્રમ પ્રમાણે આ છાપેલાં પુસ્તકને ૪૧ મે સફે આવવી જોઈયે—એમ લાગે છે.

જુણી અઇબાતકારે જરીરાનમાં આવેલા કોલોફનો.

આ નીચે આપેલો ૧ લો કોલોફન અઇબાતકારે જરીરાન જે ગુસ્તાસ્પ શાહનામાને નામેથી ઓલખાય છે અને જેમાં ઇરાની શાહ ગુસ્તાસ્પ અને ખ્યોની શાહ અર્જાસ્પ વચેની ધર્મની લડાઇનું બયાન આવેલું છે તે પછી આવેલો છે.



[illegible]

ઉપલા ૧ લા કોલોફનમાં રોજ માહ તથા કોઈબી સને આપેલો નથી પણ એ ઉપરથી એટલું સીધ થાએ છે કે એ કેતાબ પેહલવેહલી કોઈ દીનપનાહ નામના શખસે શાહજાદે શાદ ફરોખ હોરમજદને માટે લખી હતી તેના ઉપરથી રૂસ્તમ મેહરઆવાને એક નકલ કીધી હતી અને તે નકલ ઉપરથી મેહરઆવાન કએખુસરોએ નકલ કીધેલી જે હાલ સુધી સચવાઇ રહેલી છે અને બીજી એ જાતની સઘલી નકલો એ છેલી નકલ ઉપરથી થએલી લાગે છે.

II

[illegible]

આ ઉપલા બીજા કોલોફન ઉપરથી જણાએચ કે, પેહલા કોલોફનમાં જણાવ્યા પ્રમાણે, આ જુદી જુદી ચોપડીઓનો સંગ્રહ, રોજ દએપાદર માહ બહમન સને ૩૨૪ માં દીનપનાહ આદરબાદ દીનપનાહે શાહજાદે શાદ ફરોખ હોરમજદ નામના કોઈ શખસને માટે ભરૂચના કોઈ આતશ-કદેહમાં લખેલી હતી.

એ કોલોફનમાં સને કયો તે ખુલ્લું જણાવેલું નથી. સાસાની વંશનો છેલો પાદશાહ યજદજરદ તખતે બેઠો તે દીવસથી જે સને ચાલુ થયો તે યજદજરદી સનેને નામે ઓલખાએ છે અને તે વાત આપણા લોકોને જાણીતી છે પણ યજદજરદના ગુજરવાથી પારસીઓની પાદશાહી ખતમ થઈ તે દીવસથી ઈરાનમાં એક નવો સને, પારસી સનેને નામે ચાલુ થયો હતો અને તે યજદજરદના તખતે બેશવા પછી ૨૦ વરશે ચાલુ થયો હતો. જો ઉપલો સને ૩૨૪ યજદજરદી હોએ તો રોજ ૮ મો દેપાદર

માહ ૧૧ મો બહમન તારીખ ૨૮ મી ફેબરવારી સને ૯૫૬ ઈસવીની મુકાબેલ લેવો જોઈએ પણ જો એ રોજ ૮ મો માહ ૧૧ મો સને ૩૨૪ પારસી સનેનો હોએ તો તારીખ ૨૩ મી ફેબરવારી સને ૯૭૬ ઈસવીને દીને પડેલો લેવો જોઈએ. એ રીતે લેતાં મજકુર દીનપનાહ આદરબાદે એ કેતાબ લખવાને આજે ૯૨૨ અથવા ૯૪૨ વરસ થયાં એમ ઠરે છે.

એજ દીનપનાહ આદરબાદે લખેલી એ કેતાબ ઉપરથી મરહુમ એર્વદ જાદે કામદીન એર્વદ શેહરયાર (અથવા યજદયાર) એર્વદ નેર્યોસંગ એર્વદ સમન્દે નકલ કીધેલી હતી તેણે ઉપલોજ ૨ જો કોલોફન ઉતારી લીધો છે પણ તેમાં મહીનાનો ફેર છે અને સનેને બદલે સંવત લખેલો મલે છે. તે કોલોફન મજકુર કામદીન શેહરીઆરના કોલોફન સાથે નીચે મુજબ છે:—

III

[illegible]

[illegible]

એ ઉપલા ૩ જા કોલોફનમાં રોજ ગોશ માહ અર્દીબેહસ્તની સાથે સંવત ૧૦૭૭ આપેલો છે, તે ઉપરથી એવું ઠરે છે કે દીનપનાહે સને ૩૨૪ માં એ ચોપડી લખવા પછી, ૬૫ વરશે એટલે ઈસવી સને ૧૦૨૧ માં કોઈએ તેની ઉપરથી નકલ કીધી હોએ અને તેણે દીનપનાહનો કોલોફન કાયમ રાખીને પોતે નકલ કીધી તેનો રોજ માહ તથા સંવત લખ્યો હોએ. એ પછી તે લખેલી નકલ ઉપરથી કામદીન શેહરીઆરે (અથવા યજદયારે) નકલ કરતાં આગલો સંવત સાથનો કોલોફન બી ઉતારી લઇને પોતાનો કોલોફન જુદો લખ્યો અને તેમાં પોતાનો રોજ માહ તથા સને લખવાનો પડતો મુકયો અથવા ભુલથી લખવાનો રહી ગયો હોએ.

એ મજકુર કામદીન શેહરયારના નબીરાં ઉસ્તાદ પેશીતન રામે ભરૂચ મધે રોજ ફરવરદીન માહ બહમન સને ૭૬૬ યજદજરદી (તા૦ ૨૧ મી અકટોબર સને ૧૩૯૭ ઈસવી)ને દીને, રૂસ્તમ મેહરઆવાન મર્જબાન દહેસ્નયારે, રોજ અમેરદાદ માહ શેહરેવર સને ૬૧૮ પારસી એટલે સને ૫૯૮ યજદજરદી (તા૦ ૧૦ મી જુલાઇ સને ૧૨૨૯ ઇસવી)ને દીને લખેલી ગોસ્ત ફરીઆન તથા અર્દાવીરાફની નકલ કીધેલી છે તે ઉપરથી મજકુર કામદીનનો વખત મુકરર થઈ શકે છે.*

અઈબાતકારે જરીરાનમાં ઉપલા ૨ જા કોલોફન પછી તુરત નીચલો કોલોફન મલે છે:—

IV [illegible]

એ ૪ થો કોલોફન મેહરઆવાન કએખુસરોએ રોજ ખુરશેદ માહ શેહરેવર કદીમ સને ૬૯૧ યજદજરદી (એટલે તારીખ ૪ ઠી જુલાઈ સને ૧૩૨૨ ઇસવી) માં થાના જજીરામાં લખેલો છે—એટલે એ કેતાબ થાના મધે લખાએલી ઠરે છે.

આ કારનામાની સેવટે, અઈબાતકાર અને તેની સાથની બીજી ચોપડીઓની નકલ કરનાર મેહરઆવાન કએખુસરો નીચલા એક વાકયમાં રૂસ્તમ મેહર-આવાનના રવાનની અમરગી ચાહે છે કે જેણે એ કેતાબની એક નકલ કીધી હતી અને જેની નકલ ઉપરથી મેહરઆવાને પોતે આ નકલ કીધી હતી તે વાકય નીચે મુજબ છે.

V [illegible]

* જુવો વીરાફનામું તથા કીસેએ ગોસ્તે ફર્યાન પેજ ૨૪૫ મો.

VI [illegible]

ઉપલો ૬ ઠો કોલોફન એ અઈબાતકાર જરીરાનવાલી કેતાબ તમામ પુરી થયા પછી સેવટે મેહરઆવાન કએખુસરૂનો લખેલો છે. એ મધે મેહરઆવાન જણાવેચ કે આ કેતાબ હિંદુસ્તાન મધે થાના શેહરમાં ત્યાંનાં આતશકદેહમાં રોજ ફરવરદીન માહ આદર સને ૬૯૧ માં (તા૦ ૧૦ મી સપતેમબર ૧૩૨૨ ઇસવી) હું જે દીનનો બંદો એર્વદ જાદે મેહર-આવાન કએખુસરો મેહર-આવાન સ્પંદયાર બેહરામ મર્જબાન-તેણે પોતાને માટે લખી છે.

એ ઉપલા ૬ ઠા કોલોફન પછી નીચલો સંસ્કૃતમાં લખેલો કોલોફન મલે છે.

VII संवत् १३७७ वर्षे कार्त्तिक शुदि १४ बुधे पार्सी सन ६९० वर्षे माह आदर रोज फरुअरदीन आद्यह ठाणां वेलाकुले सूलतान श्री गेयास-दीन राज्ये परिपंथयतीत्येवंकाले एरांनजमींदेशात् समायात् पारसी आचार्य-मिहिरवानस्य बहुमान लेखापनं कागलं च प्रदाय पारसी व्यव सांगण सुत व्यव चाहिलेन पुण्यार्थं एतस्य पार्श्वात पुस्तकमिदं लिखापितं शाहनामा गुस्तास्प पंदनामा आदरपाद मारस्पंदनामा यः कोपि पुस्तकमिदं रक्षति पठति वा तेने व्यव चाहिलस्य पूर्वजानां मुक्तात्मनां तथा एतस्य निमत्तं पुण्यं करणीयं ॥

એ ઉપલો સંસ્કૃત કોલોફન જેની ભાષા ઘણી અશુધ છે તે કયારે અને કોણે લખ્યો તે વિશે એમાં કસુ જણાવેલું નથી. એમાં ઉપલા ૬ ઠા કોલોફનમાં મેહરવાન કએખુસરોએ લખેલો પોતાનો રોજ માહ અને સને ઉપરાંત સંવત તથા તિથિ અને વાર આપવામાં આવેલો છે. સનેમાં પણ ૬૯૧ ને બદલે સને ૬૯૦ લખવાની ભુલ થઇ છે તે સાથે ઉપલા પેહલવી કોલોફન મુજબ સને ૬૯૧ સાથે સંવત ૧૩૭૭ બરોબર મલતો નથી. એ કોલોફન લખનાર જણાવેચ કે સંવત ૧૩૭૭ ના વરસમાં કાર્તક શુદ ૧૪ વાર બુધ પારસી સને ૬૯૧ રોજ ફરવરદીન માહ આદર સુલતાન શ્રી ગયાસઉદદીનના રાજ્યના અમલમાં ઈરાન દેશથી એક પારસી આચાર્ય મેહરવાન આવ્યો હતો. તેને ઘણાં માનપૂર્વક કાગજો લખીને બોલાવ્યો હતો. તેની પાસે **મરનાર** સાંગણના છોકરા ચાહિલે પોતાના પુણ્ય માટે આ ગુસ્તાસ્પનું શાહનામું તથા આદરબાદ મારેસ્પંદનું પંદનામું લખાવ્યું છે. જેથી કોઇ આ પુસ્તક રાખે અથવા પઢે તેણે **મરનાર** ચાહિલ અને તેના વડીલોના રવાનોના હકમાં ભલી દુઆ ચાહવી.

એ ઉપલા સંસ્કૃત કોલોફનની નીચે નીચલો વાકય પેહલવીમાં લખેલો મલે છે.

VIII [illegible]
[illegible]
[illegible]

રોજ દપમેહર માહ તીરને દીને આ ચોપડી ચાહેલને માટે મેં લખી છે. જે કોઇ રાખે જે કોઇ પઢે તેણે તેના અને તેના ન્યાગાનોના હકમાં બેહસ્ત ચાહવું સજાવાર છે.

ઉપલા પેહલવી વાકયની નીચે મરહુમ દસ્તુર જમશેદ જામાસ્પ ફારસીમાં લખેચ કે આ રોજ માહ સંસ્કૃતમાં જે આ સફા ઉપર મેં લખ્યો છે તે અસલ કેતાબમાં લખેલો હતો તે હયાં (એટલે આ મારી કીધેલી નકલમાં) પણ મેં લખી રાખ્યો છે. તે ફારસી વાકય નીચે મુજબ છે.—

این روز ماه در سنسکرت که بر این صفحه نوشته ام در اصل
این کتاب نوشته بود در اینجا هم ثبت کردم.

દસ્તુર જમશેદ જામાસ્પે કીધેલી નકલમાં નીચલા બે કોલોફન છે.

تمام شد این کتاب اوزوارش شهنامه گشتاسپ و پند نامه
آدرباد بن مارسفند وغیره به دستخط اضعف عباد کمترین دستوران
دستور جمشید بن دستور جاماسپ ابن آسا ولد فریدون ساکن
قصبه نوساري روز اورمزد ماه شهرور سنه ۱۱۳۶ یزدجردي
مطابق چهاردهم سواد سنه ۱۱۸۰ هجري هرکه خواند دعا رساند
به یزدان کام باد.

संवत् १८२३ वर्षे रोज १ माह ६ फाल्गुन वद १ लषितं अयं शाहनामा त्था पंदनामा आदरपादमारास्फंदकृतं लेखक दस्तुर जमशेद दस्तुर जामास्पजी आशाजी फरेदुनजी अंतः नागमंडले नोसारी नगरे शुभं भवतु सततं सुखमस्तु सदाविजयोस्तु एवमस्तु यथा आशिर्वादयामि ॥ १ ॥

બનામે ખુદા !

અર્દશીર બાબકાનનાં કારનામાનો

ગુજરાતી તરજુમો.

તેજસ્વી, ખુરેહમંદ દાદાર અહુરમજદનાં નામ અને કુવત અને મદદથી (આ લખાણ હું શરૂ કરૂં છું). તમામ ભલા લોકો અને નેક કામ કરનારાઓને તંદરોસ્તી અને લાંબી જીંદગી હોજો ! ખાસ કરીને તેને (હોજો) કે જેને માટે આ (કેતાબ) લખવામાં આવી છે.*

બાબ ૧ લો.

બાબકે સાસાનને ખાબમાં જોવો તથા પોતાની બેટી સાથે તેના નેકાહ કરી આપવા વિષે. †

(૧) અર્દશીર બાબકાનનાં કારનામામાં[૧] આ પ્રમાણે લખેલું છે કે સેકંદર રૂમીના મરણ પછી ઇરાન દેશના ૨૪૦

---

* કારનામાની આગમજ આ મથાલું મેહરઆવાન કએખુસરોએ લખેલું લાગે છે. " અઇબાતકારે જરીરાન " વગેરેની પુરાણી કેતાબ એ ધણીએ ખંબાતના રહીશ **ચેહલ સંગનને** માટે લખેલી હતી તેથી હિયાં તેને માટે તંદરૂસ્તી ચાહવામાં આવી છે. જુઓ દીબાચો પેજ ૩૩, તથા કોલોફન નંબર ૭ મો તથા ૮ મો પેજ ૩૯ મો તથા ૪૦ મો.

† અસલ કારનામાની કેતાબમાં છુટા બાબ કે ફકરા પાડવામાં આવેલા નથી. હિયાં અને બીજીગમ છુટા બાબ કરીને મથાલાં આપવામાં આવ્યાં છે તે મરહુમ ફીરદોશી તુસીનાં શાહનામાં ઉપરથી લેવામાં આવ્યાં છે, અને ફકરાઓ આ તરજુમો કરનાર તરફથી પાડવામાં આવેલા છે.

૧. જેમાં મહાભારત કામો કરનારાઓનું વર્ણન કરવામાં આવ્યું હોએ તેને પેહલવીમાં 'કારનામક' અને ફારસીમાં 'કારનામે' એટલે તવારીખ અથવા જંગનામે કહે છે.

કદખુદા[2] (હાકમો) હતા. (૨) ઇસ્પહાન અને પાર્સ અને તેની નજદીકના ભાગો અર્દવાન સરદારના હસ્તકમાં હતા. (૩) બાબક પાર્સનો મર્જબાન તથા હાકમ હતો અને તે અર્દવાનનો નેમેલો હતો. (૪) અર્દવાનનું[3] પાએતખ્ત ઇસ્તખરમાં હતું. (૫) અને બાબકને તેનું નામ રાખનાર કંઇબી ફરજંદ નહી હતું. (૬) અને સાસાન બાબકનો ગોવાલ્યો હતો અને હમેશાં તેના ગોસ્પંદો સાથે રેહતો હતો અને તે **દારાએ દારાનાં**[4] તોખ્મથી હતો અને સેકંદરની બુરી હકુમતમાં (તેની બીકથી) નાસભાગ કરતો અને છુપાઈ રેહતો હતો, અને કુર્દી ગોવાળ્યાઓની સાથે પોતાનો વખત ગુજારતો હતો. (૭) બાબક નહિ જાણતો હતો કે સાસાન દારાએ દારાની તોખ્મથી જન્મેલો છે.

(૮) બાબકે એક રાત્રે એવો ખાબ જોયો કે આફતાબ સાસાનનાં માથાં ઉપર પ્રકાશે છે અને તે તમામ જેહાનને રોશન કરે છે.[5] (૯) બીજી રાત્રે તેણે એવો ખાબ જોયો કે સાસાન એક શણુગારેલા સફેદ હાથીથી ઉપર બેઠેલો છે, અને મુલકના

અંજુમન આરાએ નાસેરીમાં જણાવ્યા પ્રમાણે અર્દશીર બાબકાને પોતે હિકમત, ખુદા પરસ્તી તથા ખુદા શનાસી વગેરે બાબતે ઉપર એક કેતાબ લખેલી હતી જેને **કારિસ્તાનને** નામે ઓલખવામાં આવતી હતી.

૨. [illegible] (કતક–ખુતાએ)=[illegible] (કદખુદા) એટલે ઘર તથા મોહલ્લાનો વડો અને તે ઉપરથી હાકેમને અર્થે વપડાએલો છે.

૩. શાહનામામાં જણાવ્યા મુજબ બેહરામ એટલે અર્દવાને બુજોર્ગ શીરાજ તથા ઈસ્ફહાનમાં મોટો પાદશાહ હતો અને બાબક તેના હાથ તલે ઈસ્તખરમાં હાકેમ હતો. જુઓ આ સાથે શાહનામાં ઉપરથી આપેલો ફારસી ઉતારો પેજ ૧ લો બએત ૧૫–૧૮; પેજ ૧૦ મો બએત ૧૯ મી. **નોએલદેકે** પણ એ ફકરા ૪ થામાં 'અર્દવાનને' બદલે પાપક લેવા સુચવે છે.

૪. "દારાએ દારાયાનની પાદશાહીમાં અલકજંદર કએસર આરૂમથી ધસારો કરતો ઇરાન શેહર ઉપર આવ્યો, શાહ દારાએને મારી નાંખ્યો, તમામ પાદશાહી ખાન્દાનનાઓનો તથા મોબદાન મોબદો જેઓ ઈરાન શેહરમાં મશાહુર થએલા હતા તેઓનો નાશ કીધો. ઘણા આતશખાનાઓને સર્દ કીધાં, અને મજદયસની દીનનાં પુસ્તકોની જંદ એટલે તરજુમો કરાવી લઈને તે આરૂમ તરફ મોકલી આપ્યો, અવસ્તા બારી નાખ્યા અને ઈરાન શેહેરને ૯૦ **કદ—ખુદાઓમાં** વેહચી નાખ્યું." (મોટી બુન્દહેશ્ન.)

૫. એ ફકરા ૮ માં આવેલી ખાબની હકીકત શાહનામામાં નથી. ૯ માં તથા ૧૦ માં ફકરામાં આવેલા બે ખાબનું બયાન શાહનામામાં એજ મુજબનું મલે છે.

તમામ લોકો તેની આસપાસ ઉભેલા છે, તેને નમસ્કાર કરે છે, તેની તારીફ કરે છે અને તેની ઉપર દુઆ કરે છે. (૧૦) ત્રીજી રાત્રે તેણે એવો ખાબ જોયો કે આદર ફરેનોબગ[6], અને આદર ગોશસ્પ અને આદર બુરજીનમેહર[7] સાસાનના મકાન ઉપર પ્રકાશે છે અને તમામ જેહાનને રોશની બક્ષે છે.

---

૬. [illegible] અવસ્તા [illegible] = આદર ફરેનોબગ, આદરફરોબગ, અને પેહેલવીમાં [illegible] (આતુન ગદમન)બી કહે છે, અને પાજંદમાં [illegible] અથવા [illegible] અને [illegible] કરીને કહે છે. શાહનામામાં અને آذر خراد કહેલોછે.

૭. આદર ફરોબગ (ફરેનબગ),—એ આતશ જમશેદ પાદશાહે ખાર્જમ મધે **ખુરેહઓમંદ** પાહડ ઉપર સ્થાપ્યો હતો. શાહ ગુશ્તાસ્પે જરથોશ્તી દીન જાહેર થવાના વખતમાં ખાર્જમથી તેને કાબુલમાં લઈ જઇને **રોશન** પાહડ ઉપર સ્થાપ્યો હતો જે હમણા સુધી એટલે બુંદહશ્ને લખાવાના વખત સુધી ત્યાંજ હતો. ૨. આદર ગોશસ્પ,—જ્યારે શાહ કએખુસરો વરે ચેચસ્તેમાં આવેલું ઉજદેજાર તોડવા ગયો તે વખતે તેના ઘોડાની યાલ ઉપર એક કુદરતી રોશની અથવા ચમકાટ પડયો તેમાંથી ઉત્પન્ન થયો હતો. કએખુસરોએ તે આતશને આસ્નવંદ પાહડ ઉપર તખ્તનશીન કીધો હતો—૩. આદર બુરજીન મેહર, ખુરાસાન મધે રએવંદ નામના પાહડ ઉપર શાહ ગુશ્તાસ્પે સ્થાપયો હતો.

બુન્દહેશ્નના ૧૭માં બાબમાં એઓ માટે નીચલું બયાન મળે છે:—

આ ત્રણ આતશો—આદર ફરેનબગ, ગોશોસ્પ અને બુરજીન મેહરને દુન્યાની પેદાયશના વખતેજ હોરમજદે ત્રણ ખુરેહ તરીકે દુન્યાના લોકોની પાસબાનીને માટે પેદા કીધા હતા, તેઓ ખુરેહમંદીના તનમાં આ જેહાનમાં પ્રકાશતા રહ્યા હતા. તેહમુરસની પાદશાહીના વખતમાં જ્યારે માણસો **સરસોક ગાવ**ની પીઠ ઉપર ખુનીરસથી બીજા ખંદો તરફ જતા હતા તે વખતે એક રાતે દર્યામાં સખત પવન ફુકયો તેથી તે આતશનું આફરગાન્યું જેમાં આતશ રાખેલો હતો અને જે ગાવની પિઠ ઉપર ત્રણ જગોએ રાખેલું હતું તે આતશ સાથે દર્યામાં પડયું. (તે વખતે) તે ત્રણડે આતશો આતશની જગોએ તે ગાવની પીઠ ઉપર પ્રકાશવા લાગ્યા અને તેથી રોશની થઇ અને તે માણસો તેથી દર્યો પસાર કરી ગયાં.

જમશેદ પોતાની પાદશાહીના વખતમાં પોતાના તમામ કામો એ ત્રણડે આતશોની મદદથી કરી શકતો હતો. તેણે આદરગદમન (ફરેનબગ) ને દાદગાહમાં, ખાર્જમમાં ખુરેહમંદ પાહડ ઉપર સ્થાપ્યો. જ્યારે તેઓએ જમશેદને મારી નાખ્યો ત્યારે જમશેદના ખુરેહને જહાકના હાથમાંથી એ આદરખુરેહે છોડવ્યું. શાહ ગુશ્તાસ્પની પાદશાહીમાં, દીન જાહેર થવાને વખતે ખાર્જમમાંથી કાબુલિસ્તાનમાં કાબુલ શેહરમાં **રોશન** પાહાડ ઉપર એ આતશને લઈ જઈને સ્થાપવામાં આવ્યો હતો. હાલ પણ (એટલે બુન્દહેશ્ન લખાઈ તે વખતે) ત્યાંજ રહેલો છે.

(૧૧) બાબકે જ્યારે આ રીતના ખાબ જોયા ત્યારે તે ઘણો અજબ થયો. (૧૨) તેણે દાના અને ખાબની તાસીર કેહનારાઓને પોતા પાસે બોલાવ્યા અને ત્રણે રાત્રે જે ખાબ તેણે જોયા હતા તે તેઓની આગલ કહી સહમજાવ્યા.

(૧૩) ખાબની તાસીર જાણનારાઓએ કહ્યું કે "જે ધણીને તેં ખાબમાં જોયો છે તે પોતે અથવા તે મર્દના ફરજંદમાંથી કોઇ આ જેહાનની પાદશાહીએ પોહચશે; કારણકે આફતાબ અને સફેદ શણગારેલો હાથી એ ગાલેબી, તવાનાઈ અને ફતેહની (નિશાની તરીકે) છે, અને આદર ફરેનોબગ એ મહાત્મા પુરૂષો અને મોબેદોની દીનની દાનાઇની (નિશાની તરીકે) છે, અને આદર ગોશસ્પ અર્તેશતાર અને સિપેહસાલારોની, અને આદર બુરજીનમેહર જેહાનના વાસ્ત્રીઓશ અને બુરજીગરોની (મોટાઈ અથવા

આદર ગોશોસ્પ કએખુસરોની પાદશાહીના વખત સુધી એજ મુજબ જેહાનના લોકોની પુશ્તો પનાહી કરતો રહયો હતો. જ્યારે કએખુસરોએ વરે ચએચસ્તમાં આવેલી **ઉસ્દેસજાર** (બુતપરસ્તી) નું મકાન ખોદી કાહડયું ત્યારે (એ આદર ગોશસ્પ) તેનાં ઘોડાના કાન ઉપર આવી બેઠો અને ત્યાંના તમામ અંધકારને હાંકી કાહડયું અને રોશની ફેલાવી. તે ઉજ્દેસજાર તોડી નાખવા પછી તેજ જગોએ **આસ્નવંદ** પાહાડ ઉપર આદર ગોશસ્પને તેણે સ્થાપ્યો. લોકો અને ગોશોસ્પ એટલા વાસ્તે કહે છે કે તે ઘોડાની યાલ ઉપર આવી બેઠો હતો.

આદર બુરજીન મેહર-શાહ ગુશ્તાસ્પની પાદશાહી સુધી એજ રીતે દુન્યામાં આવતો અને જેહાનના લોકોની પાસબાની કરતો રેહતો હતો. જ્યારે અનોશેરવાન જરથોશ્ત દીન લાવ્યો અને તે દીન જારી કરવાને (પેહલ્લાં તેણે) શાહ ગુશ્તાસ્પ તથા તેના ફરજંદોને એ યજદાનની દીન ઉપર બેશક બેગુમાન કરીને તેઓને એ દીન ઉપર કાયમ કીધા અને ઘણીએક ચીજના જાહેર મોજેજા કરી બતાવ્યા તે વખતે ગુશ્તાસ્પે **રએવંદ** પાહડ કે જેને પુશ્તે ગુશ્તાસ્પાન કહે છે તે ઉપર એક લાયક મકાન (દાદગાહ)માં સ્થાપયો. આ ત્રણે આતશો આતશબેહેરામના (મૂલ તરીકે) છે, દુન્યાને લગતા તમામ આતશોનું **તોખમ** (મૂલ) તેઓથીજ છે, તે (ત્રણ આતશોનું) ખુરેહ (બીજા સઘલા આતશો) ઉપર વારેદ થએલું છે. તેની મીસલ એ છે કે માણસોનું તન જ્યારે માએના પેટમાં વૃદ્ધિ પામેચ ત્યારે મીનો તરફથી **રવાન** તેમાં મકાન લીએચ, જે (રવાન) તે તનને જ્યાં સુધી તે જીવતું હોએચ ત્યાંસુધી ચલાવેચ અને જ્યારે તે તન મરી જાએચ ત્યારે તન જમીન સાથે મલી જાએચ અને **રવાન** પાછું મીનો તરફ જાએચ.

ચહડતીની નિશાની તરીકે) છે,[૮] અને આ તમામ બાદશાહી તે મર્દને પોતાને અથવા તે મર્દના ફરજંદોમાંના કોઇને મલશે."

(૧૪) બાબકે જ્યારે આ સખુનો સાંભલ્યા ત્યારે કોઇને મોકલીને સાસાનને પોતાની પાસે બોલાવી મંગાવ્યો અને તેને પુછ્યું કે "તું કોણના તોખમ અને ખાનદાનથી અવતરેલો છે? તારા બાપદાદા અને ન્યાગાનો મધેથી કોઇ એવો હતો કે જેણે પાદશાહી તથા સરદારી ભોગવી હોય?" (૧૫) સાસાને બાબકથી મદદ અને જીંદગીનું રક્ષણ ચાહ્યું કે "જો તું મને કોઇબી જાતનું દુઃખ તથા ઇજા નહી કરે (તો હું તને ખરી હકીકત છે તે કહું)." (૧૬) બાબકે તે કબુલ રાખ્યું અને સાસાને પોતાનો ભેદ જેવો હતો તેવો તેની આગલ જાહેર કીધો.

(૧૭) બાબક (તેના એ ખુલાસાથી) ખુશી થયો અને તેણે ફરમાવ્યું કે "તું તારૂં તન સાફ કર". (૧૮) અને બાબકે (પોતાના માણસોને) ફરમાવ્યું કે "એક કપડાંની જોડ તથા પાદશાહીને લાયકનો પોશાક તેને માટે (લાવે);" તેઓ તે લાવ્યા અને સાસાનને આપ્યો કે પેહર; સાસાને તે મુજબ કીધું. (૧૯) બાબકે સાસાનને ફરમાવ્યું કે "થોડા દીવસ સુધી સારા અને લાયક

૮. એ ત્રણે આતશોનું જે અત્રે વર્ણન આવેલું છે તેને મલતું હમકારાની આફ્રીનમાં તથા મોટા બુન્દહેશ્નમાં નીચે મુજબ મલે છે:—

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

ખોરાક અને માવજતથી તે પોતાની પરવરશ કરે." (૨૦) તે પછી તેણે પોતાની બેટીને ઓરત તરીકે તેને આપી[૯]

૯. આ કારનામામાં તેમજ શાહનામામાં જણાવ્યા મુજબ અર્દશીર બાબકનો નવાસો એટલે દૌહિત્રો અને સાસાનનો છોકરો હતો, પણ બાબકે તેને દીકરા તરીકે કરી લીધેલો તેથી અર્દશીર બાબકાનને નામે ઓલખાઈ ગયો છે. પણ મોટી બુન્દહેશ્નમાં નીચલો એક ફકરો મલે છે. તે જો બરોબર લખાએલો હોએ તો એની માએ કોણની છોકરી હતી તે વિષે ગુચવાડો ઉઠે છે;—

[illegible]

[illegible]

એ વાકયનો અર્થ નીચે મુજબ થઇ શકે:—બાબકનો અર્દશીર જેની મા સાસાન બિન વેહઆફ્રીદ બિન જરીર બિન સાસાન બિન અર્દશીર કે જેને અસ્પંદયારનો **બહમન** કરી કહે છે, તેની છોકરી હતી. એ વાકયનો તરજુમો દાકટર વેસ્તે જુદી રીતે કીધો છે. જુવો એ વિદ્વાનનો બુન્દહેશ્નનો તરજુમો પેજ ૧૩૭, ફકરો ૩૦ મો.

અબુજાફર મહમદ એબને જરીરઉત્તબરી, અબુરેહાન મહમદ બિન અહમદ અલ-બીરૂની અને જહીરઉદદીન એ ગ્રંથકારોએ અર્દશીરની વંશાવલી નીચે મુજબ આપેલી છે તે યુસ્તીની વિષેશ નામોની ફરહંગ, વિદ્વાન નોએલદેકેના તબરીના તરજુમાં તથા અલબીરૂનીના પ્રોફેસર સાચુનાં અંગ્રેજી તરજુમાં ઉપરથી લીધી છે:—

તબરી નં. ૧.	તબરી નં ૨.	તબરી નં ૩.	અલબીરૂની.	જહીરઉદદીન	બુન્દહેશ્ન મુજબ.
૧ અર્દશીર.	અર્દશીર.	અર્દશીર.	અર્દશીર.	અર્દશીર.	અર્દશીર.
૨ પાબકશાહ.	પાબક.	બાબક.	બાબકશાહ.	બાબક.	પાપક.
૩ સાસાન નાહનો.	સાસાન.	સાસાન.	સાસાન.	સાસાન.	સાસાન.
૪ પાબક.	પાબક.		બાબક.	બાબક.	
૫ સાસાન.			સાસાન.	સાસાન.	
૬ પાબક.	જરાર.		બેહઆફ્રીદ.	બેહઆફ્રીદ.	વેહઆફ્રીદ.
૭ મેહરમશ.	બેહઆફ્રીદ.	અર્દશીર.	મેહરમિશ.	મેહરમાહ.	જરીર.
૮ સાસાન.	સાસાને બુર્જોર્ગ.		સાસાને બુર્જોરગ.	સાસાન.	સાસાન.
૯ બહમન.	બહમન.	બહમન.	બહમન.	બહમન.	અર્દશીર (= બહમન.)
૧૦ સ્પંદયાર.	સ્પંદયાર.	અસ્પંદયાર.	સ્પંદયાર.		
૧૧ બિશ્તાસ્પ.	બિશ્તાસ્પ.				
૧૨ લોહરાસ્પ.	લોહરાસ્પ.				
૧૩ કએઓજી.					
૧૪ કએમાવુશ.					

* એ પેહલવી વાકયમાં [illegible] ની પછી, નકલનવીસની ભુલથી કદાચ [illegible] (પાપક) બોલ લખાતાં રહી ગયો હોએ તો તે બનવા જોગ છે.

બાબ ૨ જો.

અર્દશીર બાબકાનનું જનમવું તથા શિકારગાહમાં અર્દવાન સાથની તેની વર્તણુક વિષે.

(૧) જે હોનારત થવાની હતી તેને લીધે[૧] (સાસાનથી) તે ઓરત જલદી હમેલદાર થઇ અને અર્દશીર તેનાથી જનમ્યો.

(૨) બાબકે જયારે અર્દશીરનાં બદનની આરાસ્તગી[૨] (તનનો મજબુત બાંધો અથવા તનનો ઝલકાટ) અને ચાલાકી જોઈ ત્યારે તેણે જાણ્યું કે જે ખાબ મેં જોયો હતો તે ખરો પડયો. (૩) તેણે અર્દશીરને પોતાનાં ફરજંદ તરીકે કબૂલ રાખ્યો અને તેના ઉપર મોહબત રાખીને તેની પરવરશી કીધી. (૪) અને જયારે તે કેલવણી મેલવવાના વખતની ઉમરે પુગો ત્યારે તે લખવા વાંચવાની અને સ્વારીની તથા બીજી (સઘલી જાતની) તાલીમમાં કેલવણી પામીને એવો તો (હોશિયાર થયો) કે આખા પાર્સમાં તે નામવર થઇ રહ્યો.

૧. એ ફકરામાં પેહલવીમાં [illegible] (દહિશ્ન) બોલ છે તે [illegible] (ફિ) (બિન સાસાન) એ રીતે સુધારવામાં આવ્યો છે પણ એ અસલ મુજબજ રાખીને "દહિશ્ન આવાયત્ યહેવુન્તન્ રા" વાંચવો અને તેનો અર્થ ઉપર કીધો છે તેમ કરવો. જે હોનારત થવાની હતી તેને લીધે—એટલે કે બાબ ૧ લાના ફકરા ૮–૧૦ માં જણાવ્યા પ્રમાણે બાબકે જે સ્વપ્નાઓ જોયા હતા અને એજ બાબના ૧૩ માં ફકરામાં જણાવ્યા મુજબ નજુમીઓએ તે સ્વપ્નાઓની જે તાસીર કહી હતી, તે એ હોનારત જાણવી. એવીજ રૂઢીને માટે જુઓ બાબ ૧૭ મો ફ૦ ૧ લો, બાબ ૧૮ મો ફ૦ ૧ લો તથા ૭ મો.

૨. [illegible], એમાં બીજો બોલ [illegible] ને માટે લખાયલો સમજવો. જુઓ બાબ ૧૭ માંનો ફ૦ ૧૫ મો. એ [illegible] હયાં [illegible] (ગદમન) એટલે ખુરેહના મુરાદેફ તરીકે વપરાયલો છે. એને મલતો ફા. માં ورا અને وراز મલેછે જેનો અર્થ પ્રકાશ, ખુબસુરતી, બદનના બાંધાની જોઇયે તેવી રચણા તથા તનની રોનક એવો થાય છે. એજ બોલ યજશ્નેના હા ૧ લાના ફ૦ ૬ ઠામાં [illegible] કરી મલે છે. વલી જુઓ બાબ ૪ ઠાને ફ. ૬ ઠો. સરખાવો (યજશ્ને હા૦ ૧ લો ફ૦ ૧ લો):—

.([illegible]) [illegible] ([illegible]) [illegible] ([illegible]) [illegible]

(૫) જ્યારે અર્દશીર પંદર વરસની ઉમરે પોંહચ્યો ત્યારે અર્દવાનને ખબર થઇ કે બાબકને ત્યાં એક છોકરો છે જે એલમમાં અને સ્વારીના હુનરમાં કેલવણી પામીને લાયક થયલો છે. (૬) તેણે બાબક ઉપર એક નામું મોકલ્યું કે "હમોએ એવું સાંભલ્યું છે કે તમારો એક છોકરો છે જે લાયક રીતે એલમ અને સ્વારીના હુનરમાં ઘણો કેલવણી પામેલો છે. (૭) હમારી ખાહેશ છે કે તેને તમો હમારી દરગાહમાં હમારી આગલ મોકલો કે હમારા ફરજંદો તથા અમીર ઉમરાઓની[3] સાથે તે રેહશે, અને તેના એલમ મુજબના ઘટતા બદલાનું ફલ આપવાને હમો ફરમાવીશું."

(૮) બાબક, અર્દવાન મોટો પાદશાહ હતો તેથી, તેના હોકમથી ઉલટું કરવાને તથા તેનું ફરમાન રદ કરવાને અશકત થયો. (૯) તેણે તુરતજ અર્દશીરને તયાર કરીને દશ ગુલામો તથા ઘણીએક અજાયબ, જવાહેરથી મઢી લીધેલી[4] તથા ઘણી લાયક ચીજો સાથે અર્દવાનની હજુરમાં તેને મોકલ્યો.

(૧૦) અને અર્દવાને જ્યારે અર્દશીરને જોયો ત્યારે ખુશ થયો અને તેને પ્યારો કરી રાખ્યો; (૧૧) અને ફરમાવ્યું કે "દરરોજ તે તેના ફરજંદો તથા અમીર ઉમરાઓની સાથે, શિકારગાહમાં અને ચોગાન[5] બાજીના મેદાનમાં જતો રહે"; અને અર્દશીર તે પ્રમાણે કરતો રહ્યો. (૧૨) ખુદાની મદદથી, અર્દશીર ચોગાન અને સ્વારી, ચતરંગ[6] (શતરંજ) અને વીનઅર્દશીર અને બીજા હુનરોમાં, તેઓ સઘલાઓથી ફતેહમંદ અને બાહદુર નિવડયો.

(૧૩) એક દીવસે અર્દવાન, સ્વારો તથા અર્દશીરની સાથે શિકારે ગયો હતો. (૧૪) એક ગૂરખર જંગલમાંથી પસાર થયું; અર્દશીર તથા અર્દવાનનો મોટો છોકરો તે ગૂરની પુઠે દોડયા; અર્દશીર તેની નજદીક પેહલો પોંહચ્યો, એક તીર એવી રીતે તે ગૂરને માર્યો કે તે તીર તેના પર સાથે તે ગૂરનાં પેટમાંથી

---

૩. [illegible] અથવા [illegible] (વાસ્પુહર્કાન અથવા વિસ્પુહર્કાન) એટલે ઘરના તથા મોહલ્લાઓના વડાઓના છોકરાઓ એટલે અમીર ઉમરાઓ, રાજ્યના સ્થંભો, અર્કાને દઓલત. એ બોલ અવસ્તા [illegible] ઉપરથી નીકલેલો છે, જુવો વંદીદાદ ૭, ૪૩ (સ્પીગલ ૧૧૪), એનો પેહલવી તરજુમો [illegible] (વીસ્–પૂસ–પત્) કીધેલો મલે છે. પેહલવી પાજંદ ફરહંગમાં એ બોલનો સેમેટીક રૂપ [illegible] મલે છે જેનો ઇરાની રૂપ [illegible] ને બદલે [illegible] તેના તરજુમા તરીકે આપેલો છે. મરહુમ નેર્યોસંગ ધવલે, એ બોલનો પાજંદમાં [illegible] લખીને તેનો સંસ્કૃત તરજુમો વાજબી રીતે विख्यातिमताम् કીધો છે.

૪. [illegible] એ [illegible] લેવો અને તે [illegible] (નિશાસ્ત) ફા૦ نشاستن અથવા نشاختن (એટલે કોઇ કીમતી ચીજને જવાહેરથી મઢી લેવી, કોઇ ઉમદા ચીજમાં કીમતી નંગ બેસાડવાં)—ને મલતો લીધો છે. જેમકે (ફીરદોસી):—

بفرّ کیانی یکی تخت ساخت   چه مایه درو گوهری برنشاخت

૫. [illegible], [illegible] તથા [illegible] (ચૂપકાન, ચૂગાન) ફા. چوگان, અસલી ઈરાનીઓની ઘોડાઓ ઉપર બેસીને ગુઇબાજી (દડાદાવ) ની રમતમાં વાપડવાની એક લાકડી જેનો એક છેડો એક હુકની માફકનો વાંકો રાખવામાં આવતો હતો. આગલા ઈરાનીઓ એ રમત શુમારે આઠ આઠની ટોલીમાં વેહચાઇ જઇને ઘોડા ઉપર બેશીને રમતા હતા. જુવો શાહનામામાં—"ગુઇ જદન વ હુનર નમુદને સ્યાવશ પીશે અફ્રાસ્યાબ"—એ મથાલાંવાલી બાબત.

હાલમાં અંગ્રેજો ઉપર મુજબની ગુઇબાજીની રમત રમે છે તે (૧) **હૉકી** (Hockey અથવા hookey), (૨) પોલો (Polo) અને (૩) ગૉલ્ફ (Golf) એવી ત્રણ તરેહની છે. એ ત્રણ રમત મધેની હૉકી અને પોલોની રમતમાં જે લાકડી વાપડવામાં આવે છે તે ઈરાનીઓના ચોગાનને મલતી એક છેડેથી હુકવાલી અથવા વાંકવાલી હોય છે. એ રમતોમાં પણ બે ટોલીઓ ચોકસ સંખ્યામાં વેંહચાઇ જઇને રમે છે અને તેમાં જે ટોલી પોતાની હરીફ ટોલીની હદમાંથી દડો બાહેર કાહડી જાએ તે ટોલી જીતેલી કહેવાએ. એ બેહુ રમત રમવામાં એકસરખી છે ફરક એટલોજ કે હૉકી ઘોડેસ્વારી વગર ત્યારે પોલો ઘોડા ઉપર બેસીને રમવામાં આવે છે. એ ઉપરથી જણાયચ કે એ પોલો એટલે ચોગાનની રમત છેક કિયાનીઓના વખતથી ઇરાનીઓ જાણતા હતા. હાલ ઇરાનના પારસીઓ પ્યાદા એ રમત રમે છે જે હૉકીને મલતી છે અને તેઓ ચોગાનને બદલે દરી ભાષામાં ચપ્ત ([illegible]) બોલ વાપડે છે.

૬. [illegible] (ચતુરંગ્), ફા. شترنگ, شترنج, شطرنج,—સંસ્કૃત चतुरङ्गम्, અસલ અર્થ ચાર અંગ એટલે ભાગના સમુહવાલું લશકર, હાથ્થી, ઘોડા, રથ અને પ્યાદાઓ સાથનું લશકર; લડાઈના મેદાનમાં ઘોડેસ્વાર, પ્યાદા વગેરે લશકરની ગોઠવણ કેવી રીતે કરવામાં આવે તો હરીફના લશકર ઉપર ફતેહ મેલવી શકાએ અને કેવી રીતે કરવામાં આવે તો પોતાની હાર થાએ,—એ નિયમ ઉપરથી રચવામાં આવેલી રમત, તે ચતુરંગ અથવા શતરંગ. એ પેહલવી બોલ [illegible] અને ફા૦ شترنگ અથવા شترنج સંસ્કૃત चतुरंगम् ઉપરથીજ નીકલેલા છે, કારણ કે એ રમત શાહનશાહ નોશેરવાન આદેલના વખતમાં હિંદુસ્તાનથી ઈરાનમાં દાખલ થઇ હતી.

પસાર થઈ ગયો અને બીજી તરફથી નિકલી ગયો, અને તે ગૂર તુરતજ મરી ગયું. (૧૫) અર્દવાન અને તેના સ્વારો (તે જગાએ) આવી પોંહચ્યા અને જ્યારે તેઓએ એવી (તીરઅંદાજીની) નેમ જોઈ ત્યારે અજબ થયા અને પુછ્યું કે "આ નેમ કોણે તાકી"? (૧૬) અર્દશીરે કહ્યું કે "મેં એ નેમ મારી છે." (૧૭) અર્દવાનના છોકરાએ કહ્યું કે "નહી, એ તો મેં કીધું છે." (૧૮) (આથી) અર્દશીર ગુસે થઇ ગયો અને તેણે અર્દવાનના છોકરાને કહ્યું કે "(કોઇનો) હુનર અને મર્દાનગી જુલમથી, બેશરમીથી, જુઠાઇથી અને બેઈનસાફીથી પોતાનો કરી નહી શકાશે; (એમજ છે તો) આ ખુશનુમા જંગલ છે અને ત્યાં ગૂર પણ ઘણાં છે, હું અને તું એ જગાએ બીજીવાર અજમાયશ કરીએ, (તથા આપણી) નેકી અને બદી અને ચાલાકી દેખાડી આપીએ".

શાહનામામાં, ૪ ઠાં દફતરમાં "ગુફતાર દર ફિરસ્તાદને રાએ હિંદ શતૂરંજ રા નજદે નોશીરવાન," એ મથાલાંવાલી બાબતમાં જણાવ્યા પ્રમાણે કનોજના એક હિંદી રાજાએ પોતાના એક એલચી સાથે એ રમતનો ખુલાસો મેલવવાના ઇરાદાથી, એક તખ્તો તથા તેનાં મોહરાં ઈરાનના શાહાનશાહ નોશેરવાન આદેલ ઉપર એક કીમતી હદયા સાથે મોકલી આપ્યાં હતાં અને તેની દરબારના દાના મોબદોથી તેનો ખુલાસો ચાહયો હતો. જ્યારે શાહ નોશેરવાનના દરબારીઓમાંથી કોઈબી તેનો ખુલાસો કરી શક્યું નહી ત્યારે તેના બુજોર્ગ વજીર બુજોર્ગમેહરે પોતાની દાનાઇના બલથી તેનો ખુલાસો કીધો અને એ રમતની મુકાબેલ એક બીજી 'નર્દ'ને નામે ઓલખાતી રમત ઉપજાવી કાહડીને કનોજના રાજા ઉપર મોકલી આપી તેનો ભેદ જાણવા માગ્યો પણ તે રાજાની દરબારના વિદ્વાનોમાંથી કોઇબી તેનો ખુલાસો આપી શક્યો નહીં. પેહલવીમાં લખાએલાં ચતરંગ નામામાં એ રમતનો તથા વીનઅર્તક્ષીર એટલે નર્દ (દામ) ની રમતનો ખુલાસો આવેલો છે. તેમાં જણાવ્યા પ્રમાણે એ રમત શાહ નોશેરવાન ઉપર મોકલનાર રાજા દેવશર્મા અથવા દબેશલીમ નામે હતો.

એ રમતના મૂલ વિષે મરહુમ શાએર ફીરદોશી પોતાના શાહનામામાં દફતર ૪ ઠાં મધે "દાસ્તાને જમહુર રાએ હિંદ વ પિસર વ બિરાદરજાદેઅશ ગવ વ તલહંદ વ ગુફતાર દર પએદા શુદને શતરંજ," એ મથાલાવાલી બાબતમાં શાહુએ નામના એક બુજોર્ગ મર્દને નામે તથા આધારે એક બયાન આપે છે જેનો સાર નીચે મુજબ છે :—

હિંદુસ્તાનમાં જમહુર નામે એક પ્રખ્યાત રાજા હતો. સંદલ તેનું પાએતખ્ત હતું. તે રાજા, પોતાની એક પરહેજગાર રાણી તથા ગવ નામે એક નાહના ગાદીવારેસ છોકરાને મુકીને મરણ પામ્યો. તેનો છોકરો નાહનો હોવાથી શેહરના લોકોએ મરનાર જમહુરના ભાઈ માએ જે દંબરમાં રાજ કરતો હતો તેને તેના ભાઇનું રાજપાત સોપ્યું. તેણે પોતાના ભાઇની રાણી સાથે નેકાહ કીધા. એ પછી રાણીએ તલહંદ નામે એક છોકરાનો જન્મ આપ્યો. ગવ ૭ વરસનો અને તલહંદ ૨ વરસનો થવા પછી માએ પણ ગુજરી ગયો. છોકરાઓ નાહના

(૧૯) અર્દવાનને આથી ઘણું બુરૂં લાગ્યું, અને તે પછી તેણે અર્દશીરને ઘોડા ઉપર બેસવા નહિ દીધો. (૨૦) તેણે અર્દશીરને ઘોડાના તબેલામાં મોકલ્યો; (૨૧) અને ફરમાવ્યું કે "ખબરદાર! દિવસે તેમજ રાત્રે ઘોડાઓની આગલથી તારે શિકારગાહ, ચોગાન અથવા ફરહંગસ્તાન (મદરેસા)માં જવું નહિ". (૨૨) અર્દશીર સહમજ્યો કે અર્દવાન (મારી ઉપરની) ગેર મેહરબાની અને બદખ્વાહીને લીધે આ કહે છે.

હોવાને લીધે તે રાજપાટ રાણીને સોંપવામાં આવ્યું. રાણીએ તે બંધે છોકરાઓને સઘલી પ્રકારની કેલવણી આપવા બે જુદા જુદા દાના ઉસ્તાદોને સોપ્યા. છોકરાઓ ઉમરે પુગા પછી તખ્ત મેલવવાના સંબંધમાં ખટપટ કરવા લાગ્યા. સેવટે બંધે વચ્ચે લડાઇ થઈ. તેમાં તલહંદ લશકરમાં ઘેરાઈ જવાથી અને તેને માટે નાસવાનો કોઇબી માર્ગ નહિ રહેવાથી; ભુખ, પ્યાસ, અને ઠાકને લીધે, હાથ્થીની પિઠ ઉપરજ મરણ પામ્યો. આ બનાવથી રાણીને બહુ દુઃખ થયું અને તેથી તેણીએ આતશમાં બલીને મરવાનો ઠરાવ કીધો. રાણીને શક પડયો કે ગવે રાજપાત મેલવવાને પોતાના ભાઈને પોતે મારી નાખ્યો અથવા બીજાઓ પાસે મારી નખાવ્યો. લડાઇ આગમજ ગવે પોતાના ભાઇને લડાઇ નહિ કરવાને ઘણો સમજાવ્યો હતો પણ તે સમજ્યો નહિ અને તે કોઈના મારવાથી નહિ પણ ઘેરાઇ જવાથી હાથ્થીની પિઠ ઉપર મરણ પામ્યો તે વિષે પોતાની માતાને ખુલાસો કીધો પણ તે તેણીએ બહાલ રાખ્યો નહિ. તેણીની એ વિષે ખાતરી કરી આપવાની કબુલાત આપીને ગવ પોતાને મકાને આવ્યો અને પોતાના ઉસ્તાદ તથા વજીરને રાણી સાથની વાતચીતની હકીકત કહી સંભલાવી. પોતાના વજીરની સલાહથી તેણે કેશમીર વગેરે દેશોના મહા વિદ્વાનોને બોલાવી મંગાવ્યા. ગવનો વજીર જે ગવની સાથે લડાઈમાં હાજર હતો તેણે તે પંડીતોની આગલ લડાઈના મેદાનમાં ઘોડેસ્વાર લશકર, પ્યાદા લશકર, હાથ્થી વગેરે કઈ કઈ બાજુએ હતું, તથા દરિયો તથા જંગના મેદાનમાં ખોદેલી ચર અથવા ખાઈ કઈ જગાએ હતી તેનું વીગતવાર બયાન કહી સમજાવ્યું. તે ઉપરથી તે પંડીતોએ આબનુસના લાકડાંનાં શાહ, વજીર, હાથ્થી, ઉંટ, ઘોડા અને પ્યાદાનાં પુતલાં અથવા મોહરાં બનાવીને એક તખ્તા ઉપર ૧૦૦ ખાના અથવા ઘર બનાવીને તે ઉપર ગોઠવ્યાં અને ગવ અને તલહંદ વચ્ચે થએલી લડાઈની જગાની તપાસ લીધી તે ઉપરથી તલહંદ તે લડાઈમાં કેવીરીતે મહાત એટલે કએદ થયો અને ભુખ અને પ્યાસથી મરણ પામ્યો તે સીધ કરી આપ્યું. આ બાજી ગવે રાણી આગલ રજુ કીધી અને તલહંદ લશકરમાં ઘેરાઇ જઇને કોઇના માર્યા વગર કેવીરીતે મરી ગયો તે માટેની તેણીની ખાતરી કરી આપી.

ઉપર્લા હકીકત પ્રમાણે શતરંજ અને વીનઅર્તક્ષીર જેને ફાર્સીમાં 'નર્દ' (=દામ) કહે છે, એ બંધે જાતની બાજી નોશીરવાન આદેલના વખતમાં ઈરાનીઓમાં જાણીતી થઇ હતી. હવે તવારીખો ઉપરથી આ વાત જાણીતી છે કે અર્દશીર બાબકાને ઈ. સ. ૨૨૬ થી ૨૪૦ સુધી, અને નોશીરવાન આદેલે ઇ. સ. ૫૩૧ થી ૫૭૯ સુધી રાજ કીધું હતું, એટલે અર્દશીર નોશીરવાનની ૩૩૯ વરસ આગમજ થઈ ગયો હતો ત્યારે અર્દશીરના વખતમાં ઉપલી બંધે રમત જાણીતી હોવી નહીં જોઇયે. વલી પેહલવી ચતરંગ નામામાં ખુલ્લું લખેલું છે કે "આ હજારાના જમાનામાં અર્દશીર બીજા પાદશાહો કરતાં વધારે દાના અને

(૨૩) તેણે તેજ વખતે જે હકીકત બની હતી તેને માટે બાબકને એક નામું લખ્યું. (૨૪) બાબકે જ્યારે તે નામું જોયું ત્યારે તે ગમગીન થયો. (૨૫) તેણે તેનો જવાબ અર્દશીર ઉપર મોકલ્યો, તેમાં તેણે લખ્યું કે "તેં આ દાહપણ ભરેલું નથી કીધું કે જે ચીજથી તને નુકસાન નહિ પોંહચે તે ચીજને માટે તેં બુર્ઝોર્ગોની સાથે કજીઓ કીધો અને કઠણ સખુનો તેં કહયા. (૨૬) હવે હું તને ખલાસી મેલવવાનો માર્ગ કહું છું તે તું બાપ તરફની શિખામણ[૭] તરીકે ગણજે; (૨૭) કારણ કે દાનાઓએ કહેલું છે કે "(એક) દુશમન (પોતાના) દુશમનને તે (નુકસાન) નથી કરી શકતો કે જે નાદાન મર્દને પોતાની કરણીથીજ પોતાને પોંહચે છે." (૨૮) વલી આબી કહેવામાં આવેલું છે કે "તે તંગીમાં લાવનાર (અથવા જુલમગાર) શખસને બુર્ઝોર્ગી[૮] મા

મહાભારત કામ બજાવનાર થઇ ગયો છે માટે આ નવી રમતને અર્દશીરના નામ ઉપરથીજ વીનઅર્તક્ષીર એવું નામ હું (બુર્ઝોર્ગ મેહર) આપું છું." આ ઉપરથી જણાએચ કે અર્દ-શીરે પોતે લખેલાં મોટાં કારનામા ઉપરથી સંક્ષેપ કારનામું લખનારે અર્દશીરને એ બંધે બાજી રમતો દેખાડવાની દેખઈતી ભુલ કીધી છે.

૭. [illegible] [illegible] એ બોલનો તથા વાકયનો અર્થ શક ભરેલોછે. દાકટર નોએલદેકે એનો અર્થ 'પંશ્ચાતાપ,' 'પશેમાન થવું' એવો કરે છે. એ બોલ જેમ અત્રે લખાએલો છે તેમ પેતીક માન્દક એટલે બાપ તરફથી યાદગાર રહેલી (શિખામણ અથવા ખુલાસો) અથવા પેતીક માનન્દક એટલે બાપ તરફની મિસલ (તરીકે ગણજે) એવો અર્થ કરી શકાય. નોએલદેકેએ કીધેલા અર્થ મુજબ એ બોલ [illegible] (પશીમાનીક), —એ રીતે સુધારવો જોઇયે. જુઓ પતેત પશેમાનીમાં 'હરઆઇન ફ્રેરોદ માન્દ હર આઇન માનીદ.' વલી એક પેહલવી કેતાબમાં [illegible] (માન્દક વલ રતાન ગરજીતન વ અરતરે સરોશીક બુર્તન) કરી મલે છે ત્યાં પણ ઉપલો [illegible] જોવામાં આવે છે, માટે ઉપલું વાંચણ તથા અર્થ પસંદ કરવા જોગ લાગે છે.

૮. [illegible] [illegible] એ બોલનો તથા વાકયનો અર્થ હિયાં શક ભરેલો છે. મૂસ્ત ફા. [illegible] એટલે તંગી, મુશકેલી, ફરિયાદ. (જુઓ બાબ ૫ માના ફ. ૪ ઠા માં આવેલો [illegible] બોલ), [illegible] બુર્ઝોર્ગ, માન-મરતબાવાલું, ખાંનદાની. હિયાં એ બંધે બોલોનો શામટો અર્થ શું કરવો તે ગુચવાડાભરેલું છે. એજ બોલ મીનોખેરદમાં પુર્સેશ ૧૫ મી ફ. ૬૧ માં [illegible] એવા વાકયમાં આવેલો છે જેનો પાજંદ [illegible] અને સંસકૃતમાં તેનો નેર્યોસંગ ધવલે કીધેલો અર્થ बलात्कारिणो रिपवश्च सानन्दाः આવેલો છે. દાકતર વેસ્તે એનો અર્થ "and the super-

આપતો કે જે તેની પોતાની (બુર્ઝોર્ગી) સિવાય (બીજા કોઇની બુર્ઝોર્ગીને પોતા ઉપર ફાવવા દેવા) નહિં માગતો હોય." (૨૯) અને તું પોતે જાણે છે કે "અર્દવાન મારી, તારી અને જેહાનના ઘણા માણસોની ઉપર તન અને જાન, તથા દોલત અને માલની બાબતમાં વધારે મુરાદ પામેલો પાદશાહ છે. (૩૦) અને હાલ પણ મારી મજબુત શિખામણ તને એજ છે કે તેની યગાનગી (એકદીલી) અને તાબેદારી તું કરતો રેહજે, (અને તારાં) પોતાનાં ખુરેહ (એટલે કીર્ત્તિ) ને નાબુદીમાં મા સોપતો."

બાબ ૩ જો.

અર્દવાનની કનીજકનું અર્દશીર ઉપર આશેક થવા અને અર્દશીરનું તે કનીજક સાથે પાર્સ તરફ નાસી જવા વિષે.

(૧) અર્દવાનને એક ઘણીજ ખુબસુરત કનીજક હતી, જેને તે બીજી કનીજકો કરતાં વધારે માન આપતો હતો અને વધારે ચાહતો હતો, અને અર્દવાનની સઘલી પ્રકારની સેવા તેજ કનીજક બજાવતી હતી.

(૨) એક દિવસે જ્યારે અર્દશીર ઘોડાઓના તબેલામાં બેઠેલો હતો, અને તંબુર વજાડતો હતો અને સરૂદબાજી (ગાયન) કરતો હતો, અને તેથી પોતે ખુશી મેલવતો હતો, ત્યારે (તે કનીજકે) અર્દશીરને જોયો અને તેની ઉપર આશેક થઈ. (૩) અને તે પછી અર્દશીરની સાથે મોહબત અને દોસ્તી અને પ્યાર કરવાને હમેશાં તમામ રાત, જે વખતે બદબખ્ત અર્દવાન સુતો હતો તે વખતે, તે કનીજક છુપીરીતે અર્દશીરની નજદીક જતી અને બામદાદ સુધી અર્દશીરની સાથે રેહતી અને પછી પાછી અર્દવાનની પાસે જતી હતી.

intendent of troubles and the enemy are glad" કીધો છે. નેર્યોસંગે શેકંદ ગુમાની વજારમાં એ [illegible] નો અર્થ पारंपर्यम् એટલે બાપદાદાઓથી ચાલતું આવેલું-ઉતરી આવેલું, ખાંનદાની એવો કીધો છે.

(૪) એક દિવસે અર્દવાને દાનાઓ અને નજુમીઓ જેઓ તેની દરગાહમાંના હતા તેઓને બોલાવી મંગાવ્યા અને પુછ્યુ કે "સાત (ગ્રહો) અને બાર (રાશિઓ અથવા શુભ અશુભ ફલ ઉપજાવનારા ગ્રહોને રેહવાના બાર ઘરો)થી[1] તથા બીજા સિતારાઓની હીલચાલથી આ જમાનાના શેહેરે શેહેરના પાદશાહો વિષે, તેમજ દુન્યાના લોકો વિષે અને મારા પોતા વિષે, મારાં ફરજંદો વિષે અને મારા માણસો વિષે, તમો શું જોઇ શકો છો." ?

(૫) નજુમીઓના સરદારે જવાબમાં કહ્યું કે "બારમાં ઘરનો સ્વામી[2] (બૃહસ્પતિ ?) પડતી હાલતમાં છે અને હોરમજદ (બૃહસ્પતિ) સિતારો પાછો ઉંચમાં આવેલો છે અને તે (બૃહસ્પતિ) બેહરામ અને નાહીદ (એટલે મંગલ અને શુકર)ની સાથે હફતોરંગની તરફ અને શીર (સિંહ) રાશિ (બુરૂજ)ની તરફ જોડાય છે, અને તેઓ (મંગલ અને શુકર ?) હોરમજદ (બૃહસ્પતિ) ને મદદ આપે છે.[3] (૬) આ સબબને લીધે એવું દેખાય છે કે એક નવો સાહેબ તથા પાદશાહ જાહેર થશે, અને ઘણા સરખુદાઓ (હાકેમો)ને મારી નાંખશે, અને જેહાનને ફરી નવેસરથી એકજ શેહનશાહતમાં

૧. [Pahlavi] (હફતાન એટલે સાતનો ઝુમખો અને દવાજદહાન એટલે બારનો ઝુમખો) પેહલવી તથા ફાર્સીમાં ૭ ગ્રહો અને ૧૨ રાશીઓને માટે એ રીતે લખવાની આ એક રૂઢી છે. જેમકે ફીરદોશી :—

بپرس از شمار ده و دو و هفت که چون خواهد این کار بیداد رفت

૨. [Pahlavi] શક ભરેલો છે. એને 'દુવાજદાન' અથવા દુવાજદહુમ ખાનક' ધારીને ઉપલો અર્થ કીધો છે. જ્યોતિષોએ આકાશમાં ચોકસ મુદતમાં ગ્રહોને આવજાવ કરવાને બાર રાશિઓ કલ્પેલી છે તેમજ તે રાશિઓની સાથે બાર ઘરો પણ કલ્પેલાં છે તે ૧૨ ઘરો મધેનું આ છેલ્લુ એટલે ૧૨ મું ઘર હોએ.

૩. [Pahlavi] "અને બૃહસ્પતિને તેઓ મદદ આપે છે", એ બોલો નોએલદેકે અત્રે બીન જરૂરના ધારે છે.—એ ૫ માં ફકરાનો અર્થ શક ભરેલો છે. આ જગાએ એ લખનારે ફકટ સ્થાનિક ગ્રહોની કુંડલી માંડી તે ઉપરથીજ અને તેબી અધુરો ખુલાસો કીધેલો લાગે છે. જ્યોતિષોની રીત પ્રમાણે આ ઠેકાણે અર્દવાન તથા અર્દશીર એ બંધેના રાશિ ગ્રહ તથા જન્મ ગ્રહની કુંડલી પેહલ્લાં આપીને તે પછી સ્થાનિક ગ્રહોનો જોગ મેલવીને જો સહમજણ આપી હતે તો એ બાબતનો ખુલાસો મનમાનતી રીતે થઇ શકતે.

લાવશે." (૭) તેઓ મધેથી બીજો એક નજુમીઓનો સરદાર (અર્દવાનની) પાસે આવ્યો અને કહયું કે "એવું દેખાય છે કે જેબી કોઇ મર્દ બંદો આજથી ત્રણ દિવસ સુધીમાં પોતાના પાદશાહ પાસેથી નાસી જશે તે બુજોર્ગી અને પાદશાહીએ પોંહચશે, અને પોતાના પાદશાહની ઉપર (પોતાની) મુરાદમાં ફાવેલો તથા ફતેહમંદ થશે."[4]

(૮) કનીજકે, આ વાત જ્યારે તે (નજુમી)ઓએ અર્દવાનને કહી (તે સાંભલી લઈને) રાતને વખતે જ્યારે તે અર્દશીરની પાસે ગઇ ત્યારે તે અર્દશીરને કહી સંભલાવી.

(૯) અર્દશીરે જ્યારે તે વાત સાંભલી ત્યારે તેણે (પોતાનો) વિચાર ત્યાંથી નાસી જવાનો કીધો. (૧૦) તેણે કનીજકને કહ્યું કે "અગરજો તારો વિચાર મારી સાથે રાસ્ત અને એકદેલ (અથવા એકમત) હોય તો આપણે આ ત્રણ દિવસોમાંજ જે દાના સિતારેશનાસો મધેના ચુનંદા સિતારેશનાસે કહેલું છે (કે) "જેબી કોઇ પોતાના સાહેબ પાસેથી નાસી જશે તે બુજોર્ગી અને પાદશાહીને પોંહચશે,"—તે મુજબ ત્યાંથી જયાંસુધી આ જેહાન ફતેહ કરીએ ત્યાંસુધી જતાં રહીએ. (૧૧) અગર યજદાન અને ઇરાન શેહરનું ખુરેહ આપણી મદદે પોંહચશે તો આપણ છુટકારો મેલવીશું અને નેકી તથા ખુબીએ પોંહચીશું તો એવું કરીશ કે તારા કરતાં આ જેહાનમાં કોઇ વધારે સુખી નહી થશે". (૧૨) તે કનીજક એકમત થઇ અને કહ્યું કે "હું પોતે આજાદી[5] ધરાવુંછું (સ્વતંત્ર છું) માટે જેબી કંઇ તું ફરમાવે તે હું કરીશ." (૧૩) કનીજકે જ્યારે તે સાંભલ્યું ત્યારે તે પાછી પોતાની જગાએ અર્દવાનની પાસે ગઈ. (૧૪) રાતે જ્યારે અર્દવાન સુતેલો હતો ત્યારે અર્દવાનના ખજાનામાંથી એક હિંદી શમશીર

૪. બાબ ૧ લાના ફ. ૮–૧૩ સુધીમાં બાબકે જોએલા ખાબ તથા તેઓની તાસીરની હકીકત આવી છે તેનું ફલ આ ૪–૭ ફકરાઓમાં આવેલું છે.

૫. બીજી રીતે: "તું જો મને સ્વતંત્ર (ગુલામડી તરીકે નહિ) ગણીને રાખે તો......" જે ઓરત પાક દામાનીથી રેહવા સાથે કોઇની ગુલામડીબી નહી હોય તેણીને આજાદ ઓરત કહે છે.

અને જરરીન જીન અને કીમતી કમરબંદ, અને સોનેરી તાજ અને ગોહર અને દરમ અને દીનારથી પુર ભરેલી એક સોનેરી જામ, અને બખ્તર અને ધાર્યું કામ કરી શકે એવું, શિંગારેલું અને ઘણું ઉપયોગી એક હથ્યાર અને બીજી ઘણી કીમતી ચીજો લઈને અર્દશીરની પાસે આવી.

(૧૫) અર્દશીરે, અર્દવાનના ઘોડાઓ મધેથી બે ઘોડા, જેઓ એક દિવસમાં ૭૦ ફરસંગની મુસાફરી કરી શકે એવા હતા, તેઓ ઉપર જીન ગોઠવ્યાં; એકની ઉપર પોતે સ્વાર થયો અને બીજા ઉપર કનીજકને બેસાડી, અને પાર્સ તરફ રસ્તો પકડયો અને શિતાબ નિકળી ચાલ્યો.

(૧૬) અને એવું કહે છે કે રાતને વખતે એક કસ્બા પાસે આવી પુગો. (૧૭) અને અર્દશીર બીધો કે રખેને તે કસ્બાનાં માણસો તેને જોએ, ઓળખી કાહડે અને પકડે, તેથી તે ગામમાં તે નહિ ગયો, પણ ગામની બોરડુએથી પસાર થઇ ગયો. (૧૮) તે (એક જગાએ) આવી પુગો, (જ્યાં તેણે) બે ઓરતોને[૬] બેઠેલી જોઇ(ને તે વિચારમાં પડ્યો). (૧૯) અને તે ઓરતોએ પોકાર માર્યો કે "અએ કયાની બાબકના અર્દશીર! તું કે જે સાસાનના તોખ્મથી અને શાહ દારાની ઓલાદથી છે તે બીહી મા! કારણ કે તમામ બદકારોથી તું છુટકારો પામ્યો છે, હવે કોઇબી તને પકડવાને શક્તિવાન નથી અને તને ઇરાન શેહરની પાદશાહી ઘણાં વરસ (સુધી) કરવાની છે; તું દરિયા સુધી શેતાબીથી જા, જ્યાંસુધી તું દરિયો નજરે જોએ ત્યાંસુધી કેથેબી થોભતો મા, કારણ કે જ્યારે તારી નજર દરિયા ઉપર પડશે ત્યારેજ તું (તારા) દુશમનોથી બેદેહસત થશે." (૨૦) અર્દશીર (એ વાત સાંભલવાથી) ખુશ થયો અને ત્યાંથી ઝડપથી આગલ વધ્યો.

---

૬. શાહનામામાં આ ઠેકાણે બે ઓરતોને બદલે બે મર્દો જણાવેલા છે. જુવો શાહ નામાનો ઉતારો પેજ ૯ મો લાઇન ૧૮ મી.

બાબ ૪ ઠો.

અર્દેશારના કનીજક સાથે નાસી જવા વિષેની અર્દવાનને ખબર થવી અને તેનું તેઓની પુઠે ઝડપથી જવા વિષે.

(૧) જ્યારે દિવસ થયો ત્યારે અર્દવાને કનીજકને બોલાવી પણ તે કનીજક તેની જગાએ હતી નહીં. (૨) (તેવામાં) ઘોડાઓનો રખેવાલ આવ્યોં અને અર્દવાનને ખબર આપી કે "અર્દશીર તમારા બે ઘોડાઓ સાથે (પોતાની) જગાએ નથી." (૩) અને (તે ઉપરથી) અર્દવાને જાણ્યું કે મારી કનીજક અર્દશીરની સાથે નાસી ગઇ છે. (૪) અને જ્યારે તેણે ખજાનામાંથી (ચોરી થયા વિષેની) ખબર સાંભલી ત્યારે તેનું દેલ બહુ દુઃખી થયું.—(૫) તેણે સિતારેશનાસોના વડાને બોલાવી મંગાવ્યો અને કહ્યું કે "ઝડપ કર અને જો કે પેલો ગુનેહગાર પેલી બદકાર રાંડની સાથે કયાં ગયો છે (અને) કયારે તેને પકડી શકશું?"

(૬) સિતારેશનાસોના સરદારે વખત તપાસ્યો[૧] અને જવાબમાં અર્દવાનને કહ્યું કે "માહ (ચંદ્ર), કએવાન (શની) અને બેહરામ (મંગળ) થી છુટો પડે છે, અને હોરમજદ (બૃહસ્પતિ) અને તીર (બુધ) ની સાથે જોડાએ છે, અને દશમા ઘરનો સ્વામી[૨] (શનિ) ખુરશેદની રોશનીની નીચે રહેલો છે.[૩] (૭) અને (તેથી)

---

૧. [Pahlavi] વખત તપાસ્યો એટલે રાશિ તથા જન્મના ગ્રહોની કુંડલી માંડીને શુભ અશુભ ગ્રહોની જગાની તપાસ કીધી. જુવો બાબ ૩ જો ફ. ૫ માની નોટ.

૨. [Pahlavi] (ખૂતાએ ઇ મિયાન ઈ આસમાન) એટલે મધ્ય આકાશનો સ્વામી એટલે જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે દશમા ઘરનો સ્વામી. બુન્દહેશનમાં એને [Pahlavi] અથવા [Pahlavi] = મધ્ય આકાશનો વડો અથવા સાહેબ કહેલો છે. જ્યોતિષ પ્રમાણે એ ૧૦ મુ ઘર (midheaven) બીજાં સઘલાં ઘરોમાં સર્વોપરી ગણાય છે.

૩. બાબ ૩ જાના ૫ મા ફકરાની માફક આ ફકરો પણ નજુમને લગતો હોવાથી એ તરજુમો ખરો છે કે નહિ તે શક ભરેલું છે.

એવું જણાયછે કે અર્દશીર નાસી ગયો છે; તેનું મોહ[4] પાર્સની તરફ છે, અને અગરજો ત્રણ દિવસ સુધીમાં પકડી નહિ શકાય તો તે પછીથી પકડી શકાશે નહિ."

(૮) અર્દવાને તુરતજ ચાર હજાર સિપાહોને તૈયાર કીધા અને પાર્સ તરફ અર્દશીરની પુઠે જવાનો રસ્તો પકડયો, અને જ્યારે બપોર થઇ હતી ત્યારે તે એક જગાએ જઇ પોંહચ્યો કે જ્યાંથી પાર્સ તરફનો રસ્તો પસાર થતો હતો. (૯) તેણે (ત્યાંના માણસોને) પુછ્યું કે "પેલા બે સ્વારો જેઓ આ તરફ આવ્યા હતા તેઓ (હિયાંથી) કિયે વખતે પસાર થયા"? (૧૦) માણસોએ કહ્યું કે "બામદાદને વખતે જ્યારે ખુરશીદ તલુ થયો હતો ત્યારે (તેઓ) એક સખત પવનનીમિસાલે (હ્યાંથી) પસાર થઇ ગયા. (૧૧) તેઓની પછવાડે એક ઘણોજ જબરો મેંઢો (પહાડી બકરો) દોડતો હતો, કે જેના કરતાં (બીજો) વધારે ખુબસુરત (મેંઢો) થવો નહિ બની શકે એવુંછે. (૧૨) હમો ધારીચે છીયે કે હમણાં સુધીમાં ઘણા ફરસંગ જમીન તેઓ વટાવી ગયા હશે (તેથી) તમો (તેઓને) પકડવાને શકિતવાન થશો નહિ." (૧૩) આ (સાંભળીને) અર્દવાન (ત્યાં) બીલકુલ થોભ્યો નહિ (અને) ઘણી ઝડપથી આગળ વધ્યો.

(૧૪) જ્યારે તે બીજી એક જગાએ જઈ પોંહચ્યો ત્યારે તેણે ત્યાંના માણસોથી પુછ્યું કે "પેલા બે સ્વારો (હ્યાંથી) કિયે વખતે પસાર થયા"? (૧૫) તેઓએ જવાબ આપ્યો કે "(તેઓ) બપોરને વખતે તોફાની સખત પવનની મિસાલે (હિયાંથી) જતા હતા, (અને) તેઓની બરાબર સાથેનોસાથે એક મેંઢો જતો હતો." (૧૬) અર્દવાનને (આ) અજબ લાગ્યું અને તે બોલ્યો કે "ખરૂં છે કે (નાસી ગયલા) પેલા બંને સવારોને આપણ પિછાણીયે છીયે, પણ તે મેંઢો શું હશે"? (એ રીતે) તેણે દસ્તુરથી

૪. [illegible] એ સઘલી નકલોમાં [illegible] છે; જેને મલતો ફાર્સી فرک અથવા اورنگ એટલે પાદશાહી તખ્ત, બુલંદ દરજ્જો તથા ખુરેહ છે, પણ ઉપલો શુધારેલો બોલ તથા તેનો અર્થ નજુમની રીત પ્રમાણે અત્રે બંધ બેશતો છે તેથી તેમ કીધું છે. અસલ ઇમલો 'અજ રૂએ' બી વાંચી શકાએ.

પુછ્યું. (૧૭) દસ્તુરે જવાબ દીધો કે "તે ખુદાઇ ખુરેહ છે; જે હજુ સુધી બરાબર તેને પોંહચ્યું નથી તેટલાં તેની પુઠે આપણે દોડવું જોઇયે; કદાચ બની શકે એમ છે કે તે ખુરેહ તેને બરાબર પોહચે તેની આગમજ આપણે તેને પકડવાને શકિતવાન થઇએબી." (૧૮) અર્દવાન (પોતાના) સ્વારોની સાથે ઘણીજ ઝડપથી દોડયો.

(૧૯) બીજે દિવસે ૭૦ ફરસંગ જઈ પુગા (ત્યારે) એક કારવાન (વંજારા)નું ટોલું તેને સાંજે મલ્યું. (૨૦) અર્દવાને તેઓને પુછ્યું કે "પેલા બે સ્વારો (તમોને) કયાં સાંજે મલ્યા"? (૨૧) તેઓએ જવાબ દીધો કે "તમારી અને તેઓની વચે ૨૧ ફરસંગ જમીનનો (તફાવત છે.) (૨૨) હમોને એવું લાગ્યું કે તે સ્વારોમાનાં એકની સાથે એક ઘણો મોટો અને ચાલાક મેંઢો ઘોડા ઉપર બેઠેલો હતો[5]." (૨૩) અર્દવાને દસ્તુરથી પુછ્યું કે "પેલો મેંઢો જે તેની સાથે ઘોડા ઉપર હતો તે શું દેખાડે છે"? (૨૪) દસ્તુરે જવાબ દીધો કે "(અએ શાહ!) અમર્ગ તું રેહજે! અર્દશીરને કયાની ખુરેહ પુગી ચુકુંછે; કોઇબી ઇલાજથી તે પકડી શકાવાનો નથી, ત્યારે હવે પોતાને અને સ્વારોને તું રંજીદા મા કર, અને ઘોડાઓને દુઃખી અને ખરાબ મા કર, પણ અર્દશીરનો ઈલાજ હવે કોઈ બીજા રસ્તાથી શોધ."

૫. એ બાબના ૧૧, ૧૫ અને ૨૨ માં ફકરાઓમાં અર્દશીરની પુઠે જતા એક મેંઢાની વાત જણાવેલી છે. ૧૧ મા ફકરા મુજબ તે મેંઢો અર્દશીરના ઘોડાની પાછલ દોડતો હતો, તેની મતલબ એકે કિયાની ખુરેહ અર્દશીરથી હજી દુર હતું; બીજીવાર ૧૫ માં ફકરામાં જણાવ્યા મુજબ તે મેંઢો અર્દશીરના ઘોડાની બરાબર બાજુએ (હમવાર) ચાલતો દેખાયો, તેની મતલબ એકે તે ખુરેહ તેની લગોલગ નજદીક જઇ પુગુ પણ હજી તેનામાં દાખેલ થવાને તે ખુરેહને થોડો વખત બાકી હતો; ત્રિજીવાર ૨૨ મા ફકરામાં જણાવ્યા પ્રમાણે તે મેંઢો એટલે કિયાની ખુરેહ અર્દશીરના ઘોડા ઉપર તેની સાથે બેઠેલો દેખાયો એટલે તે ખુરેહ હવે બરોબર અર્દશીર સાથે મલી ગયું. બેહરામ યશ્ત મુજબ બેહરામ યજદ જુદીજુદી ૧૦ શેકલોમાં માણસોને મદદ કરવા આવે છે. તેઓમાં મએષ કેહર્પ એક આઠમી શેકલ છે. તે 'મએષ' અને આ ઉપર જણાવેલા ફકરાઓમાં આવેલો 'વરક' એકજ અર્થના બોલો છે.

બાબ ૫ મો.

અર્દવાને પોતાના પુત્રને લશકર સાથે પાર્સ તરફ અર્દશીરને પકડવા મોકલ્યો તે વિષે.

(૧) અર્દવાને જ્યારે આ રીતનું સાંભળ્યું ત્યારે તે (ત્યાંથી) પાછો ફર્યો અને પોતાનાં પાએતખ્ત તરફ આવ્યો.

(૨) અને તે પછી જંગી લશકર તૈયાર કરીને પોતાના બેટા સાથે પાર્સ તરફ અર્દશીરને પકડવાને મોકલ્યું. (૩) અને અર્દશીરે દરિયાના કીનારાનો રસ્તો પકડયો. (૪) એ પ્રમાણે જ્યારે તે (દરિયા તરફ) જતો હતો ત્યારે પાર્સના લોકોમાંથી કેટલાએક માણસો જેઓ અર્દવાનથી તંગીમાં આવેલા (અથવા ફર્યાદ કરનારા થયા) હતા તેઓએ પોતાની દોલત, માલમતા અને પોતાના તન અર્દશીરની આગલ રજુ કીધાં (અને તેની સાથે) એકદલ થવાનું અને તેના ફરમાનબરદાર થઇ રેહવાનું જાહેર કીધું.

બાબ ૬ ઠો.

બનાકે અર્દશીરને મદદ આપવા વિષે.

(૧) અને જ્યારે તે (અર્દશીર) એક જગા કે જેને લોકો 'રામિશ્ન–અર્દશીર' કરી કહે છે ત્યાં આવી પુગો ત્યારે એક બુઝોર્ગ મનનો બનાક[1] નામે મર્દ, જે અર્દવાનના હાથથી (જુલમ ખમી) ઇસ્ફહાનથી નાશી આવેલો હતો તે ત્યાં મકાન રાખતો હતો તે પોતાના છ છોકરાઓ અને ઘણાએક જંગી સિપાહો સાથે અર્દશીરની નજદીક આવી મળ્યો.

૧. بناک (બનાક), એક દાનામર્દ. એ અર્દવાનના તાબાનો એક હાકેમ તથા સિપેહ-સાલાર હતો. આ કારનામા પ્રમાણે તે ઇસ્ફહાનથી, અર્દવાનથી નાખુશ થઈને નાસી આવેલો હતો. શાએર ફીર્દોશી એને 'તબાક' ને નામે ઓલખાવે છે તથા જેહરમ શેહર જે પાર્સમાં આવેલું છે ત્યાંના રેહવાશી તરીકે જણાવે છે. એ શખ્સે પોતાના છ (શાહનામા પ્રમાણે સાત) છોકરાઓ સાથે પોતા સાથના લશકરથી અર્દશીરને ઘણી મદદ કીધી હતી.

(૨) અને અર્દશીર બનાકથી બીતો હતો કે મબાદા તે મને પકડીને અર્દવાનને સ્વાધીન કરે.

(૩) પછી બનાક અર્દશીરની પાસે આવ્યો અને સોગંદ ખાધા અને વિશ્વાસ આપયો કે જ્યાંસુધી જીવતા રહીશું ત્યાંસુધી હું પોતે મારા છોકરાઓ સાથે તારા ફરમાનબરદાર થઇ રહીશું. (૪) અર્દશીર (આથી) ખુશી થયો અને ત્યાં એક કસ્બો જેને લોકો રામિશ્ન–અર્દશીર[2] કહે છે તે બનાવવાને ફરમાવ્યું. (૫) બનાકને સ્વારો સાથે ત્યાં રાખીને તે પોતે દરિયાના કીનારા તરફ ગયો. (૬) જ્યારે તેણે દરિયો નજરે જોયો ત્યારે ખોદાનો આભાર માન્યો. (૭) અને ત્યાં એક 'બુખ્તઅર્દશીર'[3] નામે કસ્બો (ઉભો કરવાનો પાયો) નાખ્યો, અને દશ આતશબેહેરાંમ તે દરિયાની નજદીક સ્થાપવાને ફરમાવ્યું, અને ત્યાંથી પાછો બનાક તથા પોતાના સાથીઓની નજદીક આવ્યો.

બાબ ૭ મો.

અર્દશીરની અર્દવાન સાથની લડાઇ તથા તેની બેટી સાથના તેના નિકાહ વિષે.

(૧) અને તે (પછી) લશકર આરાસ્તે કરીને નેક આદર ફરેનબઘની દરગાહમાં[1] તે ગયો અને તેનાથી (પોતાની) મુરાદ

૨. બનાક (તબાક) થી મદદ મલવાથી અર્દશીર ઘણો ખુશી થયો તેથી એ જગાએ એક કસબો વસાવીને તેને રામિશ્ન–અર્દશીર નામ આપ્યું, જે ફાર્સીમાં રામ–અર્દશીરને નામે લખાએલું મલે છે.

૩. બાબ ૩ જાના ફકરા ૧૮–૧૯ માં બે ઓરતોએ આગાહી કીધી હતી કે જ્યારે તું તારી નજરે દરિયા જોશે ત્યારે તારા દુશમનોથી છુટકારો પામશે. તે મુજબ અર્દશીર દરિયા આગલ સહીસલામત, આવી પુગો તેથી હિયાં 'બુખ્ત–અર્દશીર' (એટલે અર્દશીરના છુટકારાનું મઠક) એવે નામે એક શેહર વસાવ્યું અને તેની ખુશાલીમાં ત્યાં દશ આતશ-બેહરામો બંધાવ્યાં.

૧. આગલા જમાનામાં જરથોશ્તીઓ પોતાની નેક મુરાદ ચાહવા આતશખાનાઓમાં બંદગી કરતા હતા તેનો આ એક ઘણો પુરાણો દાખલો છે. વલી ધર્મને લગતાં નેક કામોની

હાંસેલ થવાનું ચાહીને, અર્દવાન સાથની લડાઇમાં તે આવ્યો. (૨) અને અર્દવાનના (બેટાનાં) તમામ લશકરનો નાશ કરીને (તેની તમામ) દોલત, માલમતા અને ઘોડાઓ તથા અસ્બાબ તેની પાસેથી છીનવી લીધા અને પોતે ઇસ્તખ્રરમાં બેઠો (મકાન કીધું). (૩) કિર્માન, મકરિસ્તાન, પાર્સ અને બીજી સઘલી તરફથી બીશુમાર લશકર ભેગું કીધું, અને અર્દવાનની સાંમે લડાઇમાં મોકલ્યું. (૪) ચાર મહિના સુધી² દરરોજ લડાઇ તથા કતલ બીશુમાર થઇ.

(૫) અર્દવાને સઘલી તરફનાં શેહરો, જેવાંકે રએ, દુબાવંદ દીલમાન અને પદશખારગર તરફથી પ્યાદા અને ઘોડેસ્વાર લશકર બોલાવ્યાં (હતાં). (૬) (પણ) કયાની ખુરેહ અર્દશીરની સાથે હતું તેથી (તે મોટાં લશકર છતાં તેની ઉપર) અર્દશીર ફતેહ પામ્યો. (૭) અને તેણે અર્દવાનને મારી નાંખ્યો, અને તેની તમામ દોલત તથા માલ મતા અર્દશીરના હાથમાં આવી, અને તેણે અર્દવાનની બેટી સાથે નિકાહ કીધો. (૮) (પછી તે) પાછો પાર્સ આવ્યો, અને (ત્યાં એક) શેહર કે જેને લોકો અર્દશીર ખુરહેના³ નામે ઓલખે છે તે

મશાવરત કરવાને જ્યારેબી તમામ અંજુમનને ભેગુ મલવાની જરૂર પડતી ત્યારે પણ આતશ-બેહરામ જેવાં મકાનનીજ જગા પસંદ કરવામાં આવતી હતી. વીરાફનામામાં, વીરાફના વખતમાંબી "ફતેહમંદ આદર ફરેનબગની દરગાહમાં અંજુમન બોલાવવામાં આવી હતી" અને સાત પરહેજગાર દીનદાર મર્દોમાંથી વીરાફને દીનને લગતું કામ બજાવવાને પસંદ કરવામાં આવ્યો હતો,—એવું લખાણ મલે છે.

૨. શાહનામામાં ૪ મહિનાને બદલે ૪૦ દિવસ જણાવેલા છે. જુઓ શાહનામાનો ઉતારો પેજ ૧૩ મો લાઇન ૧૧ મી.

૩. ખુરેહ—અર્દશીર, અર્દવાન સાથની લડાઈથી ફારેગ થયા પછી અર્દશીરે કિલ્લા સાથનું એક શેહર વસાવ્યું હતું તેને એ નામ આપવામાં આવ્યું હતું. તે પછી એ 'ખુરેહ' બોલ ઇરાની સલતનતના ભાગોને અર્થે વપડાવા લાગ્યો હતો. એવાં 'ખુરેહ' એટલે ભાગ અથવા પ્રાંત પાંચ છે. (૧) અર્દશીર ખુરેહ, જેમાં શીરાજ, કામફીરૂજ શેહર, મએમંદ, અને કાજરૂન સમાએલાં છે; (૨) ખુરેહ ઇસ્તખર એટલે ઇસ્તખરનો પ્રાંત અથવા જીલ્લો; (૩) ખુરેહ દારાબ, (૪) ખુરેહ શાપુર અને (૫) ખુરેહ કોબાદ. એ અર્દશીર ખુરેહ જંગલમાં વસાવેલું હતું તેથી એને શતુનીહાએ અઇરાન નામની પેહલવી ચોપડીમાં 'શતુનિસ્તાને ગૂર અર્તક્ષીર ગદમન' એટલે અર્દશીરે જંગલમાં બરપા કીધેલું અર્દશીરખુરેહ નામનું શેહરિસ્તાન, એવાં નામથી જણાવેલું છે. શાહનામામાં ફીર્દોશીએ એને શેહર-જુર (એટલે કે જંગલમાં બાંધેલું શેહર) કરીને લખેલું છે.

બંધાવ્યું; (૯) અને (એક) મોટો સરોવર ખોદાવ્યો (અને તેમાંથી) ચાર મોટી નદીઓ જારી કીધી અને (ત્યાં) આતશખાનાં સ્થાપ્યાં, (અને એક) મોટો પહાડ તોડાવ્યો (અને તેમાંથી) રાવક⁴ નદી જારી કીધી, ઘણાં ગામો (અથવા કસ્બાઓ) બરપા કરવાને (વસાવવાને અને ત્યાં) ખેટી⁵ તથા આબાદાની કરવાને (અને) ઘણાં આતશબેહરામ ત્યાં સ્થાપવાને ફરમાવ્યું.

બાબ ૮ મો.

અર્દશીરની કુર્દ લોકો સાથેની લડાઈ તથા તેમાં તેનાં આજેજ થવા વિષે.

(૧) તે પછી ઘણુંએક દલેર જાબુલી લશકર ભેગું કરીને (અર્દશીર) માસ¹ પાહડ ઉપર રેહનારા કુર્દ લોકોના શાહની સાંમે

૪. [Pahlavi] [Pahlavi] (રૂત રાવક), બુન્દહિશ્નમાં [Pahlavi] [Pahlavi] (કોપે રાવક) નામે એક પાહડનું નામ છે તેને આધારે અત્રે એનો અર્થ રાવક નામે નદીનો કરવામાં આવ્યો છે. જુવો દાક્ટર વેસ્તવાળો બુન્દહિશ્નનો તરજુમો બાબ ૧૨ મો ફ. ૨૯ મો. બીજીરીતે જો એ 'રાવક' ફા. راوک (રાવક) એટલે સાફ, ખાલેસ, નિર્મલને મલતો લઈએ તો એનો અર્થ 'નિતરાં અથવા સ્વચ્છ પાણીની નદી' એમ પણ લઈ શકાએ.

૫. [Pahlavi] [Pahlavi] [Pahlavi] [Pahlavi] [Pahlavi] [Pahlavi], ઘણા જુણા વખતથી પેહલવીમાં આવેલા સેમેટીક બોલોને તેના અર્થના ઇરાની બોલોથી વાંચવાનો મહાવરો પડેલો હોવાથી નકલનવેસો ઘણીવાર જેવી ભુલો કરે છે તેવીજ ભુલ ઉપલા વાકયમાં [Pahlavi] (વર્જ) એટલે ખેટીના અર્થના બોલને 'ખુરેહ' ના અર્થનો સહમજીને તે ઇરાની બોલ [Pahlavi] ને બદલે સેમેતીક બોલ [Pahlavi] (ગદમન=ખુરેહ) લખી કાહડવાની ભુલ કીધી છે. આ જગોએ ખેટી કરવાના અર્થનો [Pahlavi] (વર્જ) બોલ લેવો તદન વાજબી છે. જુવો વેસ્તર્ગાડવાલી બુન્દહિશ્ન પેજ ૨૪ મોઃ— [Pahlavi] [Pahlavi] [Pahlavi] [Pahlavi] [Pahlavi]; વલી એવાજ વાકય વિષે જુવો મીનોખેરદ પુર્સેશ ૪, ફ. ૭; ૩૦ ફ. ૧૧; અને ૫૬, ફ. ૧૭.

૧. [Pahlavi] (માસિક), એ બોલ બરોબર રીતે [Pahlavi] (માસ્રીક) લખાવો જોઈયે. [Pahlavi] (માસ) કુર્દિસ્તાનમાં આવેલા પાહડનું નામ છે જ્યાં અસલી કુર્દ લોકો રહેતા હતા. પ્રોફેસર રૅાલીન્સન વાલી 'ધી સેવન્થ ઓર્યંતલ મૅાનરકીમાં' એ પહાડનું નામ 'માસીઉસ' (The Mount Masius) કરીને મલે છે. જુઓ એ પુસ્તકના સફા ૧૩૦, ૧૭૫, ૧૯૮, ૨૦૦, ૩૬૧. એજ બોલ માસ પાહડના રેહવાસીઓને અર્થે એજ બાબના ૮ મા ફકરા મધે [Pahlavi] (માસકાન અથવા માસિકાન) કરી આવેલો છે.

લડાઇમાં ગયો, (જ્યાં) ઘણી લડાઇ અને ખુનરેજી થઇ અને અર્દશીરના લશકરે હાર ખાધી. (૨) અને અર્દશીર, પોતાના લશકર સાથે તંગીમાં આવી પડયો અને રાતે એક બિયાબાનમાં જઇ પુગો કે જ્યાં કંઇ પાણી કે ખોરાક નહિ હતો તેથી પોતે (પોતાના) સઘલા સાથી તથા ઘોડાઓ સાથે ભુખ્યો અને તરસ્યો રહ્યો. (૩) તેણે દુરથી ગોવાલ્યાઓનો (બલતો) આતશ જોયો અને અર્દશીર તે તરફ ગયો. (૪)તેણે એક પીર મરદને ત્યાં જોયો, જે(પોતાનાં) ગોસ્પંદો સાથે જંગલ અને પહાડમાં રેહતો હતો. (૫) અર્દશીરે તે રાત ત્યાં ગુજારી અને બીજે દિવસે તેણે તેઓથી (ગામમાં જવાના) રસ્તાની પુછપરછ કીધી. (૬) તેઓએ કહ્યું કે "ત્યાંથી ત્રણ ફરસંગ દુર એક કસ્બો છે કે જે ઘણો આબાદ છે અને ઘણા માણસો (ત્યાં વસે છે), અને ખોરાક (પણ ત્યાં) ઘણો છે.

(૭)અર્દશીર તે ગામમાં ગયો (અને કોઇ) માણસને મોકલીને પોતાના તમામ સાથીઓને દરગાહ (હજુર)માં બોલાવી મંગાવ્યા. (૮) અને (હવે પેલી તરફ) માસ પાહડના રેહવાસીઓએ ધાર્યું કે આપણ અર્દશીરથી હવે બેદહશત થયા છીયે, કારણ કે તે હાર ખાઇને પાછો પાર્સ તરફ ગયોછે.

બાબ ૯ મો.

અર્દશીરે કુર્દ લોકો ઉપર શબેખુન કરી તેઓને શિકસ્ત આપવા વિષે.

(૧) અર્દશીર ચાર હજાર મર્દોનું લશકર આરાસ્તે કરીને તેઓ (કુર્દ લોકો)ની ઉપર હોમલો લઇ ગયો અને રાતને વખતે (તેઓ ઉપર) છાપો માર્યો, અને કુર્દોમાનાં એક હજાર મર્દોને મારી નાંખ્યા; (૨) બીજાઓ જેઓ જખમી થયા તેઓને કેદી કીધા, અને કુર્દ લોકોના શાહ પાસેથી, તેના બેટાઓ, ભાઈઓ, (અને) ફરજંદો સાથે, ઘણી દોલત અને માલમતા (હાથ કરીને) પાર્સ તરફ મોકલી આપી.

બાબ ૧૦ મો.

અર્દશીરની હફતાનબુખ્ત સાથની લડાઈ અને તેમાં તેની હાર થવા વિષે.

(૧) (પાર્સ જતાં રસ્તામાં) કિર્મના[1] હાકેમ હફતાનબુખ્તનાં[2] લશકર સાથે તેઓનો મેલાપ થઇ ગયો, અને તે તમામ માલમતા અને દોલત અને અસબાબ અર્દશીરના સાથીઓ પાસેથી લુટી લઇને(તે લશકરીઓ) કુલાલનો[3] કિલ્લો જે કુલાલીઓના તાબામાં હતો અને જ્યાં કિર્મનું રહેઠાણ હતું ત્યાં લઇ ગયા.

(૨) અર્દશીર એવા વિચારમાં હતો કે "હું અર્મન (આરમીન્યા) અને આજરબીજાન તરફ જાઉં, કારણ કે સીહારજુરનો[4]

---

૧. શાહનામામાં એ ૧૦ મા બાબની આગમજ, પાર્સમાં આવેલાં કજારાન શેહરને તાબેના એક શેહરના રહીશ હફતાનબુખ્ત (શાહનામા પ્રમાણે હફતવાદ) જે પાછલથી કિર્મ (કિર્માન)નો હાકેમ થયો હતો, તેની એક કિર્મ (કિડા) સાથની કહાણીનું વર્ણન આવેલું છે જે આ કારનામામાં નથી. જુઓ શાહનામાનો ઉતારો સફે ૧૬–૧૯.

૨. હફતાનબુખ્ત, એ કજારાનને તાબેના એક શેહરનો એક ગરીબ રેહવાસી હતો. શાહનામા મુજબ, તેની છોકરીને સેબ ફલમાંથી મલેલા એક કીડાના પ્રતાપથી એ ધણી એક પાહડ ઉપર આવેલા 'કલાર' નામે કિલ્લાનો હાકેમ થઈ ગયો હતો અને તેની આસપાસના શેહરોને તાબે કરીને તેઓ ઉપર હકુમત ચલાવતો હતો. એ ધણીના સાત છોકરા હતા (જુઓ એજ બાબનો ફ. ૧૪ મો) તેથી એને કારનામામાં [illegible] (હફતાનબુખ્ત) અને શાહનામામાં هفتواد (હફતવાદ) કહેલો છે. ફારસીમાં بوخت અને واد છોકરાને અર્થે મળે છે. બીજી તવારીખોમાં જણાવ્યા પ્રમાણે અર્દશીરે એજ વખતે કિર્માન ઉપર હુમલો કરી તેના ઉપર ફતેહ મેલવી હતી તે લડાઈ આ હફતાનબુખ્ત સાથની હોવી જોઇયે, કારણકે કિર્મ એટલે કિર્માનનો હાકેમ તે વખતે એજ ધણી હતો.

૩. [illegible] (કુલાલ અથવા કુલાર), કજારાન શેહરની પાસે આવેલા એક પહાડ ઉપર, હફતાનબુખ્તે વસાવેલું એક શેહર. અનજુમન આરાએમાં જણાવ્યા મુજબ کلار (કલાર) તબરિસ્તાનના મુલક મધે કોહિસ્તાનમાં આવેલું આગલા વખતનું એક શેહર હતું.

૪. [illegible] આ શબ્દ બે રીતે વાંચી શકાય છે. (૧) સારજુરીક અથવા (૨) સિહા–રજુરીક. શાહનામા મધે شهرزور કરીને એક શેહરનું નામ આવેલું છે તે એજ બોલ ઉપરથી નીકલેલું લાગે છે. રામ યશ્તના ૩૧ મા ફકરામાં [illegible] [illegible], ફા. دشت بیاض (દશ્તેબિયાજ) એટલે 'સફેદ જંગલ'ને નામે જણાએલી એક જગ્યા માટે

(હાકેમ) યજ્દાનકર્દ[૫] ઘણા દલેર સિપાહો સાથે (હફ્તાનબુખ્તને મદદ કરવાને) સીહારજ્જુરના કોબાદ સાથે (મલીને) કોલકરાર કરીને તે (હફ્તાન બુખ્ત)ની ફરમાંન બરદારીમાં આવેલો હતો[૬]. (૩) પણ જ્યારે હફ્તાનબુખ્તના છોકરાઓ તરફથી આવી રીતનો જુલમ અને બદી પોતાના લશકર ઉપર ગુજરેલી અર્દશીરે સાંભલી ત્યારે તેણે વિચાર કીધો કે પેહલાં પાસેનું કામ સુધારવું જોઇયે અને દુશમનોથી

વપડાએલો છે. તેમજ બુન્દહિશ્ન બાબ ૨૪ માના ફકરા ૧૬ મામાં [illegible] (અરૂસ ઇ રજ્જુર રજ્જુરાન રત) કરી મલે છે. જેમ અવસ્તા તથા પેહલવીમાં 'સફેદ રજ્જુર' એટલે 'સફેદ જંગલ' એક જગોનું નામ છે તેમ કોઇ જગાનું નામ 'સીહા રજ્જુર' એટલે કાલું જંગલ હોએ અને તે ઉપરથી તે જગોનું નામ પડયું હોયે. જુઓ સફો ૨૨ મો નોટ ૩ જી.

૫. [illegible] એ [illegible] (મમન યજ્દાન-કન્ત) વાંચવો. એ યજ્દાન-કર્દ અને એની સાથે આવેલો કવાત (કોબાદ) કોણ હતા તે વિષે શાહનામામાંથી કઈ લખાણ મલતું નથી. બીજી તવારીખોમાં જણાવ્યા પ્રમાણે એ વખતે અર્મનનો હાકેમ ખુસરો નામે અરશના ખાન્દાનનો અને અર્દવાનનો એક ખેશી હતો.

૬. એ ફકરા બીજાનો અર્થ શક ભરેલો છે. અર્દશીરે અર્મન અને આજરબીજાન જવાનો ઇરાદો કીધો તેનું કારણ શું? યજ્દાન કર્દ અને કોબાદે કોણની સાથે કોલ કરાર કરીને તેની તાબેદારી કબુલ રાખી હતી? તવારીખ ઉપરથી જણાય છે કે અર્મનનો શાહ એ વખતે ખુસરો નામે હતો અને તે અર્દવાનનો સગો હોવા સાથે તેના તાબાનો હતો એટલે તે ખુસરો અથવા કારનામા મુજબ યજ્દાનકર્દ, અર્દશીર સાથે કોલકરાર કરીને તેની તાબેદારી કરવાનું કબુલ રાખે નહિ. ત્યારે એમ હોએ કે અર્મનના શાહે, અર્દવાન અર્દશીરના હાથ ઉપર માર્યો ગયો તેની આગમજ તેની સાથે અરસપરસ મદદ કરવાના કોલ કરાર કીધા હોએ તે રદ કરાવી તેને પોતાના તાબામાં લેવાના ઇરાદાથી અર્દશીરે તે તરફ જવાનો વિચાર કીધો હોય કે જેથી તે અર્દવાનના નાસી ગએલા બે છોકરાઓને મદદ કરે નહિ. અથવા એમ હોય કે અર્દવાનના માર્યા જવા પછી યજ્દાન કર્દ તથા કોબાદે હફ્તાનબુખ્તની સાથે અરસ-પરસની મદદ કરવાના કોલ કરાર કીધા હોએ કે એ ત્રણડે જણા ભેગા મલીને અર્દશીરને હરાવે તો અર્દવાનનું રાજપાત તેના છોકરાઓના હાથમાં પાછું આવે,—એવા હેતુથી જો ઉપલા બંધે હાકેમો હફ્તાનબુખ્ત સાથે જોડાયા હોય તો તેઓને સજા કરવાના વિચારથી અર્દશીરે તેઓ ઉપર પેહલો ચહડી જવાનો ઇરાદો કીધો હોએ. અથવા તો એમબી હોય કે અર્દવાનના માર્યા જવા પછી ઉપલા યજ્દાનકર્દ તથા કોબાદ એ બંધેએ પોતે એવો વિચાર કીધો હોય કે અર્દશીરે અર્દવાન ઉપર ફતેહ મેલવી છે અને આપણ અર્દવાનના ખાન્દાનના અને તેના ખેશી હોવાથી તે આપણો પણ નાશ કરશે માટે તેની સાથે આગમજથીજ કોલ કરાર કરીને તેની તાબેદારી કબુલ રાખ્યે. જો આ છેલ્લી અટકલ ખરી હોય તો અર્દશીરે અર્મન તથા આજરબીજાનના હાકેમોની મદદ મેલવી હફ્તાનબુખ્ત ઉપર શામટો હોમલો કરવાનો વિચાર કીધો હોય અને તેથી અર્મન તથા આજરબીજાન તરફ પોતે જવાનો ઇરાદો કીધો હોય.

બેદહશત થવું જોઇયે, અને તે પછી બીજાં શેહેરોની (લડાઇમાં) મશગુલ થવું જોઇયે[૭].

(૪) હવે તે મૂર્ત્તિ[૮] જે કુલાલાનમાં હતી તેને લીધે (ત્યાંનો હાકેમ હફ્તાનબુખ્ત) એવો તો ગાલેબ અને જુલમગાર (થઇ પડયો હતો) કે તેણે પાંચ હજાર સિપાહોનું એક મોટું જેવું લશકર (તૈયાર કરીને) સિંદ અને મકરાનની સરજમીન તરફ તથા તેની આજુબાજુએ અને દરિયા તરફ (ચોકસી રાખવાને) મોકલ્યું હતું. (૫) (તેથી) અર્દશીરે (તુરત વેલા) લડાયક સિપાહોને સઘલી તરફથી (બોલાવી લઇને) પાછા અર્દશીર (ખુરેહ) માં મોકલ્યા. (૬) હફ્તાનબુખ્તે પોતાનાં તમામ લશકરને પાછું પોતાની દરગાહમાં બોલાવી લીધું.

(૭) (તે પછી બીજીવાર) અર્દશીરે ચુનંદા સિપાહોને સિપેહસાલારો સાથે કિર્મની લડાઈને માટે મોકલ્યા. (૮) કિર્મના સાથીઓએ તમામ મતા, દોલત અને અસબાબ કુલાલીઓના કિલ્લાની દરપુશ્તીમાં મુકયો અને પોતે પહાડોમાં ભાગેલી જગાઓમાં (એટલે ખીણોમાં) છુપા થઇને રહ્યા. (૯) અને અર્દશીરના સાથીઓને તે (લોકોના છુપા થઇ ભરાઇ બેસવા)ની ખબર નહી હતી, તેથી તેઓ કુલાલના કિલ્લાના ઠડમાં આવ્યા અને કિલ્લો ઘેરી લીધો. (૧૦) અને જ્યારે રાત પડી ત્યારે (પેલા છુપાઇ બેઠેલા) કિર્મના સિપાહોએ તેઓ ઉપર હુમલો કરીને શબેખુન કીધું, જેથી અર્દશીરના સાથીઓમાંથી ઘણાઓ માર્યા ગયા, અને ઘોડા,

---

૭. એ ફકરા ૩ જાનો અર્થ, જો શરૂઆતમાં આવેલા [illegible] શબ્દને [illegible] નો બગડેલો ગણ્યે તો નીચે મુજબ થઇ શકે છે અને એ અર્થ વધારે બંધબેસતો લાગે છે. "બનાકે જ્યારે કે હફ્તાનબુખ્તના છોકરાઓ તરફથી અર્દશીરના લશકર ઉપર આવો જુલમ અને બદી (ગુજરતી) સાંભલી ત્યારે તેણે એવો વિચાર કીધો કે પેહલાં પાસેનું કામ સુધારવું જોઇયે અને (માથે ઉભેલા) દુશમનોથી નચીંત થવું અને તે પછી બીજાં શેહરોની (લડાઇમાં) મશગુલ થવું જોઇયે."

૮. [illegible] એ બોલ [illegible] (ઉજ્દામ) [illegible] (ઉજ્દીજ)ને અર્થે તેના મુરોદફ તરીકે વપડાયલો લેવો. ઉજ્દામ અથવા ઉજ્દીજ એટલે મૂર્ત્તિ. પેહલો અવસ્તા [illegible] (ઉજ્દાત) અને બીજો [illegible] (ઉજ્દએજ) ને મલતો જાણવો.

જીન અને તમામ હથિયારો, દોલત અને અસબાબ તેઓ પાસેથી છીનવી લીધો અને મશ્કરીસાથે, દુઃખ થાયે એવીરીતે પજવવા સાથે, અને હીણું લગાડનારી માફી[9] મંગાવવા સાથે અને નગ્ન હાલતમાં, પાછા અર્દશીરનો આગલ મોકલ્યા.

(૧૧) અર્દશીરે જ્યારે તે રીતે (પોતાનાં લશકરને) જોયું ત્યારે ઘણો બેચેન થયો અને શેહરે શેહરથી અને જગાએ જગાએથી લશકરને પોતાની દરબારમાં બોલાવ્યું, અને પોતે ઘણા સિપાહો સાથે કિર્મની લડાઈમાં ગયો. (૧૨) અને જ્યારે કુલાલના કિલ્લા તરફ આવ્યો ત્યારે કિર્મનું તમામ લશકર કિલ્લા ઉપર બેઠેલું હતું. (૧૩) અર્દશીર કિલ્લાની આસપાસ ઘેરો ઘાલીને બેઠો.

(૧૪) અને કિર્મના હાકેમ હફ્તાનબુખ્તના સાત છોકરા હતા. (૧૫) દરેક છોકરાને હજાર સિપાહ સાથે શેહરે શેહર (દરેક શેહરમાં) તેણે મુકરર કીધેલો હતો. (૧૬) તે વખતે એક છોકરો અરગીસ્તાનમાં[10] હતો તે તાજીક (એટલે આરબો) અને મીચરીક (એટલે મીસરના લોકો)નાં સિપાહોમાંથી ઘણા સિપાહો સાથે

૯. [illegible](ત્વાપુક), ઘણી શરમ ભરેલી રીતે માફી ચાહવી. માવરા ઉન્નેહર એટલે ખુરાસાન અને તેની આસપાસના શેહરોમાં માફી ચાહવાનો એવો રેવાજ છે કે ગુનેહગાર, પાદશાહ અથવા મોટા માણસોની હજુરમાં પોતાના માથા ઉપરથી શાલ કે પાગડી કાહડી નાંખી વાંકો વલી પોતાના કાણ પકડીને માફી ચાહતા, તેને ફારસીમાં تابوک (તાબુઘ) કરી કહે છે. એ ફારસી બોલ ઉપલા પેહલવી બોલ ઉપરથીજ નીકલેલો છે.

૧૦. [illegible] એ બોલ હિયાં જેમ લખાયલો છે તેમ રાખીને તેને કેમ વાંચવો તથા એ કઈ જગ્યાનું નામ છે તે શક ભરેલું છે. એજ વાકયમાં [illegible] (મીચનીકાન) એવો જે બોલ આવેલો છે તે ઉપરથી એ બોલ અસલ [illegible] (અરગીસ્તાન) હોએ એમ લાગે છે. અવસ્તામાં [illegible] (રંઘા) નામે એક નદીવું નામ મલે છે. વંદીદાદની ૧ લી પર્ગદના ૨૦ (સ્પીગલ ૭૬) માં ફકરામાં જ્યાં એ [illegible] બોલ આવેલો છે તેનો પેહલવી તરજુમો [illegible] (અરંગીસ્તાન) કરી કીધેલો છે. એ [illegible] નામની નદી તેમજ જગ્યા, કદાચ એકથી વધારે હોય, કારણ કે પેહલવી તરજુમો કરનાર એ બોલની સાથેજ એની શરેહ તરીકે [illegible] (ઈ આરૂમ) બોલ પોતા તરફથી વધારીને 'રૂમનું અરગીસ્તાન' અથવા રૂમનું 'અરંગીસ્તાન' કરે છે તો કોઈ બીજું જુદુ અરગીસ્તાન હોવું જોઈએ. દાર્મેસ્તેતેએ એ બોલ ઉપર વંદીદાદની પર્ગરદ ૧ લીના ફ૦ ૨૦ મામાં નીચલી નોટ આપી છે :—

દરિયાને માર્ગે ત્યાં આવ્યો અને અર્દશીરની સાંમે જંગમાં ઉભો. (૧૭) અને કિર્મનું લશકર જે કિલામાં (છુપાઇ રહેલું) હતું તે તમામ બાહેર આવ્યું અને અર્દશીરના સાથીઓ સાથે જંગ અને લડાઈ જાનફેશાનીથી સખ્ત કીધી. (૧૮) (તે લડાઇમાં) બંધે

Arvastân-i-Rum (Roman Mesopotamia), (Comm.) that is to say, the basin of the upper Tigris (Rangha=Arvand=Tigris). ઉપલી નોટ ઉપરથી જણાશે કે દાર્મેસ્તેતેએ એ બોલને 'અર્વસ્તાન' વાંચ્યો છે, પણ હાઉગે એજ બોલને 'અરંગીસ્તાન' વાંચ્યો છે તે વાજબી લાગે છે, કારણ કે બુન્દહિશ્નના બાબ ૨૦ મામાં, તે વખતે જાણીતી નદીઓનું બયાન આવેલું છે, ત્યાં [illegible] નામે એક નદીનું નામ તથા બયાન જોવામાં આવે છે. એજ નામ [illegible], [illegible] અને [illegible] (અરગ, અરેંગ, અને અર્વન્દ) કરીનેબી લખેલું મલે છે, તે ઉપરથી ઉપલો બોલ આ કારનામામાં લખવા મુજબ 'અરગીસ્તાન' અને વંદીદાદની પેહલ્લી પર્ગરદમાં લખવા મુજબ 'અરંગીસ્તાન'— એ બેહુ રીતે વાંચી શકાય છે. ઘણા જુણા વખતથી એ નદીનાં નામને ભુલથી [illegible] (અર્વન્દ) વાંચવામાં આવેલું છે. હફ્ત અમેશાસ્પંદની પાજંદ આફ્રીનમાં એ બોલ [illegible] એ વાકયમાં 'અઉર્વંદ' કરીને આવે છે તે એજ છે.

બુન્દહિશ્નમાં એ નદીને માટે નીચલો વાકય આવેલો છે:—

[illegible]

એ વાકય ઉપર ડૉકટર વેસ્તે બુન્દહિશ્નના તરજુમામાં નીચલી નોટ આપેલી છે:— The combination of the three names in this clause, as Justi observes, renders it probable that we should read, 'the land of Egypt,' which is called Misr, and where the river is the *Nile*. The letter S in Paz. Spetos is very like an obsolete form of Av. G ([illegible]), or it may be read as Pahl. ik or ig ([illegible]), so the name may originally have been Gpetos or Ikpetos; and the Paz. Niv, if transcribed into Pahlavi, can also be read Nil.

જેમ ઉપલા પેહલવી વાકયમાં અરગ નદીની સાથે 'ઈકપેતોસ' (ઈજીપ્ત) 'મિસર અને નીલ' (નાઇલ નદી)નો સંબંધ આવેલો છે તેમજ કારનામામાં 'અરગીસ્તાન'ની સાથે 'તાજીકાન' (એટલે અરબો) અને 'મીચનીકાન' અથવા 'મીચરીકાન' (એટલે [illegible]=મીસરનાં લોકો)નો સંબંધ આવેલો છે. એ ઉપરથી એ [illegible] (અરગીસ્તાન=રંઘા) એટલે અરગ અથવા અરંગ નદી ઉપરનું કોઈ શેહર અથવા ભાગ હોવો જોઇયે.

તરફના ઘણાઓ માર્યા ગયા. (૧૯) અને કિર્મના લશકરે બાહેર આવીને તેઓનો પસાર થવાનો રસ્તો એવી રીતે ઘેર્યો કે અર્દશીરનાં લશકરમાંથી કોઈબી બાહેર નિકલવાને અને પોતાને માટે ખોરાક અને ઘોડાઓને માટે ઘાસ ચારો લાવવાને અશક્ત થઇ પડ્યું, (કારણકે) કિર્મનાં લશકરથી તમામ માણસો અને ઘોડાઓ તંગીમાં અને નાચારીની હાલતમાં આવી પડયા હતા.

બાબ ૧૧ મો.

મેહરક બિન નુશઝાદની અર્દશીર સાથની મેહરદરૂજી વિષે.

(૧) મેહરકે નુશઝાદ નામે (એક શખ્સ)બી પાર્સનો (રહીશ હતો), જ્યારે તેણે સાંભલ્યું કે અર્દશીરે કિર્મની દરગાહ ઉપર કવખ્તની લડાઇ (ઉઠાવી), (પણ) તે કિર્મના લશકર ઉપર (ફતેહ) નહી પામ્યો; (૨) (ત્યારે) તે (મેહરક) ચુનંદા સિપાહોને તયાર કરીને અર્દશીરની જગા (મેહેલ અથવા ખજાના) ઉપર ચહડી ગયો, તે અર્દશીરની તમામ માલમતા અને ગંજ લુટી લઇ ગયો. (૩) જ્યારે અર્દશીરે મેહરક અને બીજા પાર્સના માણસોની (પોતાની સાથની) આવી રીતની મેહરદરૂજી (બેવફાઈ) સાંભલી ત્યારે તેણે એકવાર આ વિચાર કીધો કે (તુરતવેલા) કિર્મની લડાઇમાંથી ફારેગ થવું જોઇયે.

(૪) પછી તે મેહરકની સાંમે લડવા ગયો. (૫) તેણે તમામ લશકરને દરગાહમાં બોલાવ્યું, અને સિપેહબદોની સાથે મશવરત કરવા બેઠો અને પોતાના તથા પોતાના લશકરના છુટકારાનો ઇલાજ કરવાનો મનસુબો કીધો. (૬) અને તે પછી નાશતો ખાવા બેઠા. (૭) તેજ વખતે કિલ્લા ઉપરથી એક

ચુબનો બનાવેલો તીર નીચે આવ્યો જે તેના પર સુધી એક પાહડી બકરો જે (આખો ભુજી કાહડેલો) તે સુફરા ઉપર હતો તેમાં પેશી ગયો. (૮) અને તે તીર ઉપર આ રીતે લખેલું હતું કે "આ તીર બુઝોર્ગ કિર્મના હાકેમના સ્વારોએ ફેંકેલો છે. (૯) અમોને આ નહિ ઘટતું કે તમારા જેવા બુઝોર્ગ મર્દ માર્યા જાઓ, તેથી અમોએ એ તીર આ (આખા ભુંજેલા) પાહડી બકરા ઉપર માર્યો છે."

બાબ ૧૨ મો.

અર્દશીરે કિર્મના કામ વિષેની વાકેફી મેલવવા તથા કિર્મનો ઇલાજ કરવા વિષે.

(૧) અર્દશીરે જ્યારે આ રીતનો (બનાવ) જોયો ત્યારે લશકરને ત્યાંથી પાછું ખેંચી લઇને તે (પાર્સ તરફ) જવા નિકલ્યો. (૨) અને કિર્મના લશકરે અર્દશીરની પાછલ શેતાબ જઇને એક તંગ જગા ઉપર તેઓનો (રસ્તો) એવી રીતે ઘેરી લીધો કે (જેથી) અર્દશીરનું લશકર ત્યાંથી પસાર થવાને અશક્ત થઇ પડ્યું. (૩) અને અર્દશીર પોતે એકલો દરિયાના કિનારા તરફ (રસ્તે) પડયો.

(૪) એવું કહે છે કે કયાની ખુરેહ એક ગુરની (સુરત) ધારણ કરીને અર્દશીરની આગલ (આવી) ઉભું અને ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યું, તે હિયાં સુધી કે અર્દશીર તે મુશકેલ જગાએથી, દુશમનોના હાથમાંથી સલામતી સાથે

---

૧. [illegible] (પદરૂત) ફા. بدرود અથવા بدرود એટલે કોઈ મુસાફરી જતું હોય તેને શેહર કે ગામની બહાર અથવા પાદર સુધી મુકવા જવું, રવાને કરવું, પધરાવવું– એવે અર્થે વપડાય છે. તે રીતે લેતાં એ ફાર્સીમાં, એવે અર્થે, بدرود આવે છે તે મુજબ એ બોલ હિયાં [illegible] આવવો જોઇતો હતો. એ બોલ હિયાં [illegible] (=بدرود) ને બદલે નકલ નવિસોના ભુલથી [illegible] લખાયલો લાગે છે; પણ 'ફ્રત' અત્રે બંધબેશતો છે.

પોતાને બાહેર કાહડીને પાછો એક કસબો જેને લોકો માનક (માને)[1] નામે ઓળખે છે ત્યાં જઇ પોંહચ્યો. (૫) તે રાતે (તે) એક બુર્જક અને (બીજો) એક બુર્જઆદર નામે જે બે ભાઇઓ હતા તેમનાં ઘરમાં આવ્યો. (૬) તેઓને તેણે કહયું કે હું અર્દશીરના સ્વારોમાંનો એક છું, કિર્મની લડાઈમાંથી આજેજ થઇને આવેલો છું, અને આજ રોજે મારી મેહમાનદારી (પરોણાગત) કરવાની મેહરબાની કરશો, તેટલાં અર્દશીરનાં લશકરની ખબર આવી પોંહોચશે કે તેઓ કેઈ જમીન તરફ પડયા છે. (૭) તેઓ (બંધે ભાઇઓ)એ ઘણા દલગીર થઇને અર્દશીરને કહ્યું કે લેઆનત પડજો બુરા ગનામીનોની ઉપર! કે જેણે આ ઉજદેસ (બુતપરસ્તી) એવી તો ગાલેબ અને ચહડતી ઉભી કીધી છે કે આ લતાના તમામ માણસો અહુરમજદ અને અમેશાસ્પંદાની દીનથી ફરેબ ખાધેલા થયા છે, અને વલી બુજોર્ગ પાદશાહ અર્દશીર જેવા મર્દ અને તેનાં તમામ લશકરે તે દરવંદ અને ઉજદેસ પરસ્ત દુશમનોને હાથે હાર ખાધી છે.

(૮) તેઓ અર્દશીરના ઘોડાને પકડીને સરા (મકાન)માં લઈ ગયા અને તબેલામાં બાંધ્યો, અને જવ, સુકકાં ઘાસ અને અસ્પસ્ત (લીલાં ઘાસ)થી તેની સારી રીતે બરદાશ્ત કીધી; અને અર્દશીરને બેશવાને માટે તેના દરજજાને લાયકની જગાએ બેઠક ઉપર લઇ ગયા, અને તેના ઉપર તેને બેસાડયો. (૯) (ત્યાં) અર્દશીર ઘણો ગમગીન થઈને અંદેશામાં પડયો હતો. (૧૦) અને તેઓએ દરૂન ઈજ્યા (એટલે બાજ ધરી) અને અર્દશીરને અરજ કીધી કે તું બાજ ધર અને ખાનું ખાઇ લે, ગમ અને શોક મા રાખ, કારણ કે અહુરમજદ અને અમેશાસ્પંદો એનો એલાજ જરૂર કરશે અને આ આફત એમની એમ (હાલ જેમ છે તેમ) રહેવા નહી દેશે. (૧૧) કારણ કે જહાક અને તુરનો અફરા-

---

૧. [illegible] એ [illegible] અથવા [illegible] (માનગ અથવા માનક) હોય; ફારસીમાં [illegible] (માને), ખુરાસાનના તાલુકામાં આવેલી એક જગ્યાનું નામ છે.

સ્યાબ અને સિકંદર રૂમી જેઓ ઘણા જુલમગાર હતા તેઓની ઉપર યજદાન આખરે નાખુશ થયા તેથી તેઓને, તેઓના પોતાનાજ હાથે કીધેલાં કામોથી, સેવટે કેવી રીતે નાપેદ અને અણદીઠ કીધા તે દુન્યાના લોકોને આશકારા છે. (૧૨) અર્દશીર તેઓના આ સખુનથી દલમાં ખુશ થયો, બાજ લીધી અને ખાનું ખાધું. (૧૩) તેઓ પાસે શરાબ નહી હતો પણ અંગુર (દરાખ) લાવીને આગલ મુકી અને મિયજદ ભણ્યા અને આફરીનગાન કીધું (એટલે દુઆ ગુજારી).

(૧૪) અર્દશીર તેઓની ભલાઇ અને દીનદોસ્તી, મિત્રાચારી (અથવા ભકિતભાવ) અને ફરમાન બરદારી વિષે બેશક થયો; (૧૫) (તેથી) તેણે પોતાનો ભેદ બુર્જ અને બુર્જઆદરને આપ્યો, અને કહ્યું કે "હું પોતે અર્દશીર છું, હવે તમો આ ઉપર ધ્યાન આપો કે આ કિર્મ અને તેના સાથીઓને નાશ કરવાનો ઇલાજ કેવી રીતે કરવો જોઇએ." (૧૬) તેઓએ જવાબમાં કહ્યું કે "અમો અમારાં તન અને જાન, દોલત અને માલમતા, જન અને ફરજંદ, તમો ઇરાન શેહરના બગ (માલેક)ની જનાબમાં આપવાં પડે તો તે અર્પણ કરવાને તયાર છીયે." (૧૭) પણ અમો એમ સમજીયે છીએ કે એ દ્રુજનો ઈલાજ આ રીતે કરવો જોઇયે કે "તું પોતે દુરના શેહરના એક મર્દની માફક પોતાને આરાસ્તે કરે, (અને) ભકિત કરનારની માફક તે (કિર્મ)ની બંદગી અને પરસ્તેશ કરવામાં પોતાના તનને સોંપે અને બે દીન આગાહ હાવેશ્ત (શાગેર્દ) મર્દોને તે જગાએ પોતા સાથે લઇ જાય, અને તેઓને યજદાન અને અમેશાસ્પંદાની યજશ્ને અને આરાધના કરવામાં રોકે, અને જ્યારે તે કિર્મનો ખાનું ખાવાનો વખત થાય ત્યારે તું એવું કરે કે પિગલાવેલું કાંસું પોતાની સાથે રાખે અને તે દ્રુજનાં મોહડામાં તું રેડે કે તેથી તે મરી જાય; અને તે મીનો દ્રુજને યજદાનની યજશ્ને અને આરાધનાથી મારી શકાશે અને તે તનની હાલતના દરૂજને પિગલાવેલાં કાંસાંથી મારી શકાશે."

(૧૮) અર્દશીરે તે સખુન પસંદ કીધા અને તે તેને ઠીક લાગ્યો અને બુર્જ તથા બુર્જઆદરને કહયું કે "હું આ કામ તમારી મદદથી કરવાને શક્તિવાન થઇશ". (૧૯) તેઓએ કહ્યું કે "જેબી કામ તમો ફરમાવશો તે (બજાવવાને) અમો અમારૂં તન અને જાન અર્પણ કરશું."

બાબ ૧૩ મો.

અર્દશીરે મેહરક નુશજાદને મારવા, તથા બુર્જ અને બુર્જઆદર સાથે મશવરત કરવા અને કિર્મ તથા હફતાનબુખ્તને મારવા વિષે.

(૧) અર્દશીર ત્યાંથી પાછો અર્દશીરખુરેહ તરફ આવ્યો, અને નુશજાદના મેહરકની લડાઈમાં ગુટાયો, અને મેહરકને મારી નાખીને પોતાનું શેહર જગા અને દોલત અને માલમતા એ સઘલું પાછું તેણે પોતાને હાથ કીધું.

(૨) (એ પછી અર્દશીરે) કિર્મ સાથની લડાઇ (શરૂ) કરવા સારૂં કોઇને મોકલ્યો. (૩) બુર્જ અને બુર્જઆદરને પોતાની પાસે બોલાવ્યા અને તેઓ સાથે (એ બાબતની) મશવરત કીધી. (૪) ઘણા દરમ અને દીનાર અને પોશાક (પોતાનીસાથે) લીધાં અને પોતે ખુરાસાની લેબાસમાં તયાર થયો, (તે પછી) બુર્જ અને બુર્જઆદરની સાથે કુલાલના કિલ્લાના ઠડ પાસે તે આવ્યો અને (ત્યાંના લોકોને) કહયું કે "હું એક ખુરાસાની મર્દ છું અને આ કીર્ત્તિવાલા સાહેબ (કિર્મ)થી એક મુરાદ હાસેલ થવાનું ઇચ્છું છું, એટલાવાસ્તે તેની દરગાહમાં પરસ્તેશ કરવા આવવા માગું છું. (૫) તે ઉજદેજ પરસ્તોએ અર્દશીરને, તે બે મર્દો તથા બીજા માણસો સાથે, (અંદર દાખલ કરવા) કબુલ કીધું અને કિર્મના મકાનમાં તેઓને જગા આપી.

(૬) અર્દશીરે ત્રણ દિવસ સુધી એ રીતે કિર્મની પરસ્તેશ તથા ભક્તિ કરવાનું જાહેર કીધું અને પેલા દરમ અને દીનાર અને લેબાસ ત્યાંના પરસ્તેશ કરનારાઓ (પુજારીઓ)ને આપ્યા અને એવું કીધું કે સઘલાઓ જેઓ તે કિલ્લામાં હતા તેઓ અચરત થયા અને આફરીન કરવા લાગ્યા. (૭) પછી અર્દશીરે કહ્યું કે "(મને) આ પ્રમાણે બેહતર લાગે છે કે કિર્મને ત્રણ દિવસ સુધી તેનો ખોરાક હું પોતાને હાથે આપું. (૮) તે પુજારીઓ અને કારોબારીઓ (તેને તેમ કરવા દેવાને તેની સાથે) એકમત થયા. (૯) (તે પછી) અર્દશીરે કોઇને મોકલ્યો અને ચારસો સિપાહ મર્દો, જેઓ હુનરમાં પુરા અને જાનફેશાની કરનારા હતા, તેઓને તે જગાની આસપાસ તે પાહાડનો અંદરની ભાગેલી જગાઓમાં (એટલે ખીણ અથવા પાહડના કોતરોમાં) છુપા રાખવાને ફરમાવ્યું. (૧૦) અને ફરમાવ્યું કે આસમાન રોજે, જ્યારે કિર્મના કિલ્લામાંથી તમો ધુંવાડો જુવો ત્યારે તમોએ મર્દાનગી અને હુનરમંદી દેખાડવી અને તે કિલ્લાના ઠડમાં (જલદી) આવવું. (૧૧) પોતે તે દિવસે પીગલાવેલું કાંસું તયાર રાખ્યું અને બુર્જ અને બુર્જઆદરને યજદાનની યજશ્ને અને સેતાયશ કરવાના કામમાં લગાડયા. (૧૨) અને જ્યારે ખાવાનો વખત થયો ત્યારે કિર્મે દરરોજના રાબેતા મુજબ પોકાર માર્યો. (૧૩) અર્દશીરે તેની આગમજ, ઉજદેસના પુજારીઓને અને તેના કારોબારીઓને નાશ્તાની વખતે મસ્ત અને બેહોશ કીધેલા હતા, (માટે) પોતે પોતાના નોકરોની સાથે કિર્મની પાસે ગયો, અને ગાવ અને ગોસ્પંદોનું લોહી જે મુજબ હમેશાં તેને તેઓ આપતા હતા, તે મુજબ કિર્મની પાસે લઇ ગયો અને જેવું કિર્મે પોતાનું મોહડું પેલું લોહી પીવામાટે વકાસ્યું તેવુંજ અર્દશીરે પેલું તાવેલું કાસુ કિર્મનાં મોહમાં રેડયું. (૧૪) તે કિર્મ, જેવું તે કાંસું તેનાં તનમાં પોંહચ્યું તેવોજ બે ભાગમાં ચીરાઈ ગયો, (અને એક) પોકાર એવોતો તેમાંથી નિકળ્યો કે જે માણસો તે કિલ્લામાં હતા તે સઘલાઓ ત્યાં આવી પોંહચ્યા, અને

કિલ્લામાં (એક મોટો) ગભરાત થઇ પડયો. (૧૫) અર્દશીરે (તુરતજ) પોતાનો હાથ ઢાલ અને તલવાર ઉપર નાખ્યો અને જબરી મારામારી તથા કાપાકાપી તે કિલ્લામાં ચલાવી અને ફરમાવ્યું કે "આતશ (રોશન) કરે કે જેથી ધુંવાડો પેલા સ્વારોની નજરે પડે;" તેના નોકરોએ તે મુજબ કીધું. (૧૬) અને જે સ્વારો પાહડમાં (છુપા) હતા તેઓએ લડાઇની (નિશાની તરીકે) જ્યારે કિલ્લા ઉપરથી ધુંવાડો નિકલતો જોયો તેજ વખતે હુમલો કરવાને તે કિલ્લાનાં ઠડમાં અર્દશીરની મદદે આવી પોંહચ્યા, અને કિલ્લાના રસ્તામાં આડા પડયા (તુટી પડયા) અને પોકારવા લાગ્યા કે "ફતેહમંદ! ફતેહમંદ થાઓ! બાબકનો અર્દશીર શાહાનશાહ! જેણે શમશીર ઉપર હાથ નાખ્યો છે. (૧૭) અને દુજના ઘણા એક માણસો માર્યા ગયા, અથવા નાશભાગ કરતાં અને લડાઇમાં લડતાં કિલ્લા ઉપરથી પડી ગયા, અને બાકીના બીજાઓ પોતાના જીવનુ રક્ષણ ચાહીને તે (અર્દશીર)ની તાબેદારી તથા ફરમાનબરદારીમાં આવ્યા.

(૧૮) અર્દશીરે તે કિલ્લાને ખોડી કાહડવાને તથા વેરાંન કરવાને ફરમાવ્યું અને ત્યાં એક કસબો જેને કુલાલાન કરી કેહ છે તે બરપા કીધો, અને સાત આતશ બેહરામ તે જગાએ સ્થાપયા, અને દોલત અને માલમતા અને સોનું રૂપું તે કિલ્લામાંથી એક હજાર ઉંટ ઉપર લાદીને દુબાર (એટલે દવાન નામે એક ગામ)માં રવાને કીધું, અને બુર્જ અને બુર્જઆદરને, તેઓની નેકીનો બુજોરગ બદલો, જાનફેશાની કરનારાઓના અંદાજા મુજબનો આપ્યો, અને તે જગાએ એક કસબો (વસાવીને) તેઓની સરદારી તથા હકુમતમાં સોપ્યો.

(૧૯) તે કિર્મના માર્યા ગયા પછી, અર્દશીર પાછો દુબાર (દવાન નામે ગામ) તરફ આવ્યો. (૨૦) તેણે લશકર તથા ખજાનો કિર્માન તરફ (મોકલ્યો) (અને) પોતે બાર્જાનની[1] લડાઇમાં ગયો.

---

૧. [illegible] (બાર્જાન) કિર્માનની નજદીક આવેલાં કોઇ શેહરનું નામ છે. એ બોલ જેમ આ કારનામામાં કિર્માનના સંબંધમાં આવેલો છે તેમ વંદીદાદની ૧ લી પર્ગરદના ફકરા ૭૧માં પણ એજ બોલ [illegible] (બારીજ) કરીને કિર્માનની સાથેજ આવેલો છે. એ 'બાર્જાન' આગલા વખતમાં 'તબરિસ્તાનને' માટે વપડાતું નામ હોય—એમ લાગે છે.

બાબ ૧૪ મો.

અર્દશીરની અર્દવાનની બેટી સાથની હકીકત, તથા તેણીએ તેને જેહર આપવા વિષે.

(૧) અર્દવાનના[1] બેટાઓમાંના બેને તે (અર્દશીર) પોતાની સાથે રાખતો હતો અને બે નાસીને કાબુલના પાદશાહ પાસે જઇ રહ્યા હતા. (૨) તેઓએ પોતાની બેહેન જે અર્દશીરની ઓરત હતી તેના ઉપર એક નામું લખીને પએગામ મોકલ્યો કે "જ્યારે તું તારાં પોતાનાં મોત (ની ધાસ્તી)ને લીધે, જેઓ કે તારાં તોખમનાઓ[2] હતા તેઓને, આ ગુનેહગાર અને ખુદાના દુશમને

---

૧. અર્દવાન ૪ થો (Artabanus IV), એ ૪ થા વલ્ખશ (વલાશ, બલાશ તથા પલાશ) (Volagases IV)નો છોકરો અને અરશ એટલે અશકાન્યાનના ખાન્દાનનો છેલ્લો પાદશાહ હતો, ઈસવી સને ૨૨૬ માં અર્દશીર બાબકાને એના ઉપર ફતેહ મેલવીને ઈરાનનો પાદશાહ થયો. આ કારનામા તથા શાહનામા મુજબ એના ૪ છોકરા હતા. એ ચારે છોકરાઓના નામ કેઠબી મલતાં નથી. શાહનામામાં ફકટ એક વડા બેટાનું નામ 'બહમન' કરીને મલે છે, જેણે બાબકના મરણ પછી થોડો વખત પાર્સમાં હાકેમી ચલાવી હતી. એ ચાર છોકરાઓ મધેથી બે નાહના છોકરાઓ અર્દશીરના કએદખાનામાં પડેલા હતા અને બે વડા છોકરાઓ બહમન તથા બીજો એક તેનાથી નાહનો, અર્દવાનના માર્યા જવા પછી નાસી ગયા હતા. શાહનામા મુજબ તેઓ હિંદુસ્તાન ગયા હતા અને આ કારનામામાં જણાવ્યા પ્રમાણે તેઓ કાબુલના પાદશાહની દરબારમાં જઇ રહ્યા હતા; પણ બીજી તવારીખોમાં જણાવવા મુજબ એ છોકરાઓ આરમીન્યામાં પોતાના કાકાના આશ્રા હેઠલ જઈ રહ્યા હતા, જેણે અરશના ખાન્દાનનું રાજપાત અર્દશીરના હાથમાંથી પાછુ મેલવવા લશકર ભેગુ કરીને તેની સાંબે લડવા મોકલ્યું હતું પણ તે તેમાં ફાવ્યો નહીં. બે છોકરાઓ અર્દશીરના કબજામાંથી નાસી ગયા તેની જગા આ કારનામાના ફકરા ૧ લામાં [illegible] અને ફ. ૩ જામાં [illegible] કરી લખેલી મલે છે. એ બોલો જેમ 'કાપુલ' અને 'કાપુલાન' વાંચી શકાય છે તેમજ 'કાજર' તથા 'કાજરાન'બી વાંચી શકાય છે. ફારસીમાં کازران તથા کازرون (ગાજરાન અથવા ગાજરૂન=Kazerun) નામે પાર્સને તાલુકે, શાપુર ખુરેહમાં, આવેલાં એક શેહરનું નામ મલે છે; પણ તે આ જગાએ બંધ બેશતું લાગતું નથી.

૨. [illegible] (જક ઇ અમત નફ્રેમન તોખ્મકાન) એ વાકય [illegible] (જક ઇ નફ્રેમન હમતોખ્મકાન) અથવા [illegible] (જક ઈ હમતોખ્મકાન ઇ નફ્રેમન) વાંચવો અત્રે બંધ બેશતું છે. નકલ નવેસની ભુલથી [illegible] બોલ વચમાં લખાયલો હોય—એમ લાગે છે. એજ [illegible] (હમતોખ્મકાન) બોલ પાછો એજ બાબના ફ. ૬ ઠામાં આવેલો છે.

નાલાયક મોતે મારી નાખ્યા તે તું ભુલી ગઈ ત્યારે તમો ઓરતોને માટે જે કેહવામાં આવે છે (કે ઓરત જાત બેવફાછે) તે ખરૂં છે. (૩) તુંએ જે મોહબત અને પ્યાર પેલા તંગીમાં આવેલા (અથવા ફરયાદ કરનારા) ભાઇઓ જેઓ દુ:ખ અને સખ્તી, ધાસ્તી, બીક અને બેઇજતી સાથે, પરદેશીની હાલતમાં (દેશવટો ભોગવનારા તરીકે) કાબુલ શેહેરમાં ગિરફતાર છે, અને પેલા બે બદબખ્ત તારા ભાઇઓ જેઓ આએ મેહર દરૂજના કેદખાનાના બંદમાં સજા ભોગવેચ અને જેઓ પોતાનાં મોતની મુરાદ ચાહેચ—તેઓ ઉપર (રાખવો જોઇયે તે નહિ રાખતાં) તે સઘલાઓને તુંએ નિશાનથી છોડી દીધા છે (એટલે તેઓને ઓલખતી વટીક નથી). (૪) તુંએ તારૂં દેલ પેલા મેહર દરૂજ અર્દશીરની સાથે મજબુત કીધું છે, અને તેથી તને કઇબી દુ:ખ કે ગમ તે (કેદ પડેલા ભાઇ) ઓનો કે અમારો (તદન) નથી. (૫) માર્યો જજો તે શખ્સ કે જે આજ પછી કોઇબી ઓરતને માટે જેહાનમાં બેઅંદાજે મગરૂર થતો હોય.

(૬) હવે (કેહવાની જે જરૂરની વાત છે તે) એ છે કે, તને જો અમારા ઉપર કઈબી મેહરબાની હોય તો અમારા (છુટકારાનો) ઈલાજ શોધ, અને બાપનો અને બેશાવંદાનો અને પોતાના તોખમનાઓનો કીનો ભુલી મા જા, અને આ જેહર જે અમોએ અમારા પોતાના આ વિશ્વાસુ માણસ સાથે તારી પાસે મોકલ્યું છે તે એ માણસ પાસેથી તું લેજે; (૭) અને જયારે તું શકિતવાન થાય (એટલે જયારે તને તક મલે) ત્યારે, ખાનાની આગમજ, પેલા ગુનેહગાર અને મેહર દરૂજ (અર્દશીર)ને આપજે કે તેથી તુરત તે મરી જશે, અને તું પેલા બંધે કેદ પડેલા ભાઇઓને છુટા કરજે, અમો પણ પાછા પોતાના શેહેર અને જમીન અને જગાએ આવીશું, અને (આ કામથી) તારૂં રવાન બેહશતી થશે અને તું પોતાનું નામ જાવેદાન સુધી કાયમ કરશે, અને બીજી ઓરતો જેઓ દુન્યામાં છે તેઓ તારાં આ નેક કામથી વધારે નામદારીવાલી અને વધારે માનીતી થશે.

(૮) અર્દવાનની બેટીએ, જ્યારે એ રીતનું નામું, જે પેલાં જેહર સાથે તેણીની ઉપર મોકલેલું હતું, તે જોયું ત્યારે વિચાર કીધો કે એ મુજબ કરવું જોઇયે અને તે ચારે બદબખ્ત ભાઇઓને બંદથી છુટા કરવા જોઇએ.

(૯) એક દિવસે અર્દશીર શિકારેથી ભુખ્યો અને તરસ્યો ઘરે આવ્યો. (૧૦) તેણે બાજ ધરેલી હતી, અને કનીજકે તે જેહર પસ્ત[3] અને શાકર સાથે મેલવ્યું અને તે અર્દશીરના હાથમાં આપ્યું અને કહ્યું કે આ ગજા[4] બીજા ખોરાકની (આગમજ) ખાવું ફરમાવો, કારણ કે તે ગરમી અને મેહનતથી (ઉપજેલી થાકને માટે) ગુણગારૂં છે. (૧૧) અર્દશીરે તે લીધું અને ખાવાની ઇચ્છા કીધી.

(૧૨) એવું કહેછે કે ફતેહમંદ અને ખુરેહમંદ આદર-ફ્રેનો-બગ એક લાલ મરઘાની[5] માફક ઉડયો અને (પોતાની) પાંખ પેલાં પસ્ત ઉપર મારી, અને તે જામ, સઘલાં પસ્ત સાથે, અર્દશીરના હાથમાંથી, જમીન ઉપર પડી ગઇ. (૧૩) અર્દશીર અને (તેની) ઓરત એ બંધે જણે જયારે આવી રીતનો (બનાવ) જોયો ત્યારે

---

૩. [illegible] (પિસ્ત) જવના ભુજેલા આતાની અંદર શાકર વગેરે નાખીને બનાવેલી ખાવાની વસ્તુ. જુવો શાહનામાનો ઉતારો પેજ ૨૬ મો લાઇન ૨૫-૨૬.

૪. [illegible] (કુજ્દ) એ બોલ ખરી રીતે [illegible] (કજ્ગ) વાંચવો જોઇયે. મીનોખેરદ, પુર્સેશ ૧ લીના ફ૦ ૧૫૬ માં એજ બોલ આવેલો છે, ત્યાં એ બોલ મેદયોજરેમ રોગનના મુરાદેફ તરીકે અથવા મેદયોજરેમના જેવાજ ખોરાક તરીકે વપડાયલો જણાય છે. મેદયોજરેમ રોગન નામનો ખોરાક દુધમાંથી બનેલો જણાવવામાં આવેલો છે. જો ઉપલો [illegible] (કજગ) બોલ મેદયોજરેમનો મુરાદેફ અથવા તેના જેવોજ ખોરાક હોય તો તે ફારસી کشک (કશ્ક એટલે દુધની છાશને સુકવીને તેમાંથી પનીર જેવા એક સ્વાદિષ્ટ બનાવેલા ખોરાક) ને મલતો લઈ શકાય. એ ફારસી کشک (કશ્ક) પેહલવી [illegible] (કજ્ગ) ઉપરથીજ નીકલેલો લાગે છે.

૫. [illegible] (ખરૂહ=મરઘો), એ બોલ ખરી રીતે [illegible] (ખરૂસ) લખાવો જોઇયે; ફારસીમાં પણ એ બોલ એ પેહલવી ઈમલા પ્રમાણેજ અપભ્રંશ થએલો મલે છે. ફારસીમાં خروس, خروج, خروه અને خرو એવાં ચાર રૂપે લખેલો જોવામાં આવેછે. બુન્દહિશ્નના બાબ ૧૪ મામાં એજ બોલ [illegible] (અર્વા) કરીને આવેલોછે, ત્યાં તેનો અર્થ યુસ્તી તથા ડૉકટર વેસ્તે ગરૂડ પક્ષી (eagle) કીધો છે; પણ એનો ખરો અર્થ ઉપલા ફારસી બોલોને

ધ્રુજવા લાગ્યાં, અને બિલાડી અને કુતરૂં જે તે ઘરમાં હતાં તેઓએ તે ખોરાક ખાધો અને તુરત મરી ગયાં. (૧૪) (તે ઉપરથી) અર્દશીર સમજ્યો કે તે જેહર હતું અને મને મારી નાખવાને સારૂં તૈયાર કીધેલું હતું.

(૧૫) તુરતજ (અર્દશીરે) મોબદાન મોબદને પોતાની પાસે બોલાવી મંગાવ્યો અને પુછ્યું કે, "એર્વદ! (જે કોઇ) કે પાદશાહોનો જીવ લેવાની કોશેશ કરે તેને તું કેવો ગણે છે અને તેને શું કરવું જોઇયે"? (૧૬) મોબદાન મોબદે જવાબ આપ્યો કે "(ઓ શાહ!) તું અમર્ગ રેહજે! અને (હમેશાં તારી) મુરાદે પોંહચજે! જે કોઇકે પાદશાહોનો જીવ લેવાની કોશેશ કરે તે મર્ગર્જાન (મોતની સજાને લાયક) છે અને તેને મારી નાખવો સજાવાર છે." (૧૭) અર્દશીરે ફરમાવ્યું કે "આ બદકાર, જાદુગર, દર્વંદ અને નીચથી જન્મેલી (ઓરત)ને ઘોડાઓના તબેલામાં[૬] લઈ જા અને એને મારી નાખવાનો હોકમ ફરમાવ."

(૧૮) મોબદાન મોબદે તે ઓરતનો હાથ પકડયો અને બાહેર આવ્યો. (૧૯) તે ઓરતે કહ્યું કે "આજે સાત માસ થયા હું હમેલદાર થયલી છું, (એ વિષે) અર્દશીરને તમો વાકેફ કરો; (૨૦) અગરચે હું મર્ગર્જાન છું પણ આ ફરજંદ જે

મલતોજ 'મરઘા' નો થવો જોઇયે, કારણ કે આગલા વખતમાં દરેક જરથોશ્તીના ઘરમાં 'મરઘો' રાખવાનો રેવાજ હતો. વંદીદાદની ૧૮ મી પર્ગરદમાં એ જાનવરને 'પરોદર્શમેરેઘ' નામે, સરોશ અશોના મદદગાર તરીકે જણાવેલો છે. પેહલવી તરજુમામાં પણ એનું નામ [illegible] (=خروس) એટલે મરઘો આપેલુ' છે. એનું કામ માણસોને અશોઇના કામોમાં મશગુલ થવા સારૂં પાછલી રાતે જાગૃત કરીને ઉઠાડવાનું છે. વલી એજ પર્ગરદમાં જણાવેલું છે કે જે કોઇ એ 'પરોદર્શમુર્ગ' (એટલે મરઘો) અશો માણસને ભેટ તરીકે આપે છે તે મોટા સવાબનો બદલો હાસેલ કરે છે.

૬. [illegible] (અસ્પખુર)=ઘોડાઓને ઘાસ ખાવાની જગા એટલે ઘોડાઓનો તબેલો. એ બોલ બરોબર રીતે [illegible] (અસ્પ-આખુર) લખાવો જોઇયે. આગલા વખતમાં ગુનેહગારોને સજા કરવાને સારૂં ઘોડાઓના તબેલામાં મોકલવામાં આવતા હતા અને ત્યાં તેઓને પાદશાહ કે દાવરના હોકમ મુજબ સજા કરવામાં આવતી હતી; હાલ પણ ઇરાનમાં એ રેવાજ જારી છે. એ [illegible] બોલને જો 'અસ્પાનવર' વાંચીયે તો તેને મલતો ફારસીમાં اسپانبر (અસ્પાનબર) મલે છે જે નોશીરવાન આદેલે વસાવેલાં એક શેહરનું નામ છે.

મારાં પેટમાં છે, તેનેબી મર્ગર્જાન ગણવું જોઇયે?" (૨૧) મોબદાન મોબદે જ્યારે આ સખુન સાંભલ્યો ત્યારે પાછો અર્દશીરની પાસે ગયો અને કહ્યું કે "તું અમર રહેજે (ઓ શાહ)! આ ઓરત હમેલદાર છે માટે જ્યાં સુધી કે (તેનું બચ્ચું) જન્મ પામે ત્યાં સુધી એને મારી નાખવી સજાવાર નથી. (૨૨) કારણ કે જોકે તે (ઓરત) મર્ગર્જાન છે પણ તે ફરજંદ જે તમો બગ (એટલે પાદશાહ)નાં તોખમથી (તેણીનાં) પેટમાં છે તેને મર્ગર્જાન ગણવું અને (તેણીની સાથે) મારી નાખવું નહિ જોઇયે." (૨૩) અર્દશીર (આ વખતે) ગુસ્સામાં હતો તેથી તેણે કહ્યું કે "કંઈબી વખત ઢીલ મા કર અને તેણીને મારી નખાવ."

(૨૪) મોબદાન મોબદે જાણ્યું કે અર્દશીર (હાલમાં) ઘણો ગુસ્સામાં છે અને તેથી પાછલથી તે પશેમાન થશે. (૨૫) તેણે તે ઓરતને મારી નખાવી નહી અને તેણીને તે પોતાને ઘરે લઇ ગયો અને છુપી રાખી. (૨૬) તેણે પોતાની ઓરતને કહ્યું કે "આ ઓરતને પ્યારથી રાખજે અને કોઇનેબી એ વિષે કંઇબી કહેતી મા."

બાબ ૧૫ મો.

અર્દવાનની બેટીથી શાહપુરના જનમવા અને સાત વરસ પછી તેને માટેની અર્દશીરને ખબર પડવા તથા તેને પીછાણવા વિષે.

(૧) જ્યારે જણવાનો વખત નજદીક આવ્યો ત્યારે તેણીએ (અર્દવાનની બેટીએ) એક ઘણાજ લાયક બેટાને જન્મ આપ્યો. (૨) તેનું નામ શાહપુર રાખ્યું તે સાત વરસની ઉમરે પુગ્યો ત્યાં-સુધી તેની ઘણી સારી રીતે પરવરશી કીધી.

(૩) અર્દશીર એક દિવસે શિકારે ગયો હતો, (ત્યાં) તેણે (પોતાનો) ઘોડો એક ગુરની માદા ઉપર છોડયો, એટલામાં તે ગુર

